
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ આડત્રીસમું · અંક પહેલો · જાન્યુઆરી ૧૯૬૧
તંત્રી · બચુભાઈ રાવત
૪૪૫



તેરમી સંવત્સરીના સ્મરણમાં

બાળકને પથારીમાં પેશાબ

સામાન્યરીતે, બાળકોએ ત્રણી રૂ વર્ષની ઉંમરમાં પેશાબ કરવા ઉપર પૂરતો અંકુશ મેળવી લીધો હોય છે. આમ છતાં, આ ઉંમર પછી પણ, કેટલાંક બાળકોને પથારીમાં પેશાબ થઈ જવાનો (Enuresis) સંભવ રહે છે. આપના બાળકને જો આમ થઈ જાય તો તે બદલ તેને ધમકાવશો નહિ. કારણ કે મોટા ભાગે પથારીમાં પેશાબ થઈ જવો, તે તેના અંકુશની બહાર છે, અને તેના આ નબળાઈના રોગને નાબૂદ કરવા માટે, તેની યોગ્ય સારવાર કરવાની જરૂર છે. આ રોગ માટે પંદર દિવસનો (ગોળીઓનો) સંપૂર્ણ કોર્સ આપને રૂ. ૧૪.૬૦ ન. પૈ. માં (વિદેશોમાં ૩૦ શીલીંગ) રજીસ્ટર્ડ પોસ્ટથી ઘરબેઠા મળી શકે છે. આ કોર્સ સર્વે આગેવાન દવાવાળાઓને ત્યાં મળી શકે છે. અથવા લખો :—

ચરક ભંડાર, ક્લુબ રોડ, મુંબઈ-૭

નેવા પીલ્સ

નં. ૧ સીલ્વર પેટ નં. ૨ ગ્રીન પેટ



સુલેખા પેન

મતાપૂ ર્ણક કાર્ય માટે

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ -

પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ

કાંદીવલી (મુંબઈ એસ. ડી.)

લોકલ સેલ : ૧૨, શામસેટ સ્ટ્રીટ - મુંબઈ-૨

ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી
હિંદભરના તથા પરદેશના
આપની પસંદગીના કોઈ પણ
અઠવાડિક, પાક્ષિક કે માસિકનાં લવાજમ
પ્રકાશકના દરે અમે સ્વીકારીએ છીએ.

સૌરભ પુસ્તક ભંડાર

પાદશાહની પોળ સામે, મેડા ઉપર,
૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ

નોંધ : દેશ તથા વિદેશનાં ૫૦૦ ઉપરાંત મેગેઝીનોનું લિસ્ટ મેળવવા ૨૫ નયા પૈસાની ટિકિટ મોકલો.

અનુક્રમણિકા

જાન્યુઆરી ૧૯૬૯ - અંક ૪૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★સપ્ટેમ્બર અંકમાં સમય માપવા માટે આદિમ યુગથી આધુનિક યુગ સુધી માનવ જાતે કરેલા પ્રયાસોનો સુંદર ચિતાર આપવા માટે અભિનન્દન. કાલગણના-વિષયમાં બીજા દેશોના પ્રમાણમાં પ્રાચીન આર્યોએ ઘણી પ્રગતિ કરી હતી એમ અમરકોશના નીચેના બે શ્લોકોમાં આપેલા કાલગણના-કોષ્ટક પરથી માલૂમ પડે છે:

अष्टादश निमेषास्तु काष्ठाः त्रिंशत्तु ताः कला
तास्तुत्रिंशत्क्षणस्तेतुमुहूर्तो द्वादशाऽस्त्रियाम्।
ते तु त्रिंशदहोरात्रः पक्षस्ते दश पञ्च च
पक्षौ पूर्वापरौ शुक्ल-कृष्णौ मासस्तु तावुभौ॥

જેમ હાલનું લઘુતમ કાલમાપનનું એકમ સેકન્ડ છે તેમ આર્યોનું લઘુતમ કાલમાપનનું એકમ નિમેષ છે. આધુનિક સમયમાપન સાથે સરખામણી કરતાં ૧ નિમેષ=·૦૧૪૮ સેકન્ડ અથવા ૧ સેકન્ડ=૬૭·૫ નિમેષ થાય.

ઉપર્યુક્ત શ્લોકો પરથી તૈયાર કરેલાં નીચેનાં બે કોષ્ટકો કાલમાપનમાં રસ લેનાર વાંચકોને આનંદ આપશે.

(૧) પ્રાચીન આર્યોનું કાલમાપન

૧૮ નિમેષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૩૦ કલા = ૧ ક્ષણ
૧૨ ક્ષણ = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ રાત્રીદિવસ: ૨૪ કલાક

(૨) પ્રાચીન આર્યોના કાલમાપન સાથે આધુનિક કાલમાપનની સરખામણી

૩૦ મુહૂર્ત = ૨૪ કલાક
૧ મુહૂર્ત = ૪૮ મિનિટ
૧ ક્ષણ = ૪ મિનિટ
૧ કલા = ૮ સેકન્ડ
૧ કાષ્ઠા = ૪/૧૫ સેકન્ડ
૧ નિમેષ = ૨/૧૩૫ સેકન્ડ

નિમેષ જેવી સૂક્ષ્મતમ કાલગણના માટે પ્રાચીન આર્યો પાસે કોઈ વિશિષ્ટ સાધન હતું કે કેમ એ વિષે કોઈ તદ્વિદ્ પ્રકાશ પાડશે તો આભારી થઈશ.

(ભિલોડા) —લક્ષ્મીશંકર અ. જોષી

વાચનના રસિયાઓને અને ખાસ તો વૂડ-કટ કલાકારોને રસપ્રદ થઇ પડે એવું એક પુસ્તક હમણાં જ મારા વાંચવામાં આવ્યું. વૂડ-કટનાં ૧૬૫ ચિત્રો દ્વારા આ પુસ્તકમાં એક નવલકથાનું આલેખન થયું છે. પુસ્તકનું નામ છે Passionate Journey, અને વૂડ-કટના આ જર્મન કલાકાર ને પુસ્તકના લેખકનું નામ છે Frans Masercel. ચિત્રોદ્વારા નિરૂપાએલી આ નવલકથાને સમજવામાં મદદગાર થઇ પડે એવાં ચાવીરૂપ બે અવતરણ લેખકે પુસ્તકની શરૂઆતમાં મૂક્યાં છે. એ આ રહ્યાં :

Behold! I do not give lectures or a little charity. When I give, I give myself. —*Walt Whitman*

...Pleasures and pains, pranks and jests, experiences and follies, straw and hay, figs and grapes, green fruit and ripe fruit, roses and sky-scrapers, things I have seen, read, known, had and lived! —*Romain Rolland*

આ પુસ્તકનો આમુખ વિખ્યાત નૉબેલ-પ્રાઇઝ વિજેતા ટૉમસ માને લખ્યો છે. પુસ્તકને સૌથી ઉત્તમ કેમ માણી શકાય એ સંબંધમાં એક જગ્યાએ નોંધ છે : 'Darken the room. Sit down with this book next to your reading-lamp and concentrate on its pictures as you turn page after page.'

ટૉમસ માનની સમૃદ્ધ ને વિશદ પ્રસ્તાવના અંતમાં વાંચવાથી (ઘણી પ્રસ્તાવનાઓ અંતમાં વાંચવાની જ મજા હોય છે!) આપણી કલા-પારખુ દૃષ્ટિની મર્યાદાનો આંક પણ આપણને મળી રહે છે. આ પુસ્તક એના શીર્ષક પ્રમાણે સાચા અર્થમાં 'Passionate Journery' કરાવે એવું લાગ્યું છે.

(અમદાવાદ) —જ્યોતિષ જાની

સપ્ટેમ્બર અંકમાં 'કંકાવટી' વિભાગમાં 'નાનેરાો સ્પર્શ' શીર્ષક નીચે ઘરને જે સુંદર બનાવવાની રીતો બતાવી છે તે કયા વર્ગને માટે છે? શું આવું સુંદર ઘર ગરીબ ખેડૂતવર્ગ યાને મથીને ગુજરાન ચલાવતા મજૂરવર્ગથી બનાવી શકાશે? તેમાંની સૂચનાઓ શું નાના સ્પર્શ જેવી છે? દા.ત. "આઠઆનાના 'વૉલ બ્રૅકેટ'માં પાંદડાંનાં ઝૂમખાં સાથે મધુમાલતી, ગુલમહોર, જાસુદનાં ફૂલો, ખુલ્લી બાસ્કેટમાં થોડોક મેળ જાળવી ગોઠવેલાં શાકભાજી, ઝૂલવાળા પડદા, નોકરને આપી રાખેલી એકબે સૂચનાઓ" વગેરે. વળી આ વસ્તુઓ ઓછી પડતી હોય તેમ : 'બીજું પણ છે. પણ શરૂઆત આટલી ઓછી વસ્તુથી થઇ શકે છે.' શું ગરીબ ઘરમાં નોકર જોવા મળે છે? કે પછી માલેતુજાર વર્ગને ઉદ્દેશીને જ આ સૂચનાઓ છે?

(માણેકપુર) —બળદેવ ચૌધરી

[✱વર્ગવિદ્વેષનાં ચશ્માંમાંથી ઉતાવળે જોવાને કારણે એ જ ફકરામાંની ઘણી સૂચનાઓ નજર આગળથી સરકી ગઈ લાગે છે : 'ધૂપદાનીમાંથી આવતી અગરબત્તીની સુવાસ', 'ચહેરા પરનું સ્મિત', 'કર્કશતા વિનાની વાતો' વગેરેને માટે શ્રીમંત થવાની જરૂર પડતી નથી. 'આઠ આનાનું વૉલ બ્રૅકેટ' માલેતુજારના ઘરમાં ન હોય, ત્યાં તો આઠ રૂપિયાનું હોય; અને ઝૂલવાળા પડદા શ્રીમંતો 'ફાટેલી સાડીમાંથી' ન બનાવે. ધૂપદાની માટીની પણ મળે છે, અને ફૂલદાન તો સાદા પ્યાલાનું પણ બનાવી શકાય, જેનાં ફૂલો માટે ગામડાંમાં પૈસા નથી બેસતા : બાગોળે મધુમાલતી જાસુદ ન હોય તો આવળ ને જંગલી વેલા તો હોય જ. મુખ્ય મુદ્દો તો આ બધાં પ્રત્યે અભિમુખ થવાનો છે.]

★ડિસેમ્બરના અંકમાં 'વિમાનનો વડવો પતંગ' લેખ વાંચી થોડો વધુ પ્રકાશ ફેંકું છું:


પતંગની ઉત્પત્તિ ચીનમાંથી થઈ છે. ઘણા દાયકા પહેલાં રાજાઓ લોકપ્રિયતા મેળવવા વર્ષમાં નિયત દિવસે, વિશાળ મેદાનમાં, કિંમતી ચીજો અને રૂપિયા પતંગ સાથે બાંધી ખૂબ ઊંચે ચડાવી છોડી દેતા, જે ગરીબ લોકો લૂંટતા અને લૂંટેલી પતંગને સાચવી રાખતા. ગરીબોને મન આ ઉત્સવદિન બન્યો. તે પછી રાજાનું જોઇને અમીરોએ પણ પતંગો ચગાવવી શરૂ કરી, જેમાં આશય તો આડકતરી રીતે ગરીબોને મદદ કરવાનો જ હતો. ત્યાર પછી આ ઉત્સવે રાષ્ટ્રીય સ્વરૂપ પકડ્યું. આમ વર્ષનો નિયત દિવસ સામાજિક ને રાષ્ટ્રીય સ્વરૂપે બહાર આવ્યો, અને આજે ય પતંગોના વિધવિધ આકાર સૌથી વધુ ચીનમા છે.

(માંકવા) —પ્રફુલ્લ ભારતીય

'સાહિત્યસંપર્ક'માં 'આરત'ના ટિપ્પણના લેખક તરીકે નાથાલાલ 'દવે' નહિ પણ નાથાલાલ 'દત્તાણી' જોઇએ. એ ભાઈનું તા. ૮-૧૨-૬૦ના દિને કૅન્સરની લાંબી બીમારીથી એકત્રીસ વયની વયે અવસાન થયું ●


(પોરબંદર) —દેવજી રા. મોઢા

[●આ સમાચાર જાણીને અમારી માફક સૌ સાહિત્યરસિકોને ખેદ થશે. 'કુમાર'મા પણ ભાઈ દત્તાણીએ અગાઉ લખેલું છે.]




શ્રી મુખર્જીએ જળરંગ, માટીરંગ, તૈલરંગ, ભિત્તિ-ચિત્રણા, વૂડકટ, એચિંગ, લીથોગ્રાફ, શિલ્પ એમ અનેક કલાપ્રકારોમાં નિરૂપણ કર્યાં છે. મથાળે: કેવળ કાળી શાહીથી કરેલો 'બારમાસી' છોડનો લેખન ઝડપી સ્કેચ; નીચે: વિવિધરંગી કાગળોના કાપલા ચોડીને સર્જેલું ચિત્ર.





બંગાળનું ગ્રામ દશ્ય: વિનોદવિહારી મુખર્જી

'દૂબળી ઊંચી ખજૂરીઓ, નિબિડ વૃક્ષરાજિ ને મથોડું-ઊંચા ઘાસની પાછળથી ડોકિયાં કરતાં નાનાં નેસ-ગામડાં—બંગાળના બિરભૂમ જિલ્લાનો એ પ્રદેશ: ઘડી વર્ષામાં શ્યામ, ઘડી પાનખરમાં પીત, તો ઘડી ગ્રીષ્માગમે કેસરી પલાશ ને શાલ્મલિ પુષ્પોથી હિલોળા લેતું એ બિરભૂમ! ત્યાંનો પાતળી કાઠીનો ગ્રામવાસી, બંગાળની નાના કદની ગાય ને ઠીંગણાં બકરાં-એ બધું એમના ચિત્રફલકનો સદાનો વિષય બની રહ્યું...' (જુઓ આ અંકની 'કલાવાર્તા')



કુવા કાંઠે

ઓગણીસમી સદીની અધવચ્ચેનું રાજસ્થાનીઃ જયપુરી શૈલીનું ચિત્ર
શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇનાં કલાસંગ્રહમાંથી

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૮ · અંક ૧ · જાન્યુઆરી '૬૧ · સળંગ અંક ૪૪૫

અંધારું

· શિખરિણી ·

હવે ધીમે ધીમે નગર પર અંધારું ઊતરે;
ઝિલાતું દીવાની પીઠ પર, છુપાતું અહીં તહીં
ખૂણા ખાંચાઓમાં, દ્રુત વહી જતાં વાહનતણી
ગતિમાં છાયાની સડક પર છાનું સરકતું.

અહો કેવાં કેવાં રૂપ રજનીમાં સ્વૈર ધરતું
રમે છે અંધારું શરમ મૂકી, આંખો સૂરજની
મીંચાતાં! ગર્ભે જે દિનભર સ્ફુરંતું હળુહળુ
પ્રવૃત્તિના, જન્મી પળ મહીં જતું રાક્ષસ બની!

અહીં વેશ્યાઓને નયન ચળકે કાજળ બની
અને હૈયાપાત્રે વિષયભૂખ રૂપે તરવરે,
લપાઇ સૂતું જે દિવસભર કો વન્ય પશુ શું
ગુફાઓમાં, ઊઠી નિજ ભરખ કાજે ભમી રહે.

હવે ધીમે ધીમે નગર પર અંધારું ઊતરે;
મહાપંખીપંજે લઘુક દ્યુતિનું બચ્ચું તફડે.

જયન્ત પાઠક

અધિકતર

· શિખરિણી ·

શિયાળે થીજેલા બરફ સમ વાતાવરણના
પ્રગાઢા વીંધીને થર, અયુત કૈં જોજન થકી
પધારે હૂંફાળું કિરણ, ઝટ હું આંગણ સરી,
રહું માણી ઉષ્મા મૃદુલ તડકાની મનભર!

ઉનાળામાં રાતે લઘુક ઘરની ઓસરીમહીં
પથારીમાં સૂતો અમિત નભસૌંદર્ય નીરખું,
વહે રોમેરોમે પરશી શીત લ્હેરો અનિલની,
ફરે અંગુલિઓ ફૂલહળવી શું ચંદનભીની!

અષાઢે લંબાવી કર, કહીંક બારીથી ઘરની,
રહું ઝીલી ફોરાં ટપટપ હથેળી છલકતાં;
ઊભીને વા નેવાં સમીપ જલવાયુની રમણા–
તણી શીળી આછી ઝપટથી લહું મુગ્ધ શમણાં!

ઋતુઓ સૌ ચાહું, પણ અધિક ચાહું મન મુજ,
દીસે જે કૈં ચ્હાવા સરખું–કરી જે લે ઝટ નિજ!

જશવંત લ. દેસાઈ

...ને

· પૃથ્વી ·

સુકેશ, રૂપ, રાગ, રંગ વળી અંગ આ ઘાટીલાં,
અને હરિણબાળ શી ચપળ ચાલ આ વેગીલી,
મનોહર દગો કશાં પરમ નેહની જાહ્નવી,
સુયોગ્ય ઉપમા ય ના ઉર મધુરને ન્યાય દે.
સ્વયં જ ઉપમાન જ્યાં અવર ત્યાં અલંકાર શા?

મેઘનાદ ભટ્ટ

પ્રાર્થના

· શિખરિણી–અનુષ્ટુપ ·

પ્રભો, તારી શક્તિ અપરિમિત તો યે નવ દિયે
મને નાનો શો યે કણ, તવ જશો ના કૃપણ કો!
પ્રભો, જાણે તું તો અખિલ જગની સર્વ ઘટના;
અજાણ્યો તો યે તું મુજ દુઃખ થકી સાવ દીસતો!

ક્ષમા દેનારો તું સરવ જનના દોષ વીસરી,
છતાં લાગે દોષે મુજ, સતત તું જાગ્રત અહા!
દયા કેરો તું તો સમદર, પરંતુ નવ મને
હજી છાંટો એનો કદી ય મળિયો; શી અવકૃપા!

પ્રકાશે તું વિશ્વે; તિમિર પણ ચોમેર મુજને
રહ્યું ઘેરી, દીસે લગીર પણ ના મારગ કશો!
કહે: તું તો વ્યાપ્યો અણુઅણુ મહીં, તો મુજ મહીં
નથી શું બેઠો કે સહન કરતો કાયર જશો?

અંશ જો તાહરો હું, તો સર્વ તારા ગુણોતણો
વિનિયોગ ઘટે, સાર્થ યોગ એમાં જ આપણો!

જશભાઈ કા. પટેલ

યૂરોપી ફૂલો

· શિખરિણી ·

અહો! અંજાણ્યાનો, અપરિચિતનો શો પરિચય!
સ્ફુરે નામોલ્લેખે પણ શરીર રોમાંચ વિપુલ,
દીઠું–જાણ્યું તેની જરી ય અમથી ઓળખ નહીં;
મને ના વસ્તુના નિયત અરથે મુદ્દલ રસ.

કશું નામો કેરું કુતૂહલ મને! વિસ્મય મને!
અહીં બેઠાંબેઠાં દૂરસુદૂર યૂરોપી ભૂમિના
અજાણ્યા ઉદ્યાનોનાં, જનપદ–સરોનાં કુસુમના
નર્યા નામોલ્લેખે તડપી ઊઠતા પ્રાણ વિવશ;

યુરોપી વાડોની ટ્યુલિપ-કલી, હોથોર્ન ફૂલની
અહીં આવે મારા ઘરભીતર શી ઉગ્ર સુરભિ!
મને ડૅફોડિલો હરીભરી ખીણોમાં હરી જતાં,
અને વાયોલેટે દલપરિમલે લોટતું મન;

રૂડાં લૅબરિન્થો! અપરિચયની પાલખીમહીં
અજાણી સીમોમાં મનભૅવરને જાય જ વહી.

ઉશનસ્

સખાને

· શાર્દૂલવિક્રીડિત ·

હો યે જો જનરંજને નિજ 'અહં' સંતોષવાની સ્પૃહા
તો ઉછાળ પલોંઠિયે*જળ, ભલે રે' જે સપાટી પરે.
લેવો જો જળતાગ તો પ્રિય સખે! લોકૈષણાને તજી
સીધો જા સસરાટ છેક તળિયે તું કોશિયાથી* પડી.

મુકુન્દરાય વિ. પારાશર્ય

*પાણીમાં પડવાની તારાઓની બે રીતિઓ

દ્વિધા

· ગાન ·

મારા નેણમાં સમાવ્યા નંદલાલને રે
મારી મટુકીમાં જમુનાનાં નીર,
હું તો કોને ઢોળું ને કોને સંઘરું રે.
મારાં પગલાં મંડાય ગામની દિશે રે
હૈયું તલખે વૃંદાવનની કુંજ,
હું તો કઈ દશ છાંડું ને ક્યહીં સંચરું રે.
ઘરે મોડી પડું તો માડી કોપશે રે
વને વીંધે છે મોરલીનો સૂર,
હું તો કોને ભૂલું, ને કોને સાંભળું રે.
મારે હોઠે નનૈયો લોકલાજનો રે,
મારું હૈયું, ઓ સાંવરા, અધીર!
હું તો શું રે છુપાવું ને શું કહું રે!

હરીન્દ્ર દવે

વ્યથા

· ગાન ·

મેં વ્યથા વધાવી સ્નેહે,
વણઇચ્છયો અતિથિ આવ્યો આ
છો મુજ દરિદ્ર ગેહે...મેં૦
કાય હતી ઓળગતી વિરહે
કરુણામય! તવ નિશદિન;
કૃપા થઇ તવ, દર્દ મળ્યું અવ
તુજમાંહે કરતું લીન;
આતમ એકાકાર થશે જો
ભેદ હશે ના દેહે...મેં૦
સમદરજલ તપતાં તો ચડતાં
મીઠાં થઇ અંબરમાં,
સીમા નિજની છેદે તે તો
ભળતું સચરાચરમાં;
વ્યથામહીં વરસી વત્સલતા
મંગલમયના મેહે...મેં૦

ગીતા પરીખ

ચાંદરણું

· મિશ્ર ·

આ ક્યાંકથી
નીરવ સ્તબ્ધ રાત્રિમાં
ઝૂકી રહ્યો અર્ધશતાબ્દી કેરો
મારો જૂનો ચંદરવો; હજીયે
એનાં અહીં-ત્યાં ચમકંત આભલાં!
ને માંહીથી કૈં નીરખું તહીં છબી
અજાણી જાણે!–મુખરેખ તો યે
પ્રત્યેકની આત્મીય જેવી લાગતી!...
ચંદરવો ન આભલાં...
સ્પર્શી રહું ઊઝરડા ગત જિંદગીના!

અરુણ દવે

હું સ્નેહરૂપે વિરહ કેરી જ્યોતમાં જલતો જઉં,
કે કો'ક 'દિ તો મુજ પ્રિયાની આંખનું અંજન થઉં.

યોગેન્દ્ર વ્યાસ

વિચાર વિશેષ

ગુજરાતનો વારસો અને સાધના

ઇતિહાસના વિશાળ પટમાં તો ગુજરાતે હિંદના જ નહિ, બલ્કે જગતના વિકાસમાં અનોખો અને મહાન ભાગ ભજવ્યો છે. ગુજરાત એ તો હિંદ અને જગત વચ્ચેના વ્યવહારનું મહાદ્વાર રહેલું છે; એટલું જ નહિ, ગુજરાતની સત્વસમૃદ્ધિ એવી રહેલી છે કે જેમાંથી એણે જગતને ઉત્તમોત્તમ વસ્તુઓ આપેલી છે. જીવનનાં કેટલાંક ઉદાત્ત દર્શનો ગુજરાતમાં પ્રગટ્યાં છે; કેટલીક સાધનાઓ —ખાસ તો આજના યુગની, એને ત્યાં જ મંડાઈ છે. ગુજરાત સિદ્ધો, તપસ્વીઓ, આર્ષ દ્રષ્ટાઓ અને યોગીઓનો દેશ રહેલો છે. ભૌતિક ક્ષેત્રમાં, રાજકીય મુત્સદ્દીગીરીમાં, વ્યાપારવિદ્યામાં, વિજ્ઞાનમાં, કળા અને સૌન્દર્યનાં ક્ષેત્રોમાં, રસ અને ભક્તિના પ્રદેશોમાં, વીરતા અને ત્યાગની ન્યોછાવરીઓમાં ગુજરાતની ચેતના અને પ્રતિભાની ઝલક વિશિષ્ટ અને સમૃદ્ધ રહેલી છે.

આ બધો જ્ઞાન, શક્તિ, ભક્તિ, તપ અને આનંદનો વારસો લઇને આપણે આગળ વધવાનું છે, અને એ વારસાને અધિકાધિક સુસમૃદ્ધ કરતા જવાનું છે. પરિસ્થિતિનો ઇષ્ટ વિકાસ થતાં ગુજરાત હિંદના અને જગતના જીવનમાં પાછું એક મહા મંગલ દ્વાર બની શકે છે. એને આંગણે થઇને જગતની લક્ષ્મી અને હિંદની લક્ષ્મી પ્રસન્ન તથા વિશાળ પગલે આવનજાવન કરી શકે છે. એની અંદરથી નવીનવી ઓજસ્વી પ્રતિભાઓ, નવા દ્રષ્ટાઓ, નવા સંતો યોગીઓ અને સિદ્ધો, કળા અને સૌન્દર્યના સ્રષ્ટાઓ, વિજ્ઞાન અને જ્ઞાનના વીરો, રાજપુરુષો ને કર્મપુરુષો ભૂતકાળ કરતાંયે વિશેષ બાહુલ્યમાં પ્રાદુર્ભાવ પામી શકે છે, અને પોતાના, ભારતના તથા અખિલ જગતના જીવનને વધુ સમૃદ્ધ કરી શકે છે.

પણ આ સાધના કે આ અભીપ્સા અને ભાવના કોઇ મિથ્યા ગૌરવને ખાતર કે અહંપ્રધાન આત્મતૃપ્તિને ખાતર કરવાનાં નથી. પોતાના જીવનની અને જગતના જીવનની એક ઊર્ધ્વ ગતિની દિશામાં આ બધું થતું રહેવું જોઇએ. અને એટલે જીવનનું એક ઉત્તમોત્તમ દર્શન વિકસાવીને તેને સિદ્ધ કરવાની ગુજરાત એક તપોભૂમિ બને એમ આપણે ઇચ્છીએ.

('સુન્દરમ્')

ઈશ્વરનો સમોવડિયો

વિજ્ઞાન અને વિત્ત એ બે જ વસ્તુઓમાં માનનારો આધુનિક માનવ બીજાં કોઇ મૂલ્યોમાં માનવાની ના પાડે છે. એ આસાનીથી જગતના સર્વ ધર્મોએ નિષિદ્ધ ગણેલા ૬ ('કુમાર' અંક ૪૪૫) અવગુણો વિકસાવી રહ્યો છે: અહંકાર, બલ, દર્પ, કામ, ક્રોધ, ઈશ્વરનો ઇન્કાર વગેરે રિપુઓને અત્યારનો સમાજ મિત્રોની જેમ અપનાવી રહ્યો છે. જીવનવ્યવહારમાં, રાષ્ટ્રીય વ્યવસ્થામાં, આંતરરાષ્ટ્રીય સબંધોમાં જે અનવસ્થા દેખાય છે તેનું કારણ આ છે. જીવનમૂલ્યો બદલાઈ ગયાં છે, વિપરીત થઇ ગયાં છે.

ચીની સાહિત્યમાં આ વાતને સ્પષ્ટ કરતી એક આખ્યાયિકા છે. માનવશક્તિ અને અહંકારનું પ્રતીક વાંદરો ભગવાન બુદ્ધ પાસે જાય છે અને પોતાની શક્તિથી પોતે ઈશ્વરનો સમોવડિયો છે એવું સ્વીકારવા એમને આગ્રહ કરે છે. અગાધ ડહાપણયુક્ત સ્મિત કરીને બુદ્ધ વાંદરાને કહે છે: આપણે એક શરત કરીએ. તું છેક ચંદ્ર અને સૂર્ય સુધી તારા બળથી પહોંચી શકે છે. તો એમ કર; આ મારો જમણો હાથ. તેના એક છેડેથી બીજા છેડા સુધી તું જા. જો તું જઇ શકે તો હું તને ઈશ્વરનો સમકક્ષ ગણીશ. હારીશ તો તારે પૃથ્વી ઉપર જઇને એક કલ્પ સુધી તપ કરવું પડશે.

વાંદરો હરખ્યો: આ બુદ્ધ પૂર્ણ મૂર્ખ છે. નહિ તો એક હજાર ને આઠ યોજન એક ઠેકડે કૂદનાર હું એની આઠ ઇંચની હથેળીને નહિ ઓળંગી શકું એમ એ કેવી રીતે માને?'

પછી બધું જોર ભેગું કરીને, આંખો મીંચીને એ કૂદ્યો. અવકાશમાં જાણે એ અદૃશ્ય થઈ ગયો અને ક્યાંનો ક્યાં અનંતતામાં ચાલ્યો ગયો! થોડી વારે એને ગુલાબી રંગના પાંચ થાંભલા દેખાયા. એને લાગ્યું કે આ જ બુદ્ધની હથેળીનો છેડો હશે. ત્યાં એ થાક ખાવા થોભ્યો, અને બુદ્ધને ખાતરી થાય તે માટે તેણે બીજા થાંભલાના મૂળમાં લખ્યું: 'ઈશ્વરનો સમકક્ષ કપિઋષિ અહીં સુધી આવ્યો હતો.' પછી એ બુદ્ધ પાસે આવ્યો અને કહ્યું: 'હું શરત જીત્યો છું. હવે હું ભગવાનનો સમકક્ષ છું એમ જાહેર કરો.' બુદ્ધ હસીને બોલ્યા, 'તું તો અહીંનો અહીં જ બેઠો છે. ભાંગબાંગ પીધી છે કે શું? અહીંથી તું ક્યાંય ગયો જ નથી!'

'છે ને આ બુદ્ધ! સારું છે કે હું ત્યાં સાબિતી મૂકતો આવ્યો છું.' વાંદરો ચિડાઈને મનોમન બોલ્યો. તેણે કટાક્ષમાં બુદ્ધને કહ્યું: 'મેં ત્યાં લખ્યું છે અને બીજી નિશાની પણ કરી છે.' ભગવાને પોતાની કમળ જેવી હથેળી પ્રસારીને કહ્યું: 'જો. શું દેખાય છે?'

વાંદરો શરમિંદો થઈ ગયો. તેણે જોયું કે પોતે ભગવાનની હથેળીનો અર્ધો ભાગ પણ ઓળંગી શક્યો નહોતો!

ચીની વાર્તાના વાંદરાની જેમ માણસ પણ આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધિઓથી પોતાને ઈશ્વરનો સમોવડિયો માનવા લાગ્યો છે અને અગાધ ડહાપણયુક્ત કોઈ બુદ્ધ એને જ્યાં સુધી એનું સાચું સ્થાન ક્યાં છે એ સચોટ રીતે નહિ સમજાવે ત્યાં સુધી કદાચ એમ જ માનવાનું ચાલું રહેશે. (દાસુભાઈ શુક્લ)

ઉદ્બોધન

તમે બધા મોટા થવાના છો. હિંદુસ્તાનની શી દશા થવાની છે,–શુભ કે અશુભ, તેના તમે ભાગીદાર થવાના છો. અંગ્રેજો ગયા તેમના જવાની ક્રિયામાં તમે ભાગીદાર નહિ, કારણ તમે ત્યારે જન્મ્યા પણ નહિ હો. પણ હવે જે દશા થશે તેના તમે જોનાર તો ખરા જ ને? અનાજ ખૂટ્યાં, લાંચ–રુશ્વત વધી, પાપ વધ્યાં, સુખ પણ ગયાં. પહેલાં જે ત્યાગ પ્રધાન સંગઠન હતું તે આજે ભોગ પ્રધાન બનવાથી વેરવિખેર પરિસ્થિતિમાં મુકાઈ ગયું છે.

એક સ્કૂલમાં હું ગયો. ત્યાં ચારપાંચ હજાર વિદ્યાર્થીઓ જોઇ મને તો થયું કે આ મૂડી ચાલી જવાની. કેળવણીનું આજે સત્યાનાશ વળી ગયું છે એકલું ભણતર શા ખપમાં આવશે? વિજ્ઞાન શીખેલાને પૂછીશું કે તળાવની લીલ ગ્રીલ કાઢીશ? તો કહેશે મને એ નથી શીખવાયું. બાવળના ઝાડ નીચે ઊભો ઊભો ગ્રંથ ઘસે એથી વધુ શું ભણતર આપવાનું છે?

આજે તો પૈસા વાવે ને ઉગાડે તે ખાનદાન ને મોટો. પોતાના ખેતરમાંથી પકવેલું ખાય તે નાનો, અને ૨૪ કલાકનું વાસી શાક ખાય તે ડાહ્યો, આ પરિસ્થિતિ છે. એ સ્થિતિએ પેલા ગામડાના લોકોને પૈસા પેદા કરતા કરી મૂક્યા છે. અહીંની ગાયો બ્રાઝિલમાં સવા મણ દૂધ આપતી થઈ! કેળવણી ને કલા તો આપણે એવી શીખવી જોઇએ. કામ કરતાં કરતાં તાલીમ મળવી જોઇએ, કલા આવડવી જોઇએ.

આ યુગમાં જન્મવું એ મહદ્ ભાગ્ય છે. નવા યુગના ફેરફારમાં, ઊથલપાથલના આ જમાનામાં તમે જન્મ્યા છો. ક્યાં પડાશે તે નક્કી નથી. સાવચેત રહો, શરીરને ખડતલ બનાવી દેશને સારુ ખપાવવું પડશે. કોઈનું દુઃખ જોઇને ક્રોધ નહિ આવવો જોઇએ. સડકે સડકે જનારો શો તડાકો મારવાનો હતો? તમારે તો મહિસાગરનાં કોતરો ચડવા-ઊતરવાનાં આવવાનાં છે.

દષ્ટિ રાખીને, મનન કરીને અભ્યાસ કરજો. પર્વત પર ચડવાથી હાંફ તો ચડશે, પણ જેમ ચડશો તો ખુલ્લી હવા મળતી જશે, તેમતેમ દુઃખ નહિ લાગે પણ આનંદ આવશે.

(રવિશંકર મહારાજ)

ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામના છ દસકાના સળંગ ઇતિહાસમાં જ્વલંત ભાગ લેનાર આરૂઢ દેશભક્ત અને મહાન લોકનાયક

કર્ણાટક-કેસરી ગંગાધરરાવ



ઇ. ૧૮૮૫માં હિંદી રાષ્ટ્રીય મહાસભા—'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ની સ્થાપના થઈ ત્યારથી માંડીને ઈ. ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારતને આઝાદી મળી ત્યાં સુધીનો આખો સ્વાતંત્ર્ય-સંગ્રામ અને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિનો ઇતિહાસ જેમણે નજરોનજર જોયો, એટલું જ નહિ પરંતુ એમાં જેમણે આજીવન અગ્રણી ભાગ ભજવ્યો એવા, 'કર્ણાટક-કેસરી'ના દેશલાડીલા બિરુદથી ખ્યાત થએલા એ પ્રાંતના મહાન દેશભક્ત અને લોકનાયક શ્રી ગંગાધરરાવ દેશપાંડેનું ગઈ સાલની ૩૧મી જુલાઇએ ૮૯ની વયે અવસાન થતાં દેશ ખરેખર રંક બન્યો છે.

લોકમાન્ય ટિળકે દેશને સ્વરાજ્યનો મંત્ર આપ્યો અને મહાત્મા ગાંધીજીએ તેને સાકાર કર્યો—ભારતભાગ્યના એ બંને વિધાતાઓના પરમ અતેવાસી બનીને ગંગાધરરાવ દેશના સ્વાતંત્ર્યયજ્ઞમાં પોતાના જીવન કાર્યની આહુતિ ઠેઠ સુધી આપતા રહ્યા. જેમ મદ્રાસમાં શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય, બંગાળમાં સ્વ. ચિત્તરંજનદાસ, બિહારમાં શ્રી રાજેન્દ્રપ્રસાદ, ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલ, ઉત્તર પ્રદેશમાં પં૦ જવાહરલાલ નહેરુ ને મુંબાઈમાં શરૂમાં બૅરિસ્ટર જયકર, તેમ કર્ણાટકમાં શ્રી ગંગાધરરાવ દેશની સ્વરાજ્યચેતનાના નાયક-પ્રતિનિધિ બની રહ્યા હતા. આજના આપણા ઘણાખરા દેશનેતાઓ અને લોકસેવકો તેમના પ્રભાવ તળે આવેલા, અને એ સહુને તેમના કાર્યમાં તેઓ પોતાનો સાથ હમેશાં આપતા તથા દેશહિતને લક્ષમાં રાખી ભાવના-પૂત માર્ગદર્શન કરતા. સ્વરાજ્ય માટે રૂઢિગત કામગીરી બજાવનારાઓ ઘણા મળશે, પરંતુ દેશની રાષ્ટ્રીય ચેતનાના તેમના જેવા પ્રતિનિધિઓ વિરલ છે. એવા લોકનાયકને માટે રાષ્ટ્રે સદીસદીની વાટ જોવી પડે છે.

પેશવાઈ યુગમાં પેદા થએલા એક જાગીરદાર કુટુંબના તે નબીરા હતા. બેળગામમાં સ્થિર થએલા એક અત્યંત પ્રતિષ્ઠિત શ્રીમાન કુળમાં ઈ. ૧૮૭૦ની ૧૨મી ઍપ્રિલે તેમનો જન્મ થયો. તેમના એક અગ્ર શિષ્ય કાકાસાહેબ કાલેલકર (જેઓ પણ બેળગામ પાસેના શાહપુર પરાના વતની છે) પોતાનાં જૂનાં સ્મરણો તાજાં કરતાં કહે છે: "શ્રી ગંગાધરરાવના વૃદ્ધ પિતા શ્રી બાળકૃષ્ણ કાંતિમાં ગંગાધરરાવથી ઓછા વૃદ્ધ દેખાતા, વિનોદશક્તિમાં ને પ્રસન્નતામાં સરખા. વેદાંતવિદ્યાનો તેમને શૉખ હતો તેથી હું તેમને મળતો અને અમારે પુષ્કળ ચર્ચાઓ થતી. ક્યારેક્યારેક તેઓ કહેતા કે 'હું તો મામૂલી વકીલ હતો. અમારા જમાનામાં જેલ જવું પડે તો તે ખોટી સાક્ષી દીધી હોય કે બનાવટી દસ્તાવેજ ઘડ્યો હોય તે માટે; પરંતુ મારા પુત્રને જેલ મળી છે બ્રિટિશ સામ્રાજ્યના બાદશાહ સામે બળવો કરવાના પ્રયાસોને લીધે. કેટલો બધો ફરક! અને મારે માટે કેટલા બધા અભિમાનની વાત! મારો પુત્ર જેલ જાય છે એનું મને લેશમાત્ર દુઃખ નથી. અમારા પરિવારનું મોં તેણે તો ઊજળું કર્યું; અમારી પ્રતિષ્ઠા વધારી."

બી. એ. પછી એલએલ. બી.નો અભ્યાસ પૂરો કરીને પોતાની વકીલી કારકિર્દીનો ખયાલ સુદ્ધાં કર્યા વિના ગંગાધરરાવે સ્વરાજ-આંદોલનમાં ઝંપલાવેલું. એ જમાનો એટલે ચાલુ સદીનો પ્રારંભ; ટિળક અને ગોખલે, દાદાભાઇ અને ફીરોઝશાહ, લાલ અને પાલ વગેરે રાષ્ટ્ર-પુરુષોનો પરાક્રમયુગ. ગંગાધરરાવ તેમાં ઓતપ્રોત રહેતા. ઘરના સુખી માણસ, એ વળી આ પ્રકારની ઘડભાંગ ને યાતનાઓમાં તે શા માટે પડે? એનો જવાબ જ ગંગાધરરાવનું વ્યક્તિત્વ પ્રકટ કરે છે. રાષ્ટ્રની સ્વતંત્રતા માટે કુરબાન થવામાં એ આનંદ માણતા પુરુષ હતા. સુખચેનથી ઝંખવાઇ કે કજળી જતી જ્યોત એમની નહોતી. અને પોતાને માટે જે આ જીવનધ્યેય એમણે મુકરર કર્યું એનું તેમણે સતત એકનિષ્ઠ પાલન કર્યું તથા એને સફળ-ઉજ્જવળ કરી બતાવીને જ આખરી જંપ લીધો.

કારકિર્દીની શરૂઆતમાં તેઓ 'સર્વંન્ટસ ઑવ ઇન્ડિયા સોસાએટી' (ભારત સેવક સમાજ)ના સભ્ય થવા ના૦ ગોપાલ કૃષ્ણ ગોખલે પાસે ગયા. એમણે તેમને લોકમાન્ય બાળ ગંગાધર ટિળક પાસે મોકલ્યા. ગંગાધરરાવને રાષ્ટ્રસેવાની પોતાની અદમ્ય ઝંખનાને પોષવા-સંવર્ધવા માટે કોઈ પ્રખર રાષ્ટ્રનેતાનો નેજો જોઇતો જ હતો, એટલે લોકમાન્ય જેવા સ્વરાજ્ય-વીર પોતાના ગુરુ તરીકે મળતાં તેઓ એમના અનન્ય ભક્ત બની ગયા. રાષ્ટ્રસેવાને માટે એમની આગળ તેમણે સમસ્ત જીવન ન્યોચ્છાવર કરવાની તૈયારી બતાવી, ને પછી તો પોતાની સંનિષ્ઠા તથા સફળ કામગીરીએ કરીને તેઓ લોકમાન્યના જમણા હાથ બન્યા.

લોકમાન્યનું પ્રતિનિધિત્વ કેટલી હદે તેઓ કરી શકતા તેનો ખયાલ મેળવવા નીચેના ત્રણેક પ્રસંગો બસ થઈ પડે તેમ છે. લોકમાન્ય વિલાયત ગયા ત્યારે તેમણે 'કેસરી'માં લખી રાખ્યું હતું કે 'ગંગાધરરાવે મારાં સર્વ સૂત્રો સંભાળવાં ને મારે સ્થાને રહેવું.' લોકમાન્યે મંડાલેના છ વર્ષના કારાવાસમાંથી મુક્ત થઇને આવ્યા પછી 'પુનશ્ચ હરિઃ ઓમ્' કરવા માટેનો પહેલો તાર પણ ગંગાધરરાવને જ કર્યો હતો, એ વાત પ્રસિદ્ધ છે. એ પછીનાં પચાસ વર્ષોમાં રાજકારણમાં કેટલો યે ફેરફાર થઈ ગયો હોવા છતાં લોકમાન્ય અને તેમના મુખપત્ર 'કેસરી' સાથેનો પોતાનો સંબંધ તેમણે અતૂટ ચાલુ રાખેલો. લો૦ ટિળકનો વિશ્વાસ ગંગાધરરાવે એટલો તો સંપાદન કરી લીધો હતો કે એકાદ યશસ્વી પરિષદ ભરવાની હતી તે પૂનામાં ભરવી કે બેળગામમાં એવા દ્વિધાના કઢ્ઢારો લોકમાન્યે કાઢ્યા હતા. પછી તો એ પરિષદ બેળગામમાં જ

ભરાઇ. તેમાં હાજરી આપવા ગાંધીજીને (તેઓ ત્યારે હજી 'મહાત્મા' કહેવાતા નહોતા, 'કર્મવીર' તરીકે ઓળખાતા) શ્રી ગંગાધરરાવે બોલાવ્યા. શ્રી ગંગાધરરાવે ભારે ખૂબીપૂર્વક એવી વ્યવસ્થા કરી કે ગાંધીજી અને લોકમાન્ય ટિળક બંને એકાન્તમાં મળે અને એકબીજાના વિચારોની આપલે કરે. અરે, ખુદ પોતે પણ એ વખતે હાજર ન રહ્યા. લાંબી વાર સુધી બંનેની વાતચીત ચાલી. મુલાકાત અંતે બહાર આવીને લોકમાન્યે શ્રી ગંગાધરરાવને કહ્યું : 'આ માણસ આપણો નથી. એનો રસ્તો અલગ છે. પણ તે સાચો ને પૂરો દેશભક્ત છે. એને હાથે હિંદનું અકલ્યાણ ક્યારે પણ નથી થવાનું. એના કામમાં આપણે આપણાથી બનતી બધી મદદ આપીએ, પણ એનો વિરોધ ક્યારે યે ન કરીએ.' દૂરદર્શી લોકમાન્યનો આ અભિપ્રાય સાંભળી ભારત-ભાગ્યના એ બંને વિધાતાઓ પ્રત્યેનું શ્રી ગંગાધરરાવનું માન અનેકગણું વધી ગયું.

ઈ. ૧૯૨૦ની ૧લી ઑગસ્ટે મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે સ્વરાજ્યની ઐતિહાસિક લડત આરંભાઇ. યોગાનુયોગ તે જ દિવસે લો૦ ટિળકનું નિધન થયું; ને તેમની રામવાહિનીની સાથોસાથ દેશના મુક્તિસંગ્રામનો ભાર પણ ગાંધીજીએ પોતાને ખભે લઈ લીધો. દેશની આગળ ચાલેલી એ સ્વરાજ્ય કૂચમાં શ્રી ગંગાધરરાવ શામેલ હતા. ગાંધીજીની પ્રત્યેક હિલચાલમાં તેમણે સ્વરાજ્યનો મંત્ર મૂર્તિમંત થતો જોયો અને તેમણે ગાંધીજીનું અનુયાયી-પદ સ્વીકારી લીધું.

એ પછીના તેમના રાષ્ટ્ર-પરાયણ જીવનનો સાક્ષી તો સ્વરાજ્યનો આખો ઇતિહાસ છે. ચલચિત્રની માફક એક પછી એક બદલાતા જતાં તેનાં દૃશ્યોમાં શ્રી ગંગાધરરાવ સમા દેશનેતાઓની માત્ર રૂઢિગત કામગીરી જ નહિ, પરંતુ લોકસમુદાયની ઉચ્ચ અને સફલ નેતાગીરી સ્વરાજ્ય-પ્રાપ્તિના ઝાંખા દર્શનને વધુ ને વધુ તેજસ્વી બનાવતી જતી હતી. સમસ્ત હિંદના સ્વાતંત્ર્યોત્થાનના સંત્રી હતા ગાંધીજી, જ્યારે દેશને જુદે જુદે ખૂણે અન્ય નેતાઓ લોકોમાં જાગૃતિનો તથા સ્વાતંત્ર્ય માટેના સક્રિય યુદ્ધ-આંદોલનનો પ્રાણ ફૂંકી રહ્યા હતા. ચોવીસે કલાક સ્વરાજ્ય-કાર્ય-રત રહેતા ગંગાધરરાવના જાજરમાન વ્યક્તિત્વે ને અમોઘ વક્તૃત્વે કર્ણાટકમા સ્વરાજ્ય-ચેતનાનું આખર સુધી વણથંભ્યું પૂર રેલાવ્યું હતું એમ કહી શકાય. સ્વરાજ્ય-આંદોલનનું તેમનું કાર્ય લોકમાનસ પર એટલું તો પ્રભાવક હતું કે સહુ તેમને 'મુલુકમેદાન તોપ' તરીકે ઓળખતા! 'કર્ણાટક-કેસરી' એ તો તેમનું લોકલાડીલું ને તેમના નામથી યે વધુ પરિચિત લાગતું બિરુદ છે. લોક સંગ્રહ કરવાની વિરલ સિદ્ધિ તેમને વરેલી હતી. ઈ. ૧૯૨૪માં બેળગામ ખાતે ગાંધીજીના પ્રમુખપદે ભરાએલા કૉંગ્રેસના અધિવેશનની સ્વાગત-સમિતિના તેઓ અધ્યક્ષ હતા. તેમના રાજકીય વૈભવનો એ કાળ હતો. રાષ્ટ્રના એક અગ્રણી સ્વાતંત્ર્ય-વીર તરીકે ત્યારથી તેમનું નામ દેશને ખૂણેખૂણે જાણીતું બન્યું. બાદ કૉંગ્રેસ વર્કિંગ કમિટીના તેઓ સભ્ય બન્યા હતા, અને સરકાર તરફથી કૉંગ્રેસને ગેરકાનૂની ઠરાવવામાં આવી એ અરસામાં કૉંગ્રેસના અખિલ ભારતીય સર્વાધિકારી અધ્યક્ષ થએલા. પણ સત્તાધારીને સ્વાભાવિકપણે જ સ્થગિત કરી મૂકતા સત્તા-સ્થાનનો તેમને ક્યારે યે મોહ જાગ્યો નહિ. આથી જ તેમના જીવન-પ્રવાહમાં ઉચ્ચોચ્ચ જાહેર પદસ્થાનો શોભાવતા એ ઓછા જણાયા છે. ૧૯૨૧, '૩૨ ને '૪૨ની આઝાદી-ચળવળોનું નેતૃત્વ, જેલવાસ, એ દરમ્યાન ભવિષ્યની લડતની નિશ્ચિત ને નક્કર યોજનાઓ, જેલમાંથી છૂટીને એ યોજનાઓનો અમલ, ખાદી રેંટિયો વગેરેની ગાંધીજી-ચીંધી ભરચક રચનાત્મક પ્રવૃત્તિઓ, તથા ફરી આઝાદી ચળવળ વગેરે દેશના સ્વરાજ્ય તથા સુરાજ્ય માટેની પાયારૂપ કામગીરીઓમાં જ, ભારતને આઝાદી મળી ત્યાં સુધીનું તેમનું આખું જીવન વ્યતીત થયું.

રાજકીય ક્ષેત્રમાં કામ કરતા ઘણા માણસો મળશે, જેમને શ્રી ગંગાધરરાવ માટે પિતૃતુલ્ય પૂજ્યભાવ હશે. જમનાલાલ બજાજ, સરદાર વલ્લભભાઈ, કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, શંકરરાવ દેવ, બાબુરાવ ગોખલે, એસ. એમ. જોશી, કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર વગેરે સહુનો તેમની સાથે અત્યંત નિકટનો સ્નેહ-સંબંધ હતો. કાકાસાહેબ છેક નાનપણથી તેમની અસર તળે આવેલા. પછી મુંબાઈમાં સ્વામી આનંદ એમની સાથે જોડાયા. લોકમાન્ય ટિળકે મુંબાઈથી શરૂ કરેલું મરાઠી દૈનિક 'રાષ્ટ્રમત' શ્રી ગંગાધરરાવ સંભાળતા. ગુજરાતને પરિચિત આ બે વ્યક્તિઓએ—કાકાસાહેબ કાલેલકરે અને સ્વામી આનંદે ગુજરાતમાં આવ્યા અગાઉ એ પત્રમાં કામ કરીને તાલીમ લીધી હતી.

ગંગાધરરાવનું વક્તૃત્વ અત્યંત પ્રભાવક હતું. મરાઠી–કાનડી બંને ભાષાઓના તે પ્રખર વક્તા હતા. તેમનાં ભાષણ જનતાના અંતઃકરણનો તાગ લેનારાં હતાં. સ્પષ્ટ ઉચ્ચાર, ખણખણતો અવાજ, સીધી અને હૃદયમાં સોંસરવી ઊતરી જતી વાણી, છૂટાંછૂટાં વાક્યો, અને અમોઘ દલીલ-શક્તિ એ તેમના વક્તૃત્વની લાક્ષણિકતાઓ હતી. ભાષણના વિષય સાથે તાદાત્મ્ય સાધ્યા પહેલાં તે કદી ભાષણ કરવા ઊભા થતા નહિ. આથી તેમના ભાષણ ક્યારે યે ફીકાં પડતાં નહિ. તેમના વક્તૃત્વનું આ તેજ છેક સુધી ઘટ્યું નહોતું. ઈ. ૧૯૫૦માં મરાઠી પત્રકાર પરિષદ સમક્ષ તેમણે આપેલું પ્રભાવશાળી ભાષણ જેમણે સાંભળ્યું હશે તેમને તો એ હમેશાં યાદગાર રહેશે.

છેલ્લાં દસબાર વર્ષથી તેઓ રાજકારણમાંથી નિવૃત્ત થયા હતા. ૧૯૫૦ પછી એમની જ પ્રિય નગરી બેળગામ ભાષાયુદ્ધની ભૂમિ બનવાથી તેમના દેશહિત રત હૃદયને કેવી યાતના થઇ હશે એની કલ્પના જ કરવી રહી. પણ તેમના જીવનનું આધ્યાત્મિક પાસું ઘણું ઊજળું હતું, એટલે વિશેષ કરીને ઈશ્વરચિંતન તથા ધ્યાન-ભજનમાં જ તેઓ પોતાનું શેષ જીવન વિતાવતા હતા. છેલ્લે છેલ્લે તેમની શ્રવણશક્તિ ઘણી ઓછી થઇ ગઈ હતી. બીજી બાજુ, લોકહિતની પ્રવૃત્તિમા તો એ આખર સુધી નિરત રહ્યા. કોઇ પણ ક્ષેત્રનો કાર્યકર્તા આવ્યો હોય તો એને તેઓ મમતાથી મળતા, એની તકલીફો પૂછતા અને અનુભવની ચાર વાતો કહી એને પ્રોત્સાહિત કરતા. વધતી જતી ઉમરે પણ રસ બધાં કામોમાં લેતા ને સૌને છેવટની ઘડી સુધી સલાહસૂચન કરતા. ગઈ ૩૧મી જુલાઇએ સવારની પ્રાર્થના વગેરેથી પરવાર્યા બાદ બેળગામ ખાતેના તેમના નિવાસસ્થાને આકસ્મિકપણે તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયુ.

હિંદના ઇતિહાસની લગભગ ગઈ પોણી સદી નિહાળીને, નિહાળીને જ નહિ, તેમા જ્વલંત ભાગ ભજવીને, ૮૯ વર્ષની વયે તેઓ ગયા. ૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી માંડીને આ પ્રાચીન રાષ્ટ્રે જે ભવ્ય ઇતિહાસ ઘડ્યો છે તે એમણે સાક્ષાત્ જોયો, તેના એક વીર પાત્ર તરીકે એમાં ભાગ લીધો, અને પૂરી પાકી વયે આઝાદી આવેલી જોઇને તેઓ ગયા. સ્વ. બાળાસાહેબ ખેરે તેમને 'આધુનિક ભીષ્માચાર્ય' કહ્યા છે. રાજકારણમાં સર્વોચ્ચ પદવીઓ માટે તેમણે કદી સ્પૃહા કરી નહિ, રાજકારણને પોતાની 'કરીઅર'ની દૃષ્ટિથી કદી જોયું નહિ: કેવળ સ્વરાજ્ય ને સુરાજ્યની ભક્તિ તથા સાધના, અને તેનો જ એક કેવળ ધ્યાસ, એ તેમના રાજકારણનું મર્મ રહસ્ય હતું. સ્વ. જમનાલાલ બજાજ પેઠે સર્વસ્વને રાષ્ટ્રને ખાતે સોંપીને કામ કરતા જે પરમ સેવકો ગાંધીજીને ૧૯૨૦થી મળ્યા તેમાં ગંગાધરરાવ પ્રથમ હરોળના ગણાય. એવા પરમ દેશહિતસાધકોના જીવનબળે જ આપણે આજે આઝાદ થયા છીએ. એને યોગ્ય બનીને તેમનું તર્પણ કરીએ.

[શ્રી પુંડલીક કાતગડે, શ્રી કાકાસાહેબ કાલેલકર તેમજ મરાઠી 'સાધના' તથા ગુજરાતી 'નવજીવન'ના લેખો પરથી સંપાદિત]

"દૂત આવ્યો દૂત આવ્યો
યુદ્ધમાંથી ખબર લાવ્યો
વાહ ભાઇ! વધાઇ લાવ્યો
બોલ બાંધવ બોલ!
ઊઠે આકુલ શોર!
બોલ! ક્યાં સાથીડા તારા?
કેટલે દૂર છોગલાળા?
કોણ જીત્યા કોણ હાર્યા?
બોલ તતખણ વીર
નથી રહેતી ધીર!"
(ઝવેરચંદ મેઘાણી)

● આ વાર્તાના નાયકો ●

માલમ કાનજી દામજી...તે વખતે વય ૧૮
ખારવા દામજી રામજી...તે વખતે વય ૧૩
ખારવા મનુ જીવા......તે વખતે વય ૧૨
રહીશ: કચ્છ માંડવી

'બોલ! ક્યાં સાથીડા તારા?'

[જાપાનીઓના યુદ્ધકેદી બનેલા ગુજરાતી કુમાર અને કિશોરોની આ અદ્‌ભુત સાચી વીતકકથા વાંચતાં થશે કે બીજા વિશ્વયુદ્ધની ગોળીઓ છેક ગુજરાતના અંતરમાં, પણ વાગી હતી. ◖ 'એની ભસ્માંકિત ભૂમિ પર, ચણજો આરસખાંભી...' કવિની એ લીટી યાદ હશે. જમીનના અનામી શહીદને તો આટલો ય બિરદાવવામાં આવ્યો, પણ વતનથી દૂર દૂર, હજારહજાર ગાઉથી ય છેટે, કાળાં ભમ્મર પાણીમાં ગરક થએલા ગુજરાતના સેંકડો અનામી ખલાસીઓની યાદમાં કોઈએ ખાંભી ચણી નથી; કોઈ મુશાયરાએ તેની બે લીટીની નોંધ લીધી નથી, કે કોઇ નેતાએ તેને અંજલિ આપી નથી. એમના ફોટા તો કોણ છાપે? 'સાચેસાચ હજી ય જીવતા' આ નવજુવાનોની છાતીએ નાનકડા ચંદ્રકો કોણ લટકાવે? ◖ આપણા વહાણવટાની આલબેલ ચાલુ રાખવા ગએલા એ જવાંમર્દોને આપણે વીસરી ગયા છીએ. કોણ જાણે ક્યારે આપણાં પાઠ્ય પુસ્તકોમાં એ વાતો વણી લેવાશે? ◖ હૈયામાં બે ફર્લાંગની સહેલને સાગર-પ્રવાસ ધટાવતા ગુજરાતના યુવાનો, યુદ્ધના દોઝખમાંથી ખડતલપણાને લીધે જ પાછા આવી શકનારા આ વાર્તાના નાયકોના ખમીરને પારખે, અને સાગર-સાહસની ગુજરાતી પરંપરાના આવાહનને ઉપાડી લેવાનું સપનું સેવે, એવી આશા સાથે, આ વાર્તા મોકલું છું. આ વાત સત્ય કથા છે, ગુજરાતને સાંકળી લેતી સાચી યુદ્ધવાર્તા છે. એ વાંચીને ગુજરાતના સાગરકાંઠાનો સાદ કોઈને સંભળાશે, તો આપણી સૌની મહેનત કૃતાર્થ થશે.—લેખક]

બીજા મહાયુદ્ધના કરુણ દિવસો હતા. રશિયાની વિશાળ ધરતી પર નાઝી દળો સામે જીવસટોસટનું વળતું આક્રમણ ખેલાઇ રહ્યું હતું. પૂર્વમાં સમસ્ત અગ્નિ એશિયામાં મેળવેલા વિજયથી મત્ત બનેલું જાપાન એશિયાનો મુગટ માથે ધરવાનાં સપનાં સેવતું હતું. ચોમેર મોતના ભીષણ પડઘા ઊઠતા હતા.

આપણે ઘરઆગણે ભારતમાં જુલમ, અછત અને મોંઘવારીની ભીંસ વધતી જતી હતી. પરદેશથી માલ આવતો નહિ. કારખાનાઓ યુદ્ધનો સરંજામ બનાવતાં. ઈજારાશાહી ફૂલતી ફાલતી. દેશમાં સેન્સરશિપ હતી અને ચારેકોર બ્લૅક આઉટનું અંધારું હતું.

બરાબર એવે સમયે ગુજરાતના વહાણવટાએ રંગ રાખ્યો હતો. કોઈ જાતના આધુનિક સાધનસરંજામ વિના કે દીવાદાંડી અને વાયરલેસ સિગ્નલના ઓથ વિના પચીસ પચાસ, સો દોઢસો ટનનાં વહાણો લઇને કચ્છ સૌરાષ્ટ્રના ભડ માલમો નીકળી પડતા. એમની પાસે ટૉર્પિડો તો શું પણ ફટાકડી રાયફલો ય નહોતી. પાછળ કોઇ ધીંગા રાજ્યનું પીઠબળ ન હતું. વોળાવિયા કાફલાની સલામત હૂંફ નહોતી. હતી માત્ર પોતાના લોહીમાં દરિયાલાલની આહાલેક. હતી મહાસાગરનાં અતાગ જળની પરખ. બસરા, બારીન, સીશલ, ઝંગબાર, દારેસલામ, માલદીવ, કોલંબો, રંગૂન, સીંગાપુર વગેરે સ્થળો તેમના રોજિંદા વિસામા હતા. અને એ વિશાળ વિસ્તાર પર તેઓ નિર્ભયતાથી, શાંતિથી અને લાપરવાહીથી ઘૂમ્યા કરતા. દર ખેપે વહાણ ભરી માલ લઇ આવતા ને લઇ જતા. જરૂરિયાતના એ કાળમાં પુરવઠાની જવાબદારી તેઓએ સાચવી રાખી હતી. જોખમ જેવો કોઈ શબ્દ તેઓ જાણતા નહિ. લાગણીની આળપંપાળ એમને પરવડતી નહિ.

નૉર્વે, ઇંગ્લંડ, હોલંડ, સ્પેઇન વગેરે જેવા દરિયાખેડુ દેશોની હરોળમાં માનભેર આગળ ઊભું રહે એવું ગુજરાતનું વહાણવટું છે. એ દિવસોમાં પણ એકલા કચ્છ-માંડવીના લગભગ ચારસો નાનાં-મોટાં વહાણો સાગરની સફર કરતાં રહેતાં હતાં. ખારવા, ભડાલા ને એવી કેટલી ય કોમોની લગભગ સમગ્ર પુરુષ વસતિ દરિયો ખેડતી રહેતી. માત્ર પુખ્ત વયના જ નહિ, મતાધિકાર પ્રાપ્ત કરતા યુવાનો જ નહિ, પણ કિશોરો અને કુમારોની પણ ઠીકઠીક સંખ્યા પોતાના બાપકાકા કે ઓળખીતા ટંડેલ સાથે વિદેશયાત્રાએ નીકળી પડતી. યુદ્ધનાં ઘોર શસ્ત્રોનો ભય તેમને સ્પર્શતો પણ નહિ.

જે ગામનું આટલું માનવ ધન અને આટલી લક્ષ્મી દરિયાલાલની પીઠ પર હોય તે ગામનું જીવન ને ટેવો પણ સમુદ્રપરસ્ત બની જ જાય. કચ્છ માંડવીના એ રેતાળ કિનારા પર દર ચંદ્રની તિથિએ બીજનો ચંદ્ર પૂજવા અનેક વિજોગણ માતાઓ અને પત્નીઓ આવતી, દરિયાને વધાવતી, શ્રીફળ વધેરતી અને 'શેષા' વહેંચીને ક્ષેમકુશળની પ્રાર્થના કરતી. શહેરની લગભગ આખી ય વસ્તી, બીજનો ચંદ્ર ઉતરાદો વળેલો છે કે દખણાદો, તે જોઇને દરિયાનાં હવામાનની આગાહી કરતી; અને વહાણો ક્યાં હશે, ખેપને કેટલો વખત લાગશે વગેરે વાતો કરતી. આજે ય એ બંદરે જરા ઓછા પ્રમાણમાં આવું જ બને છે.

એ બંદરના સવાસોથી ય વધુ વીરોની આ વાત છે. જોકે વાત બહુ લાંબી નથી અને એમાં મોટી 'ક્લાઇમૅક્સ' પણ નથી, કે નથી એમાં પ્રસંગોની પાત્રોની કે નાટ્યત્વની ભભક.

મહાયુદ્ધ બરાબર જામ્યું હતું. ગુજરાતના ઉત્તર છેડે આવેલા કાંઠાળ પ્રદેશમાં ઇંતેજારીનું ધુમ્મસ ઘેરાવા લાગ્યું હતું. ગએલાં કેટલાં ય વહાણોને 'બબ્બે ગોસનો ટેમ થ્યો' છતાં પાછાં ફર્યાં નહોતાં. ખલાસીઓના કાગળપત્તર નહોતા. પાછા ફરેલા બીજાઓ તેમના કંઈ સગડ આપી શકતા નહોતા. કચ્છ-સૌરાષ્ટ્રના સેંકડો ભડવીરો, જેમાં બાળકો ને સ્ત્રીઓ પણ હતાં, તેઓ ક્યાં હશે? એઓ યુદ્ધકેદી હશે? બચ્યાં હશે?—એવા અનેક મંગળ-અમંગળ સવાલો આ વિસ્તારના લોકોને ઊઠતા. હજારો કુટુંબોના રોટલા રળનારાઓની વાટ જોવાતી હતી. સાયગોન અને બર્લિન રેડિયો પર બોલવામાં આવતાં યુદ્ધકેદીઓનાં નામોની લાંબી કતાર ગુજરાતનાં ગામોમાં લોકો સાંભળતા. દુશ્મન રેડિયોના સમાચાર પણ સાંભળતા. અંગ્રેજી છાપાંનાં અને બ્રોડકાસ્ટનાં ભાષાંતરો કરીને જાહેર ચોગાનોમાં લોકોનાં ટોળાંને ત્યારે સંભળાવવામાં આવતાં. માંડવીમાં તો લગભગ દરરોજ આવી રીતે પાટલા બજારમાં, રંગચૂલીમાં કે કાંઠે માનવ-મેદની એકઠી થતી.

...પણ જે જોઇએ તે વાવડ નહોતા મળતા!

આખરે મહાયુદ્ધ પૂરું થયું. દિવસો વીત્યા, અઠવાડિયાંઓ વીતવા લાગ્યા, મહિનાઓ પણ પસાર [illegible] પણ હજુ સુધી આ બધા ખલાસીઓ કેમ ન આવ્યા? એ[illegible] યુદ્ધની છાવણીમાં રાખ્યા હશે?

એમણે કોઇનું ય બગાડયું નહોતું. એ કોઈની સામે યુદ્ધે ગયા નહોતા. ગુજરાતના અંતરને કાળઝાળ બાળતી ચિંતાના આ લોહીકાળા કયા વાંકે લોકો ભોગવતા હતા? આ પ્રશ્નો રોજ ઊઠતા હતા અને પડઘા વિના શમી જતા.

અને એક દિવસ—૧૯૪૫ના ઑક્ટોબરના બીજા અઠવાડિયામાં દેવદિવાળીને દિવસે માંડવીમાં સવાર તો રોજ જેવી જ ઊગી. શિયાળાનો હૂંફાળો બપોર થયો. ગામના લોકો દુકાનો બંધ કરી ઘેર જમવા જઈ રહ્યા છે. કાંઠાવાળા નાકા પાસે બંધ વખારોના ઓટલે બેસીને ઊંટગાડીવાળાઓ 'સીંગલ' ચાનો 'ટેસ' લઈ રહ્યા છે. ઊંટના ભાંભરવાનો અવાજ સંભળાય છે. જતાંઆવતાં ગાડાં ધૂળ ઉડાડે છે. એ વખતે કાંઠાની પોસ્ટ ઑફિસમાંથી ખાખી કોટ ને લેંઘા જેવું પાટલૂન પહેરીને અલી પોસ્ટમૅન બહાર નીકળે છે. ભસતાં કૂતરાંને આઘાં રાખવા માટે હાથમાં એક સોટી છે. માથાની ટોપીમાં પેન્સિલ ખોસી છે. કોટનાં પિત્તળનાં બટન ચળકે છે. સરકારના અમલદારના તોરથી હાથમાં પરબીડિયું લઇને તે ગામના ગઢમાં પ્રવેશ કરે છે, ને ખારવા પચારામાં આમતેમ જોતો જઈ પહોંચે છે.

થોડી મિનિટો પછી શહેરના એ ભાગમાં, અને પછી બધે ય, સનસનાટી ફેલાઈ જાય છે. અર્ધ વાળેલાં બારણાં જોરથી ખૂલે છે. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો આમતેમ એકબીજાના ઘરમાં દોડાદોડ કરે છે. શેરીમાં લોકો જમા થાય છે. મેડીવાળાં મકાનોની બહાર, બૂમો મારીને લોકો અંદરનાંને બોલાવે છે. બીજાં બધાં કામકાજ પડતાં મુકાય છે. બીજો બધો ગોધાટ બંધ થાય છે. સૌને મોંએ એક જ વાત છે. કંડલાથી તાર છે. વહાણ 'ફતેહુબ્બાબ' તથા વહાણ 'કલાવતી'માં અઢી વરસ પહેલાં ગએલા બે નાના છોકરાઓ જાપાનથી દેશમાં આવી રહ્યા છે. આજે રાતના મોટરબસમાં તેઓ માંડવી આવી પહોંચશે.'

બસ આટલી જ વાતે હજારોનાં અંતરના તાર ઝણઝણાવી દીધા છે. લોકોને થાય છે કે હવે બધાના વાવડ મળશે.

ઘેરઘેર પાણિયારે ઘીના દીવા સળગે છે. મંદિરોમાં પ્રાર્થના થાય છે. ઠેરઠેર બાધા માનવામાં આવે છે. કોઈ શ્રીફળ વધેરીને પ્રસાદ વહેંચે છે. કોઈ બ્રાહ્મણને, બાવા-માગણને બે વધુ મૂઠી ભરીને લોટ-ચોખા દે છે. પડીઓ ગણાઈ રહી છે. સૌને થાય છે કે શિયાળાનો દિવસ પણ જલદી કેમ આથમતો નથી?

કચ્છ સ્ટેટ સર્વિસના બસ સ્ટૅન્ડ પાસે સેંકડો લોકો જમા થાય છે. રાતના કડકડતી ઠંડી છે. પવનના સુસવાટાથી બચવા ઘણાએ પોતાના કાન મફલરથી ઢાંક્યા છે.

'બરાબર આઠ તો વાગ્યા, પણ બસ કેમ આવતી નથી? બપોરે ખારવા જ્ઞાતિના બે વડા તો તેમને લેવા ભુજ ગયા છે. શું ખરે જ દામજી ને મનુ આવ્યા હશે? કોઇએ ખોટો તાર તો નહિ કર્યો હોય? શું બસને અકસ્માત થયો હશે? રોયો ડ્રાઇવર પણ થાક્યો છે'... વગેરે શબ્દો કાને પડે છે. સ્ત્રીઓની હજારહજાર આંખ રુકમાવતી નદીના પુલ તરફ મંડાઈ છે. ક્યારે બસ આવે અને ક્યારે બધાના ખબરઅંતર મળે.

પણ ખરેખર બસને જરા અકસ્માત નડ્યો હતો. સમારતાં ત્રણ કલાક બગડ્યા હતા. રાતના અગિયાર વાગ્યે દૂરદૂરથી હેડલાઈટના ઝબકારા દેખાયા. કચ્છના સખત શિયાળાની આવી રાત્રે બસ સ્ટૅન્ડ પરથી કોઈ ખસ્યુ ન હતું. અનેક ઘરની બધી જ વસતિ ત્યાં એકઠી થઈ હતી. હૉર્ન સંભળાયું, કૂતરાં ભસ્યાં ને સ્ટૅન્ડના ઝાંપામાં મોટર દાખલ થઈ. બધી જ આંખો ઉતારુઓ તરફ મંડાઈ.

ને ખરેખર, ન્યાતના વડાના હાથના ટેકે જાપાન ગએલા દામજી ને મનુ બસમાંથી નીચે ઊતર્યા. માલમોનાં મજબૂત બાવડાં લોકોની

૭ ('કુમાર' અંક ૪૪૫)

ગીરદીમાંથી માર્ગ કાઢવા લાગ્યા. ન્યાતના વડાએ જોરથી કહ્યું કે છોકરાઓને શોષ આવે છે. બધી વાત કાલે કહેશે. આ બંને કુમારોને(દામજીની ઉમર ૧૫ની ને મનુ ચૌદ વરસનો) મોટેરાએ કહી દીધું હતું કે એક હરફ ન ઉચ્ચારજો. આજે વરસોથી આશાને તાંતણે ઠંઇક ટકી રહ્યા છે. ગમેતેમ બોલીને કે બાફીને એ લોકોના તંતુને તોડી ન નાખજો.

ઘણી સ્ત્રીઓએ કજેળાટ કર્યો, કોઇએ સગપણ યાદ કર્યું, પણ ફોગટ. છોકરાઓની શૂન્ય તગતગતી આંખો જોઇને બધા ધીરેધીરે હટતા ગયા. આ ચૌદ-પંદર વરસની ઉમરના છોકરા જ જાણે નહોતા; માત્ર હાડપિંજરો હતાં. એમનાં કપડાં એમનાં અંગ પર બંધબેસતાં નહોતાં. જાણે દોઝખમાંથી પાછા આવ્યા હોય એવા એ લાગતા. પોતે ક્યાં છે એવો પોતાને વિશ્વાસ ન હોય તેમ ચાલતા. આ માદરેવતનને સ્વપ્નમાં તો નથી નિહાળી રહ્યા ને, એમ તેમને જાણે કે લાગતું હતું. આ જોઇને બધા જ ગંભીર બની ગયા. થોડી વાર પહેલાંનો શોરબકોર રૂંધાઈ ગયો. બૈરાંના ટોળામાંથી એક રૂપાળી જુવાનજોધ નારી પાછળથી દોડતી આગળ થઈ. માથે બરાબર ઓઢ્યું ને દામજી પાસે આવીને તેનાં ઓવારણાં લઇને બોલી: 'વીરા, એના તો વાવડ દે. ઇ તારા ભેગો જ વહાણે ચડયો તો...' ને એની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. વાતાવરણ ગમગીન થઈ ગયું. ઘર ભણી જવું આ ટોળું થંભી ગયું ને સેંકડો સ્ત્રીઓની આંખોમાંથી એવી જ રીતે શ્રાવણ-ભાદરવો વરસી રહ્યો.

ગામમાં એવા ઘણા છે કે જેઓ આ વખતે હાજર હતા. તેઓ કહે છે કે છાતી પીગળી જાય એવી આ પળ હતી. થતું હતું કે હૃદય બંધ પડી જશે. પણ પેલા બે છોકરાઓ શૂન્ય આંખે માત્ર જોયા જ કરતા હતા. એઓના કાન ખોટા હતા? કે પછી લાગણી બુઠ્ઠી થઈ ગઈ હતી? કે પાગલ બનીને તો નહોતા આવ્યા ને? એ જુવાન નારીએ છોકરાના પગ પકડયા હતા, તે લોકોએ છોડાવ્યા: 'બાઈ, આઘી થા, મા; બે ચાર દિ જવા દે, પછી જે કાંઈ ખબર છે તે કે'શે. છોરાને કાંઈ ભાન નથી લાગતું.' વગેરે શબ્દો બોલીને મોટેરા આગળ થયા.

દેવદિવાળીની રાતનો ખારવા કોમનો ઉત્સવ તેજહીન બની ગયો હતો. દામલો ને મનિયો શું બોલશે? બોલશે? બોલી શકશે? તેઓ ખરેખર જાપાન ગયા હશે કે આફ્રિકાથી આવતા હશે? કે પછી બ્રિટિશરોએ પૂરી રાખ્યા હશે? ચૂપ કેમ છે? કાંઈ ખરાબ સમાચાર હશે? આ પ્રશ્નો સાથે બીજા દિવસની સવાર ઊગી. આજની સાંજ કેવી જશે?

દામજીની આંખો તો હજી ય પહોળી થઇને કંઈક જોયા કરતી હતી. એ છાપરા સામે જ જોયા કરતો હતો. મનુની આંખો ઉઘાડબંધ થયા કરતી હતી. કૂતરાં ભસતાં કે પાસે બાળકો આવતાં તેની તેમને કશી અસર થતી નહોતી. ખાવાપીવાનું તેઓ બરાબર ખાઈ લેતા હતા. પણ એ સિવાય બીજી કોઈ લાગણીની અસર જ દેખાતી નહોતી. નજીકનાં એક કાકાએ તો આખી રાત એમની પાસેથી વાવડ મેળવવાની કોશિશ કરી હતી. એનાં ટપકતાં આસુઓથી છોકરાઓના પગ ભીંજાએલા જ રહ્યા હતા.

સવાર થતાં જ લોકોની ભીડ ઘરમાં વધવા લાગી. કંઈક સગાંવહાલાં આવ્યાં. સ્ત્રીઓની ઠઠ જામી. ખાસ કરીને એ બે વહાણમાં ગએલા ખલાસીઓની માતાઓ ને પત્નીઓએ ફરી રડવા માંડ્યુ. ઘરના લોકોએ આગંતુકોને બહાર કાઢવા માટે વિનંતીઓ કરી, આજીજી કરી, અને છેવટે કડક ભાષામાં સંભળાવ્યું. પણ કોણ જાય? કેવી રીતે જાય? બધાંના સર્વસ્વનું ભાવિ આ છોકરાઓની જીભ પર લટકતું હતું!

આખરે બપોર પડ્યા. કાકલૂદી ને આંસુના મહાપૂર સામે મનુનું કિશોર હૈયું ટકી ન શક્યું. ને ડૂસકેડૂસકે રડવા લાગ્યો. (અનુ. પૃ. ૩૦મે)

નટ નાટક અને નાટકશાળા



શ્રી ચન્દ્રવદન
મહેતાની
રંગ-ગઠરિયાં

પ્રારંભ

પહેલાં થોડા ખુલાસા કરી લઇએ. આ લખાણનું નામ 'બાંધ ગઠરિયાં' કે 'રંગ-ગઠરિયાં', કે એવું, કોઈની સાથે ગ્રન્થેલું ગાંઠેલું કે ગોઠવેલું કેમ ન રાખ્યું, એવો સવાલ કોઇને થશે. વળી આ આત્મકથા કે સફર-કથા છે, એવા સવાલો પણ કોઈ પૂછશે. 'બાંધ ગઠરિયાં' માટે જ કેટલા સવાલો પૂછાયા! 'એ આત્મકથા કહેવાય? એમાં કર્તા શું કહેવા માગે છે? આપકથામાં લેખક પોતા માટે પૂરતું લખતા નથી ને બીજા માટે લખ્યે જાય છે એ ઠીક કહેવાય?' પોતા માટે ઓછું લખીએ એ પણ ગુનો! વારુ ભાઈ, હવે અમે જાતની ઢોલકી વગાડીશું. પણ જોજો, એ ઢબ તમને જ નહિ ગમે. 'બાંધ ગઠરિયાં' વાંચીને માંડમાંડ કેટલાકની મારા પ્રત્યેની સૂગ ઓછી થઈ છે તે વળી પાછી વધવા માંડશે, એટલે એ વાત કંઈ મારે ગળે ઊતરતી નથી.

એક હકીકત સાચી, કે 'બાંધ ગઠરિયાં' વાંચી થોડાઓએ મને જેવો હું છું તેવો જાણ્યો છે, કંઇકે મીઠી દોસ્તી પણ બાંધી છે. તો એવા દિલસોઝ દોસ્તો માટે, માંહ્યલો જેમ જાગશે, ને જાગતો રહી જે મારગ બતાવશે તેમ કલમ ચલાવ્યે રાખીશ. જાતજાતના નાના-મોટા વાંચનારાઓ તરફથી પ્રોત્સાહન મળતાં રહ્યાં છે, તેવા બધા સાથે ફરી એકવાર દિલ બહલાવીશું, ફરી હેતના તાંતણા વણી અવનવી વાતો કરીશું અને સૃષ્ટિના વિશાળ તટ-પટ ઉપર હરીશું ફરીશું, જે જે જોયું જાણ્યું માણ્યું એનો સરવાળો મૂકીશું.

કેટલાક સ્નેહીઓ 'રેડિયો ગઠરિયાં' વાંચવા અધીરા થઈ ગયા છે તે હું જાણું છું. એ લખવા વચન પણ આપ્યું હતું. એનું કાચું ઘડેલું લગભગ તૈયાર છે. પણ ખરું કહું?—અને આ આપકથામાં લગભગ બધું જ તો હું ખરું કહું છું, એટલે આ પણ ખરું કારણ જાણજો—કે એ લખવાની હિંમત નથી ચાલતી. હકીકત એવી છે કે જ્યારે ૧૯૩૮-માં અમે રેડિયોના દફતરમાં દાખલ થયા ત્યારે લાયોનેલ ફીલ્ડન ને બુખારી જેવા ઉસ્તાદોને હાથે અમે જે જ્ઞાન પામ્યા એ જોતાં, આજના પ્રગતિ પામેલા, વિજ્ઞાને વધારે વિસ્તારેલા આ જમાનામાં જે જ્ઞાન ત્યાં આપવામાં આવે છે એની સરખામણી તો સ્વાભાવિક થઈ જ જાય, અને એમાં બે બોલ કડવા કહેવા પડે, તે કહેવાની હિંમત ચાલતી નથી. ભલે સરખામણી ન કરીએ, તો યે ત્યારના કાર્યક્રમો માટે તો લખવું જ પડે. એક નાનકડી વાત લ્યો. રેડિયો નાટક યા કોઈપણ નિશ્ચિત કરેલી રજૂ થનારી વસ્તુ સમયસર પૂરી થવી જોઇએ, ને જો એકાદ નાટક મિનિટ બે મિનિટ લાંબું થયું તો સવારે ચર્ચાસભામાં ફીલ્ડન સાહેબ જાતે, એડિટિંગ બરાબર નહોતું કર્યું કે રીહર્સલો પાધરાં લીધાં નહોતાં, ત્યાંથી શરૂ કરી અનેક ઝીણી વાતો કરી, અમારાં પાણી ઉતારી નાખતા, અને નવી દૃષ્ટિ આપતા. કોઇનો વાર્તાલાપ કે નાટિકા એક દિવસ ધારો કે રજૂ ન કરી શકાયાં, ને એને બદલે વારંવાર સૂતરો ઉપાય અમલમાં મૂકવામાં આવે છે તેમ, તાવડીઓના ઢગલામાંથી બે-ચાર તાવડીઓ વગાડી દીધી, તો બીજી સવારે ચાલુ એવો જવાબદાર કારભારી, મુંબાઈ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી ગમે ત્યાં હોય ને, તેના બાર વાગી ગયા સમજી લેવા. નિશ્ચિત કાર્યક્રમ રજૂ ન કરવો એ બૅડ એસ્થેટિક, સુરુચિભંગ, બૅડ ટેસ્ટ, અજુગતું અઘટિત અણછાજતું, એમ ફીલ્ડન સાહેબ કહેતા. રેકોર્ડ તો કોઈ ગમાર ઉલ્લુ પણ વગાડી શકે, એમાં શી ધાડ મારી? રદ થએલા કાયર્ક્રમને બદલે—અરે ના રે, 'નૉનસેન્સ, આઇટેમ રદ થાય જ નહિ' ફીલ્ડન કહે; પણ જો કૅન્સલ કરો, નછૂટકે કરવી જ પડે, તો એને બદલે—એ જ પ્રકારની પણ એથી વધુ સારી આઇટેમ આપો; એની તમારી પાસે તૈયારી હોવી જોઇએ, રેકડાં તો કોઈ પણ વગાડી શકે.

ના, પણ વાત એટલેથી અટકતી નહિ. એક દિવસ એમણે એક ભારેનું સૂત્ર સમજાવ્યું. આઠ વાગ્યે એક વાર્તાલાપ છે, યા કુમારી રસવંતીનો ગાવાનો કાર્યક્રમ છે. ફીલ્ડન કહે કે 'મારે એ સાંભળવો છે. હું રેડિયો લાઇસેન્સ ધરાવનાર ગ્રાહક છું. હું નિયમિત મારા પસંદ કરેલા પ્રોગ્રામો સાંભળું છું. સાંજે હું ફરવા ગયો. સાડા સાતે કોઇ મને મળ્યું. એ મને કહે કે આઠ વાગ્યે મારે ત્યાં આવો, ત્યાં મોટો સરસ જમણવાર છે, ડૉન બ્રૅડમૅન કે દુલીપસીંગ જમવા આવનાર છે, મઝા આવશે જરૂર આવો. મેં ના કહી, કારણ મારું ચિત્ત આઠે કુમારી રસવંતીનું ગીત સાંભળવામાં ચોંટેલું હતું, અથવા, મલેરિયાના જંતુ વિષે નિષ્ણાત ડૉક્ટરનું વક્તવ્ય સાંભળી કેટલીક હકીકત જાણવા ઇંતેજાર હતું. પેલા ભાઇને નિરાશ કરી મારતી ગાડીએ ઘરે પહોંચ્યો, સાત પંચાવને રેડિયો શરૂ કર્યો, બે મિનિટમાં સ્વસ્થ થઇ સામે ઉત્સુક થઈ બેઠો, અને ત્રણ મિનિટમાં ફકવો સાંભળ્યો: 'માફ કરના, આઇટેમ કૅન્સલ!'

ફીલ્ડન સાહેબ કહે કે ઘરાક જો ધારે તો નુકસાનીનો દાવો માંડી શકે! એનો વખત બગડ્યો, એ બીજું સારું કામ કરતાં અટક્યો, અને એણે માનસિક નિરાશા અનુભવી એનો આઘાત થયો, તે જુદો. આ દૃષ્ટિબિંદુ જ અનોખું હતું. દુનિયામાં આવી બાબતોમાં કોઈ દાવા માંડતું નથી, એવા કોઇ નવરા પડ્યા પણ નથી, પણ કમનસીબે આજે જ્યારે આ વાત, આ દૃષ્ટિબિન્દુ નવાનવા રેડિયો કારભારીઓ આગળ રજૂ કરું છું ત્યારે તેઓ મને હસે છે. નાટકો મુકરર સમય ઉપરાંત વીસવીસ મિનિટ લાંબાં ચાલે, અધિકારીઓને કાને આ વાત નાખીએ ત્યારે એઓ કબૂલ ન કરે; પરંતુ ઘડિયાળ કંઇ જૂઠું કહેવાની હતી? વળી, લખાવટની બાબતમાં ત્યારની તાલીમ ક્યાં અને આજની ઉપરછલ્લી દેખરેખ ક્યાં? નાટક કે વાર્તાલાપનું એકેએક વાક્ય ત્યારે સંશોધાતું, જોખાતું, એને શ્રાવ્ય માધ્યમને લાયક બનાવાયું છે કે નહિ એની તકેદારીથી નવેસરથી એ અવતાર પામતું. આજે?

૧૯૩૮ પછી પટમાં—વીસેક વર્ષ બાદ, તાજેતરમાં દિલ્હીમાં રેડિયોના દફતરમાં જ રેડિયો-નાટક સંબંધી સમારોહ યોજાયો હતો ત્યારે સારા ભરતખંડનાં રેડિયોકેન્દ્રો ઉપરથી પ્રસારિત થએલી એક નાટ્યકૃતિનો દાખલો સભાજનો સમક્ષ પ્રવચનમાં ટાંકવામાં આવેલો. ભાષણકાર ચન્દ્રવદન મહેતા; ચર્ચાનો વિષય રેડિયો નાટકની લખાવટ; દાખલામાં ભજવાઇ ગએલું શ્રી ઉદયશંકર ભટ્ટે ખાસ રેડિયો-રૂપાંતર કરેલું 'ચન્દ્રગુપ્ત'નું નાટક. એના વીસેક પ્રવેશો, સંખ્યાબંધ પાત્રો અને

બીજી નાનીમોટી વારંવાર તલવાર ખખડવા વગેરેની વાતો જવા દો, પરંતુ લખાવટમાં 'આંબિક મૂછમાં હસે છે' એવી એક સૂચના! તો ભાષણકારે અત્યંત નમ્રતાપૂર્વક બતાવ્યું કે આ આંધળાં માઇક્રોફોન સામે મૂછમાં હસવાની ક્રિયા બતાવવી કઈ રીતે? અલબત્ત, સામું પાત્ર એમ બોલે કે 'આંબિક; મૂછ મેં ક્યા હસતા હય?' તો હજી યે બરાબર, કે એ ઘટના શ્રોતાના ધ્યાનમાં એમ કરી લાવવામાં સફળ થયા. પરંતુ રેડિયો-દફતરમાં કંઈક વર્ષોથી કામ કરનાર શ્રી ઉદયશંકર ભટ્ટ જેવા આવી અને એવી કંઈક ચૂકો કરી બેસે, ત્યાં જેમને રેડિયોનો અનુભવ નથી એવા લેખકોના લખાણમાં તો કુદરતી રીતે ખામીઓ હોય જ, એ સુધારવાની તો વાત જ ક્યાં? ફીલ્ડન-બુખારીના જમાનામાં આ ન ચાલે, ફટકા પડે, ચામડાં ઉતારી નાખવામાં આવે.

પણ આજે? રેડિયોના ઓગણીસસો વીશીમાંના જન્મ પહેલાં અઢારસોએંશી-નેવુંમાં લખાએલા નાટકને, એ જેમ લખાયું તે જ રૂપે રજૂ કરવામાં કે તખ્તા ઉપર ભજવાતાં નાટક આગળ રેડિયો માઇક્રોફોન મૂકી એને વિસ્તારિત કરવામાં કશું ખોટું નથી, એમ એ દફતરના ઊંચી કોટિના અધિકારી આગ્રહ રાખે, ત્યા નાટક ને રેડિયો-નાટક, બંનેના માધ્યમમાં કશો ફરક છે જ નહિ એમ માની, માથે હાથ મૂકી બેસી રહેવું જ મુનાસિબ છે. બીજું શું થાય? ફીલ્ડન ખોટા; ધરાધર ખોટા!

૧૯૪૦ના લંડન બી.બી.સી.માં ફીલ્ડન હતા ત્યાર કરતા યે આજે બી.બી.સી. હજાર જોજન આ દિશામાં આગળ વધી ગયું છે. અને લંડન બી.બી.સી.ના કેન્દ્રમાં આજે તો યુરોપભરમાંથી શિખાઉઓ તાલીમ લેવા દોડ્યા દોડ્યા આવે છે. રેડિયો માધ્યમને બી.બી.સી.એ પચાવી દીધું છે, એમાં નવાંનવાં શિખરો સર કરે છે. ભારતમાંથી પણ ત્યાં શીખવા કદીક અણુધડોને મોકલવામાં આવે છે. ફીલ્ડન હતા તે જમાના કરતાં બી.બી.સી. ઠીકઠીક આગળ છે. જ્યારે અહીં? ફીલ્ડન હતા એ ધોરણ તો બાજુએ રહ્યું, એનાથી પાછાં પગલાં કરવામાં આવ્યાં છે. તોયે ફીલ્ડન ખોટા! પરદેશથી કોઈ આપણા કેન્દ્રમાં તાલીમ લેવા આવતા હોય એમ હજી તો જાણ્યામાં નથી. હા, ભારત સ્વતંત્ર થયા પછી બ્રોડકાસ્ટિંગના વિષયોનો વ્યાપ વધ્યો છે, વધતો રહ્યો છે; પરંતુ બ્રોડકાસ્ટ થતા શબ્દ-સ્વરૂપનો બ્રોડકાસ્ટ થવા માટે જેવો હોવો જોઇએ એવો અનુરૂપ અવાજ, લઢણ અને વાક્યરચનાની ઘટિત ગોઠવણ, એ સંબંધમાં જ્ઞાન કે ભાન વધ્યાં નથી, આચારના સંજોગોમાં વધે એવાં ચિહ્નો પણ જણાતાં નથી.

૧૯૩૮થી ૧૯૫૨ સુધીના મારા અનુભવમાંની એવી અનેક ઘટનાઓ અને દિલચસ્પ કિસ્સાઓ ટાંક્યા-ટાંક્યા મોજૂદ છે, પણ કહેતાં ક્યાંક ઘણાને ખોટું લાગી જાય એવો સંભવ છે. જે મારા સાગીદારો હતા ને મારા જેટલું યા વધારે આજે જાણે છે, સમજદાર છે, તેઓને પણ બખાળા કાઢતા જોઉં છું. અસહાય દશામાં દેખું છું ત્યારે દુઃખ થાય છે. જમ્મુ, રાજકોટ, ત્રિવેન્દ્રમ, શિલૉંગના ચારે ખૂણે ને વચગાળે વેરાએલા બિચારા બેઠા છે ત્યાં પોતાથી બનતું કરે છે. પરંતુ ઉપરથી અજ્ઞાનનો વારસો વારંવાર પીરસવામાં આવે ત્યાં એમનાં આપીકો રસ સૂકાઈ જાય એ કુદરતી છે. આવા સંજોગોમાં એ કકળાટની કહાણી ક્યાં કેડેલું?

આને એક આખરનો ખુલાસો—દેથાવરાળ. એવી વરાળ અહીં નહિ કાઢું તો બીજે ક્યાં કાઢું? 'બાંધ ગઠરિયાં'નો ઘાટ કેવો? એ તે કઇ જાતની આત્મકથા? આવા હજાર સવાલો ક્યાંક ને પાઠ્ય પુસ્તક થતા એના ઉપર પરીક્ષામાં પાસ થવા માટેની વિવેચના પ્રગટ કરનારા વિદ્વાન વિવેચક સાહેબોએ ઊભા કર્યા હતા. આ કથા ચડેલા બીબામાં ઘાટ પાડી નથી લખી, એટલે એને આત્મકથા કહેવાય જ ૯ ('કુમાર' અંક ૪૪૫)

શી રીતે, એવી શંકા ઊભી કરી હતી. બરાબર. મારો જન્મ ૧૯૦૧માં થયો હતો. મહિનો ચૈત્રનો હતો. ચૈત્ર એટલે વૈશાખ પહેલાંનો મહિનો, હોળી પછીનો માસ. અહીં ચૈત્ર વિષે થોડાક દૂહા, સોરઠા, ચોપાઇ, કવિત, કાવ્ય રજૂ કરવાની જરૂર હતી. ન મળે તો બનાવી લેવા જોઇએ: પછી એની સાલ, સન, શક, લખી, એ વરસમાં ચૈતર વિચિતર જેવો, તો ત્યારે વાયરાની ગતિ કેવી હતી, તાપની માત્રા કેટલી હતી એવું એવું નોંધી, દિવસવાર સિલસિલાબંધ લખવું જોઇએ. જાણીતી હોય એવી વાતો જ લખવી જોઇએ. જરા આડા ચાલ્યા તો ભોગ લાગ્યા!

એટલે આ રજૂ થતા લખાણમાં વળી કોઈને ક્યાં મુંબાઇ, ક્યાં રોમ, ક્યાં હેલસિન્કી એ બધી રખડપટ્ટીમાં તારીખવાર, મહિનાવાર હોટલવાર, હોટેલના ખંડના નંબરવાર, સમયવાર, બસ ટ્રેન-પ્લેનના ટાઇમટેબલવાર જાણવા ન મળે તો નિરાશા સાંપડશે. લોકોને ખબર ન હોય, યા વિવેચકને ખોટી જ ખબર હોય, તો ખરી હકીકત લખીએ તો યે ઉપાધિ! 'બાંધ ગઠરિયાં'માં નાટકો વિષે લખતા એવું લખાયું કે સોરાબજી ઓગરાને છેલ્લા ૧૯૨૦માં મુંબાઇમાં 'ચલતા પૂર્જા'ના નાટકમાં ખૂબ જ સ્વસ્થ અભિનય કરતા જોયા હતા. બસ, એ પુસ્તકનો 'ટાઇમ્સ'માં અંગ્રેજીમાં રીવ્યૂ કરનારા વિદ્વાન ગુજરાતી વિવેચકે ટીકા કરતાં કહ્યું કે 'એ ખોટી વાત; ચન્દ્રવદન મહેતાના જન્મ પહેલાં સોરાબજી ઓગરા રંગભૂમિ ઉપરથી ફારેગ થઈ ગયા હતા.' મૂળ લખાણમાં મેં લખ્યું છે કે 'ચલતા પૂર્જા'નો નાટક જોવા ૧૯૨૦ ૧૯૨૧માં શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર અને હું કૉલેજમાં સાથે ભણતા ત્યારે સાથે જોવા ગયા હતા. ઠાકોરભાઈ અમદાવાદમાં હયાત બેઠા છે, સાક્ષી આપવાને; અને આ વાત ખરી છે. એના વધારે ટેકામાં સ્વ. યશવંત પંડ્યાના દોસ્ત ભાઇ શિવલાલ, તે ભાવનગરના, મારા ઉપર એક લંબાણ પત્રમાં લખે છે કે ૧૯૧૯માં મુંબાઈમાં 'વીસમી સદી'વાળા હાજી મહમ્મદ અલારખિયાના કહેવાથી 'ચલતા પૂર્જા'નો નાટક એમણે મિત્રો સાથે પિલાડાફસ ઉપર આવેલા દુબાસ થીએટરમાં જોયો હતો. ત્યારે સોરાબજી ઓગરાનો અભિનય સુન્દર હતો, અને એ નાટકમાંનાં દશ્યોની છબીઓ 'વીસમી સદી'માં હાજી મહમ્મદે છાપી હતી.

વિવેચક સાહેબે એ નાટક જૂના કાળમાં જોયું હશે એમ પણ ન બને; કારણ વિવેચક સાહેબની ઉમર જ મારાથી નાની, એટલે ૧૯૦૨ની આસપાસ તો ન જ હોય; અને પછીની ખબર ન હોય તો લેખકે વિવેચકોનું અજ્ઞાન ધ્યાનમાં રાખી બનેલી હકીકતો પણ ન લખવી? આ તો ઠીક છે, પણ એકાદ દિવસની સરતચૂકથી કંઇ ભૂલ થઈ જાય, તો વિવેચક આ હિસાબે તો લેખકને જીવતો જ બાળી નાખે ને?

ખેર, આવું તો થાય. એમાં આટલા ખુલાસા શાના કરવા નીકળ્યા? એમ પણ કોઇ કહેશે. અને આવીઆવી ઝીણી બાબતો વિષે ખુલાસા કરવા બેસીએ તો આરો પણ ક્યાં આવે, એ પણ ખરું. પણ આ લેખમાળામાં આપણે નટ નાટક અને નાટકશાળા વિષે લખવાના. એમાં ખાસ તો યુરોપની હકીકતો, અનુભવો આલેખવાના: એટલે કોઈ હિતશત્રુ ઉપર જેવા જ બિનપાયાદાર તુક્કાઓ ઉડાવી ખરાનું ખોટું કરવા વલણ તો એ માટે આ એક નાનકડી પાળ બાંધી. બાકી મૂળ વાત ખરી, કે આ તે શી પંચાત! માનવું હોય તે માને, ને ન માનવું હોય એને ક્યાં મનાવવા જવાના છીએ? યુનિવર્સિટીઓમાં ભલભલા કહેવાતી થીસીસોમાં બાંગેબાંગ બિનપાયાદાર બિનજવાબદાર બિનાધાર ઉલ્લેખોના ખડકલા થયા છે, ત્યાં આપણે તે ક્યાં 'ફાટ્યા આભને થીંગડાં' મારવાના હતા! છોડો લપ, અને ચલો આગળ.

છ મારો આંક. આંકફેરક કદી રમ્યા નથી, પરંતુ છગ્ગો રમું તો કદાચ લાભ થાય ખરો. પણ એ ગુનો કહેવાય, એટલે આંક નહિ રમીએ.

પરંતુ છઠ્ઠી તારીખનો જન્મદિવસ તેથી, કે કયા કારણે, છ, પંદર, ચોવીસ, બેતાલીસ, એમ સરવાળો છ આવે તે વરસ સારું, એ ન્યાયે ૧૯૫૯ના આંકડાઓનો સરવાળો છ આવતાં એ વરસ એકંદરે ઘણું સારું ગયું એમ કહીએ તો ચાલે. પૈસો પણ ઠીક કમાયા, અને કીર્તિ પણ સારી મેળવી. અત્યાર સુધીનાં વર્ષોમાં ઇન્કમટૅક્સ વધારેમાં વધારે ભર્યો છે, એટલે આ વાંચતાં કોઈ અમલદાર સાહેબે ચિંતા ન કરવી; ખરા આંકડા જ બતાવ્યા છે. અને આ પણ આત્મકથાનું એક લક્ષણ, જાતની આવી વાત કરવી તે. કીર્તિ, ધન ને સ્વાસ્થ્ય ઠીક રહે પછી શું જોઇએ? અલબત્ત, થોડીઘણી ક્યાંક ગાળો પડી, સહેજસાજ શરદી થઈ; પણ એટલું ગાલે મેશનું ટપકું ન હોય તો લોકોની નજર લાગે. અને તે ઉપરાંત સૌથી મોટી કૃપા તો મા સરસ્વતીની, જેની અમીદૃષ્ટિથી કેટલુંક માથે ચડેલું લખવાનું પૂરું થયું; 'આ રંગ-ગડરિયાં'—'નટ નાટક અને નાટકશાળા' લખવાની શરૂઆત થઈ; અને '૫૮માં શરૂ કરેલો ડૉન ક્વિક્ઝોટનો મોટા ભાગનો અનુવાદ ૧૯૫૯ના સરવાળે છના આંકડામાં જ પૂરો થયો.

આ ડૉન ક્વિક્ઝોટ (અને ૧૯૬૧ પછી ડૉન કિહોટે) કોણ? મારું નિમિત્ત, યુરોપમાં રમણભ્રમણ કરવા તત્પર થવાનું મૂળ કારણ, તે એ. એ રમણભ્રમણ ડૉન ક્વિક્ઝોટની ઢબે નહિ; પણ એ પુસ્તકને લઇને એ તો ચોક્કસ. એ મૂળ પુસ્તકને પ્રગટ થયાને આજ સાડી ત્રણસો વર્ષ થયાં, અને એ દરમ્યાન લાખો નહિ પણ કરોડો નકલ એની ખપી. છતાં એના લેખકને એ થકી જેટલી કમાણી ન થઈ તેનાથી વધારે એની ફક્ત એક જ—એક હજાર નવસો અને પાંત્રીસમી આવૃત્તિ તૈયાર કરવામાં મને થશે: તો મારા જેવા મારી અગાઉ એ કૃતિને જુદીજુદી સિત્તેર ભાષાઓમાં ઉતારનારા અને ઓગણીસ સો ઉપરાંત આવૃત્તિઓ છાપનારા કેટલું કમાયા હશે એનો આંક માંડો. બે હજાર આવૃત્તિઓનો હિસાબ લેવા, અને ઓછામાં ઓછી સરેરાશ દર વખત દસ હજાર નકલો છપાય એમ ગણો, તો યે કેમ દેતાં બે કરોડનો આંકડો નીકળે છે. ટૂંકાવેલી આવૃત્તિઓ તે તો જુદી. અસ્પેનિયા લોકોનો દાવો છે કે બાઈબલ વંચાય છે એની પછી વાચનારાઓની સંખ્યામાં બીજે નંબરે ડૉન ક્વિક્ઝોટનું (હવે કિહોટેનું) આ પુસ્તક આવે છે. બધી વિગતોના અભ્યાસ કરવા બેસીએ છીએ ત્યારે એ કથનમાં તથ્ય લાગે છે.

એ કિહોટેના કિસ્સા તો ગજબના છે જ, પણ એનો કર્તા યે કોઈ ગજબનો માણસ. નામે મિગ્યુએલ દ સર્વાન્ટિસ સાવેદ્રા; જન્મસાલ ૧૫૪૭; ગુજર્યા સાલ એની અને શેક્સપીઅરની બંને એક જ: ૧૬૧૬; ના એક જ અઠવાડિયું; અને સ્પેન ઇંગ્લંડમાં કૅલેન્ડરો જુદાં ચાલે,—બે દિવસના ફરક વાળા, એટલે એ હિસાબે એક જ દિવસ! માબાપ ગરીબ, એટલે પોતે પણ એકંદરે ગરીબ. નજીવું શિક્ષણ, લડાઈમાં લડતાં ડાબા હાથનું કપાવું, છાતીમાં ઘા, દરિયામાં ચાંચિયાઓને હાથે પકડતાં પાંચ વર્ષની કેદ, સ્પેનની આર્મેડા બાંધવામાં કરેલું સુથારી કામકાજ, કેદીઓનો ઉપરી, કોઈ પૈસા લઇને ભાગી જતાં તેના પર પૈસા ગેરવલ્લે કરવાનો આરોપ, જેલ, છૂટકારો, ગરીબાઈ, કોઈકના ખૂનના આરોપમાં યે ભાગીદાર! આમ પાણી-કહાણી ૧૬૦૫માં, પોતાના ૫૮મા વર્ષે એકાએક તો 'ડૉન ક્વિક્ઝોટ દ લા માન્ચા'ના કિસ્સા પ્રગટ કરે છે. ૧૬૧૫માં એનો બીજો ભાગ બહાર પાડે છે. અને પછીના એક વર્ષમાં પોતાની દુનિયા સમેટી લે છે. એની ઉપર અઢળક લખાયું છે, વિચારાયું છે, અને હજી લખાયે-વિચારાયે જાય છે. આવો એ સર્વાન્ટિસ. કહે છે કે પહેલો ભાગ લખતાં એને તેર વર્ષ થયા હતા. છે ને ધીરજ! આપણે ત્યાં સરકારી નોકરીમાંથી છૂટા થવાની ઉમર વિતાવ્યા બાદ એક જગવિખ્યાત લેખક તરીકે એ પંકાય, એવું લખાણ એ લખે છે.

પણ આપણે ક્યાં આડા ચાલ્યા? ડૉનના અનુવાદ કરતાં મને વિચાર આવ્યો કે એના કર્તા સર્વાન્ટિસનો દેશ તો જોઈએ. સાંભળ્યું કે મૅડ્રિડમાં એક આલીશાન મકાનમાં એક વિશાળ ભાગમાં ડૉન ક્વિક્ઝોટ સંબંધે લખાએલાં પુસ્તકોનો એક વિપુલ સંગ્રહ ગોઠવવામાં આવ્યો છે, એ પણ તપાસીએ. કાલિદાસનું નામ સાંભળી ઉજ્જયિની જેવી નજર સામે તરવા માંડે છે! એમ અગમ જ સળવળ્યું. દરમ્યાન આઠમી રાષ્ટ્રીય નાટ્ય પરિષદ હેલસિન્કીમાં ભરાવાની ખબર આવી; નિમંત્રણ મળ્યું; પ્રતિનિધિ તરીકે પોતાને ખર્ચે જવાની સૂચના થઈ; અને મૂળ તો મૅડ્રિડ જવું જ હતું, એટલે ત્યાં પહોંચવા માટે ફક્ત હજાર-પંદરસો માઇલ દૂર પહેલાં હેલસિન્કી જવા ઊપડવું એમ નક્કી કર્યું.

ડૉન ક્વિક્ઝોટ (કે કિહોટે) વિષે હવે વિગતે તો આપણે સ્પેન જઈશું ત્યારે ચર્ચા માંડીશું. એ પહેલાં ફિનલૅન્ડ, લાપલૅન્ડ, નૉર્વે, સ્વીડન, ઇંગ્લંડ, હોલૅન્ડ, ફ્રાન્સ વગેરે દેશોનાં નટ-નાટકો અને નાટકશાળાનો આછો પરિચય કરીશું. પણ સ્પેન પહોંચીએ એ પહેલાં મારી એક વાત કાને ધરશો? ભારતમાં દર સાલ એકેક વાર તો અચૂક ડૉન ક્વિક્ઝોટ વાંચી જનારા—ભલે જૂજ પણ ભડવીરો હજી છે જ એ હું જાણું છું. યુરોપ-અમેરિકામાં તો હોય જ. ત્યાં સ્પેનની તો વાત જ શી? પણ તમે એ પુસ્તક ન વાંચ્યું હોય તો એકવાર વાંચી જશો? દેશમાંથી અંગ્રેજી સદંતર નાબૂદ થઇ જાય એ પહેલાં અંગ્રેજી આવૃત્તિઓ મળે તો ગમે તે હાથ ધરી વાંચી જજો તો સારું; નહિ તો પછી ગુજરાતી તો છે જ. મૂળ અસ્પેનીઆમાં વાંચો તો તો વળી ઓર લિજ્જત આવે. એ વાત જ જુદી. ચોપડી લાંબી છે, પણ કંટાળો નહિ આવે. એ વિષે વધુ રે હવે હમણાં નહિ. આપણે મૅડ્રિડ જઈશું ત્યારે ત્યાંની નૅશનલ લાયબ્રેરીના આલીશાન મકાનમાંના ડૉન કિહોટેના ખાસ ખંડમાં એની ઉપર લખાએલાં અસંખ્ય પુસ્તકો ઉપર નજર માંડી લંબાણથી ચર્ચા કરીશું.

આમ બે કારણો મળી જતાં ૧૯૫૯ના મે માસમાં યુરોપ જવા ઊપડવાનું નક્કી કર્યું (ચાલુ)

અથાણું

અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતી સ્ત્રીએ પતિને પૂછ્યું, 'સીધા ને આડકતરા વેરામાં શો ફેર?'

પતિ: સીધો વેરો એટલે હું તને પૈસા આપી દઉં તે; ને આડકતરો વેરો એટલે હું સૂતો હોઉં ત્યારે તું મારા ખિસ્સામાંથી પૈસા કાઢી લે તે.

કનુ: આજે તો માસ્તરે આજનો દિવસ અમને મરજી પડે તે કરવાની છૂટ આપી હતી.

મા: તો પછી તેં શું કર્યું દીકરા?

કનુ: વર્ગને આગ ચાંપીને આવ્યો છું.

નગરચોકમાં ખૂબ રખડતા કાગળો જોઇને મુલાકાતીએ ભંગીને પૂછ્યું: 'આ આટલા બધા કાગળ કોણે વેર્યા હશે?'

ભંગીએ કહ્યું 'એ તો મ્યુનિસિપાલિટીએ કાલે જ્યાંત્યાં કાગળો નહિ વેરવા માટે હેંડબિલો વહેંચેલાને, તે છે.'

એક મૅજિસ્ટ્રેટની યાદદાસ્ત ખૂબ તીવ્ર હતી. એક વખત એક ગુનેગારને તેમની સામે હાજર કરતાં મૅજિસ્ટ્રેટે કહ્યું, 'અરે, બે જ તને બે વરસ પહેલાં ગરમ કોટની ચોરી માટે સજા કરી હતી, ને એટલામાં વળી પાછો તું આવ્યો?'

'આપની વાત બિલકુલ ખરી છે, સાહેબ! પણ આપ જ વિચાર કરો કે એક ગરમકોટ તે કેટલોક લાંબો વખત ચાલી શકે?' ગુનેગારે શાંત ચિત્તે જવાબ આપ્યો.

પેગોડા-પ્રદેશ બ્રહ્મદેશ

અગત્સ્યને પગલે પગલે...હપ્તો ૪૦

લેખક
નવનીત
પારેખ

પ્રાચીન કુભાજની ભગ્ન ભવ્યતાના ચેનમાંથી વિમાન મને બહાર ઉપાડી લાવ્યું ને બૅંગકૉકમાં વિમાનની ફેરબદલી કરીને હું બ્રહ્મદેશની રાજધાની રંગૂન જવા ઊપડ્યો.

સાંજ પડયે અમારા વિમાને વાદળોના પટમાં ડૂબકી મારી અને ઐરાવતી (ઈરાવદી) નદીના હરિયાળા મુખ-પ્રદેશમાં અવરોહણ કર્યું. ડાંગરના રોપાથી છલકાતા, લીલાછમ ભૂપટને છેડે દૂર, ક્ષિતિજ પર ઊગતા સૂર્યના બિંબ જેવો જગવિખ્યાત શ્વૅડેગૉન-પૅગોડા આથમતા સૂરજનાં કિરણોમાં ચમકતો હતો. અમારા વિમાનની આથમણે અસ્તાચલે જઇ રહેલા રવિદેવતાનું પ્રચંડ, તેજસ્વી બિંબ ઝુકતું હતું, જ્યારે ઉગમણે આ ઉત્તુંગ, ભવ્ય, સુવર્ણ પૅગોડાનું તેટલું જ કાંતિમાન સુવર્ણ બિંબ ઝૂલી રહ્યું હતું. શું પૂર્વ દિશામાં કોઇ મોટા દર્પણમાં અમે આથમતા સૂર્યનું પ્રતિબિંબ જોઇ રહ્યા હતા? કવિરાજ માઘની ગિર-



બ્રહ્મદેશનાં મંદિરોના મહાદ્વારે નજરે પડતી શાર્દૂલ 'ચિન્થે' (સિંહ)

નાર પર્વત વિશેની ઉક્તિ તથા પાછળથી ગુજરાતીમાં ઘડાવેલી કવિ દલપતરામની લીટી યાદ આવી :

'બન્યા ઘંટ બે સૂર્ય ને સોમ જાણે.'

સુવર્ણ પૅગોડાની દૂરથી પણ ઝાંખી થતાં આ પૅગોડા-પ્રદેશ બ્રહ્મદેશનું બૌદ્ધ-ઐતિહાસિક સ્વરૂપ મનોપટ પર ખડું થયું. બાવીસ સૈકા પૂર્વે ભારતમા સમ્રાટ અશોકના અનુરોધથી બૌદ્ધ સંઘની ત્રીજી સંગીતિ (પરિષદ્, Synod) મળી હતી. અધ્યક્ષ મોગલીપુત્ત તિસ્સના આદેશ પ્રમાણે બૌદ્ધ સ્થાવરો ભારતથી જુદીજુદી દિશામાં ભગવાન બુદ્ધનો પ્રજ્ઞા-સંદેશ જગતને ઉપદેશવા નીકળી પડ્યા. તેમાં ભદંત સોણ તથા ઉત્તર આ 'સુવર્ણભૂમિ' (હાલના બ્રહ્મદેશ)મા આવ્યા અને અહીં શાક્યમુનિ તથાગતનું ધર્મચક્ર પ્રવર્તાવ્યું.

તે પછી ભારતના શાક્યવંશી અંભીરાજાએ આ સુવર્ણભૂમિમાં ટગાગવંશ સ્થાપ્યો, જેમા દ્વિત-બોગ નામના પ્રતાપી સમ્રાટે 'શ્રી-ક્ષેત્ર' નામે યશસ્વી સામ્રાજ્ય વિસ્તાર્યું. નવમી શતાબ્દીમાં પગાનનું ભવ્ય સમૃદ્ધ મહારાજ્ય વિકસ્યું જેને 'અરિ-મર્દન-પુર' કહેતા. આશરે ચારસો વર્ષ પર્યન્ત આ મહારાજ્ય ટક્યું. એ સમયને તવારીખમા 'પૅગોડા-કાળ' કહે છે, કારણકે ત્યારે બ્રહ્મદેશભરમાં ને મુખ્યત્વે પગાનમાં સેંકડો બૌદ્ધ સ્તૂપો તથા દેવાલયો બંધાયાં. અગિયારમી શતાબ્દીમાં મહારાજા અનોરથા (અનુ-અર્હત્) પગાનના સૌથી પ્રતાપી ને પરાક્રમી રાજા થયા. તેમના જ સમયમા બૌદ્ધધર્મ રાજધર્મ ઉપરાંત લોકધર્મ પણ બન્યો. અનોરથાને બર્માના સમ્રાટ અશોક કહી શકાય.

અનોરથાના પુત્ર ક્યાન-ઝિત્થે (જ્ઞાનસિદ્ધ) પગાનમાં અનેક મંદિરો ને સ્તૂપો બંધાવ્યા. અઢારમી શતાબ્દીમાં મધ્ય બર્મામાં પ્રતાપી સમ્રાટ અલૌંગ-પાયા થઇ ગયા ને તેમની પછીના પરાક્રમી સમ્રાટ ઝંબ્યુશીને ઈ. સ. ૧૭૬૭મા સિયામ તથા બીજા દેશો જીત્યા. આમ સિયામ પર બર્માનો લશ્કરી વિજય થયો; પરંતુ તેમના સંપર્કથી ને થાઇ કલાકારોના બર્મી રાજદરબારમા આગમનથી થાઇ નૃત્ય નાટ્ય-સંગીત તથા બીજી લલિત કળાઓએ બર્મી સંસ્કૃતિ પર જાણ્યે અજાણ્યે સરસાઈ મેળવી અને તેમાં થાઈ તત્ત્વો આવી ભળ્યા.

વિમાનમાંથી જ સુવર્ણ પૅગોડાની ઝાંખી કરીને અમે રંગૂનના

—નીચે—

દુનિયાભરના બૌદ્ધ સ્તૂપોમાં સૌથી ઊંચો ને કેવળ બ્રહ્મદેશમાં જ નહિ પણ સારી યે બૌદ્ધ આલમમાં અજોડ પૂજ્યતમ સ્થાન ભોગવતો, ૧૧૬ ફીટ ઊંચી ટેકરી પર આવેલો, અને સોનાનો ઢોળ ચડાવેલો હોવાથી પીતવસનધારી ધ્યાનસ્થ બુદ્ધ જેવો શોભતો રંગૂનનો ભવ્ય ને ઉત્તુંગ શ્વેડેગૉન-પેગોડા.



મિંગલાડૉન વિમાની મથકે બહાર આવ્યા. ઘણાં વર્ષોથી રંગૂનમાં મોટા ડિપાર્ટમેન્ટ-સ્ટોર ચલાવતા શ્રી રમણભાઈ ગાંધી, તેમનાં પત્ની યશોધરાબહેન તથા અન્ય મિત્રોએ સ્વાગત કર્યું અને રમણભાઇને ત્યાં ગુજરાતી આતિથ્ય સ્વીકાર્યું. ઘરે સામાન મૂકીને સીધા જ અમે રોટરી ક્લબના ભોજનસમારંભમાં ગયાં, જ્યાં ઘણા હિંદી તથા બર્મી ભદ્ર પુરુષોનો પરિચય થયો. ભોજન પછી મહેમાનોના મનોરંજન માટે બર્મી હાસ્ય-નાટિકા 'પ્વે' ભજવાઈ ને પાછળથી ટૂંકી શાસ્ત્રીય નાટિકા 'પ્વે નાટ' પણ પ્રસ્તુત થઈ. બ્રહ્મદેશમાં પગ માંડતાં જ આ નાટિકાઓ જોવા મળે તે મોટું સદ્‌ભાગ્ય; પરંતુ આ ભદ્ર પુરુષોની મંડળીમા મને બર્મી નાટ્ય પ્રકારોની ખૂબી સમજાવનાર કોઈ ન મળ્યું. રંગૂનના ચાર દિવસના રહેવાસમા ઘણા હિંદીઓ—મુખ્યત્વે ગુજરાતીઓને મળ્યો, પરંતુ એશિયા-આફ્રિકામાં વસતા આપણા બીજા હિંદીઓની જેમ આ બધા મિત્રો પણ અહીં જાતે જ વહોરી લીધેલો 'દેશનિકાલ' ભોગવે છે—પોતાની જ જન્મભૂમિ-કર્મભૂમિ, સુંદર, નિતાન્તરમણીય, સમૃદ્ધ, કલા-ધર્મ-પૂર્ણ બર્મામા પરદેશીની જેમ અતડા, અસ્પૃષ્ટ ને સુગાળ બનીને રહે છે. તેમાંના ભાગ્યે જ કોઇએ બર્મી ભાષા, કલાકૌશલ, ધર્મ કે સંસ્કૃતિમાં કશો યે રસ લીધો હશે. અહીં જ જન્મીને પોષાએલા ગુજરાતીઓને બર્મી ભાષા લખતાવાંચતાં પણ નથી આવડતી હોતી. પછી બર્મી લોકો તેમને પરદેશી 'કાલા' કહીને અવગણે તેમાં શું આશ્ચર્ય કે શાની ફરિયાદ?

સુવર્ણ-સ્તૂપ શ્વેડૅગૉન

વળતે દિવસે સવારે સૌપ્રથમ જ શ્વેડૅગૉન (સુવર્ણ) પૅગોડા જવાનું ગોઠવ્યું હતુ. શહેર બહાર ૧૬૬ ફીટ ઊંચી ટેકરી પર આ ભવ્ય ઉત્તુંગ સુવર્ણ સ્તૂપ બંધાયો છે. દુનિયાભરના સઘળા બૌદ્ધ સ્તૂપોમાં આ સૌથી મોટો ગણાય છે, ને બર્મામાં જ નહિ પરંતુ સારી યે બૌદ્ધ આલમમા તેનું અજોડ પૂજ્યતમ સ્થાન રહેલું છે. ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ પછી થોડા જ સમયમાં તેમના અવશેષ રૂપે જાળવી રાખેલા, માથાના આઠ વાળ બર્મી માન વ્યાપારીઓ ભારતથી અહીં



ભક્તોના ટૂંક અભિષેકથી જાણે કે પૂરો સંતોષ ન થતો હોય તેમ મંદિરના વ્યવસ્થાપકોએ બુદ્ધ-મૂર્તિ ઉપર નળના પાઇપથી પાણી લાવીને આધુનિક ફુવારાની રચના દ્વારા સતત અભિષેક યોજ્યો હતો!

સુવર્ણ-ભૂમિમા લાવ્યા અને તે પર એક નાનો પણ સુંદર સ્તૂપ બાંધ્યો. પછી તો બે હજાર વર્ષ સુધી તેનું સંવર્ધન થતું જ રહ્યું ને આજે સોને રસેલો ને સોનેરી વરખથી સુશોભિત આ શ્વેડૅગૉન ત્રણસો છવ્વીસ ફીટ ઊંચો, આભ ચીરતો ઊભો છે.

રસ્તામાં જ એક વિશાળ સરોવરને કાંઠેથી અમને આ ભવ્ય પૅગોડાનું દર્શન થયું. રવિકિરણોમાં ચમકતું અને સરોવરના જળદર્પણમાં પ્રતિબિંબિત થતું તેનું ઉત્તુંગ પીતાંબર શિખર આસપાસની નીલી વનશ્રી વચ્ચે અત્યંત સોહતું હતું. બૌદ્ધ સ્તૂપ માટેના સંસ્કૃત 'ધાતુગર્ભ' શબ્દમાંથી આ 'પૅગોડા'ની વ્યુત્પત્તિ થઇ છે. 'ધાતુગર્ભ'માંથી 'ડૅગોબા' શબ્દ નીપજ્યો જે આજે લંકામાં વપરાય છે; ને તે પરથી 'પૅગોડા.'

શ્વેડૅગૉનની તળેટીએ આવી પહોંચીને અમે અમારા જોડા ઉતારીને ટેકરી પર ચડવા માંડ્યુ. ઉપર પહોંચવા માટે ચારે દિશાએથી લાંબાં પગથિયાંનો એકએક સીડી-માર્ગ બાંધેલો છે, જેના પ્રારંભમાં એકએક લાક્ષણિક બ્રહ્મી શૈલીનું ગોપુરમ (પ્રવેશદ્વાર) ઊભું કરેલું છે. દરેક પ્રવેશદ્વારની ડાબે જમણે બ્રહ્મી પ્રણાલિકા અનુસાર એકએક મોટા, લાક્ષણિક 'ચિન્થે' (સિંહ) તો હોય જ. અમે દક્ષિણ દિશાના મુખ્ય દ્વારેથી પ્રવેશ્યા ને બૌદ્ધ યાત્રીની ભાવનાભક્તિથી આ ધર્મ-સોપાન પર ચડ્યા. આખો માર્ગ મથાળે છાપરાથી ઢાંકેલો છે ને તેની બંને બાજુએ અસંખ્ય નાનીમોટી દુકાનો આવેલી છે—દક્ષિણ ભારતના મંદિરોમાં દુકાનોની હાર હોય છે તેમ. અહીં છૂટાં ફૂલો તથા માળાઓ, મીણબત્તીઓ તથા ધૂપ, ચંદન અગરબત્તી તથા પૂજાપાનો બીજો સામાન તેમજ ધાર્મિક પુસ્તકો વેચતી ઉત્સાહી વિક્રેતા સ્ત્રીઓ દર્શનાર્થીઓ સાથે ભાવ-તાલ કરતી બેઠી હતી. સોદાની રકઝક છતાં સર્વત્ર પ્રસન્નતા ને સદ્‌ભાવનું વાતાવરણ હતું.

અર્ધે ચડ્યા ત્યાં ટેકરીની કેડ પરના કંદોરા જેવો, ચારે-પાસ ફરી વળતો પ્રદક્ષિણામાર્ગ આવ્યો. ભાવિક યાત્રીઓ આ પથ પર શ્વેડૅગૉનની પરિક્રમા કરે છે. સમયને અભાવે અમારે તે સુયોગ જતો કરી ઉપર ચડવું પડ્યું. ટેકરીની ઉપરનો ભાગ સપાટ કરી એક મોટી અગાસી જ બનાવેલી છે, જે પર અસંખ્ય નાના-મોટા સ્તૂપો ફૂટી નીકળ્યા લાગે છે.

અગાસીની મધ્યમાં મુખ્ય સુવર્ણ-સ્તૂપ બાંધેલો છે, જેની તળેટીની ચારેકોર અનેક નાની દેરીઓમા ભગવાન બુદ્ધની સુરેખ પ્રતિમાઓ પધરાવેલી છે. બૌદ્ધ યાત્રીઓ આ મૂર્તિઓની પૂજા કરે છે ને ધૂપદીપ અર્પણ કરે છે. એકબે સ્થળે તો બુદ્ધની દોઢેક ફીટ ઊંચી સુડોળ મૂર્તિ ખુલ્લામા પથ્થરના નાના ચોતરા પર ગોઠવી હતી જે પર યાત્રીઓ જળનો અભિષેક કરી શકે. માગણમાં કનિસ્ટરો ભરીને પાણી વેચનાર ઓહાજર હતા તેમની પાસેથી બ્રહ્મી યાત્રીઓ પાણીના લોટા ભરી લઇને કરુણાવતાર બુદ્ધ પર અત્યન્ત ભક્તિભાવથી અભિષેક કરતા હતા. ને જાણે આવા ટુંક અભિષેકથી સતોષ ન થતો હોય તેમ આ ધર્મસ્થાનકના વ્યવસ્થાપકોએ નળના પાઈપથી પાણી લાવીને આ મૂર્તિ પર ફુવારાની વર્ષા કરી છે જેથી જન-સમસ્તના પાપ સંતાપથી તપ્ત હૃદયવાળા ભગવાન બુદ્ધ પર શીતળ જળના અખંડ સતત અભિષેક થતો રહે! આપણે ત્યાં પણ મહાદેવજી પર સતત અભિષેક થતો રહે તે માટે શિવલિંગ ઉપર જળાધારી ભરી રાખી હોય છે ને?

ભગવાન બુદ્ધે પોતાના જીવનકાળ દરમ્યાન પાંચસો શિષ્યો કર્યા હતા, જે દર્શાવવા આ મુખ્ય સ્તૂપની આસપાસ પાંચસો સુવર્ણ લઘુ-સ્તૂપો ઊભા કરેલા છે. દરેક સ્તૂપને નીચલા ભાગમાં સાત ખૂણા પાડેલા હોય છે, જે બુદ્ધના પીત વસ્ત્રની સાત ગડી બતાવે છે. પ્રમુખસ્તૂપ પર કમળના ફૂલોની બે હાર કંડારેલી છે જે ધર્મ ચક્રની પ્રતીક છે; જ્યારે

મથાળે: શ્વેડેગૉન પૅગોડાની આસપાસના નાના પૅગોડાઓ; જમણી બાજુ: શ્વેડેગૉન સ્તૂપની પૂર્વ બાજુએ એક ખાસ મંડપમાં રાખેલો ચૌદ ફીટ ઊંચો ને સાત ફીટ પહોળો, બેતાળીસ ટન વજનનો મહાકાય ઘંટ

ટોચ પરની લાંબી ઊંચી દાંડી તથાગતના હાથમાં રાખવાની લાકડી તથા છત્રી દર્શાવે છે, જે બુદ્ધ પોતાના લાંબા 'વિહાર' વખતે ઉપયોગમાં લેતા. અહીંની ભાષામાં સ્તૂપની આ દાંડીને 'થી' કહે છે. તેની ટોચ પરના રત્નજડિત છત્રમાં ફરતી નાનકડી ઘંટડીઓ લટકાવેલી છે જેનો મધુર મંજુલ રણકાર ભાવિક યાત્રીને ભગવાન બુદ્ધના આશીર્વાદ સમો મીઠો સાંત્વનકારી સંભળાય છે.

સમગ્ર પૅગોડાનો આકાર જ પીતવસનધારી, ધ્યાનસ્થ બુદ્ધ જેવો દેખાય છે, જેમના શિર પર જ્ઞાન-જ્યોત પ્રકટી રહી હોય. આ ધાતુગર્ભને અવારનવાર સોનાનો ઢોળ તથા સોનાનો વરખ લગાડવામાં આવે છે. અમે ઉપર ગયાં ત્યારે પણ આખા સ્તૂપ પર પાલખ બાંધીને તેને નવો ઓપ અપાઈ રહ્યો હતો. આ સુવર્ણ-પૅગોડા પર સોનેરી વરખ લગાડવો તે એક પવિત્ર, ધાર્મિક કાર્ય મનાય છે. ઘણા બર્મી યાત્રીઓ અહીં મળતો વરખ ખરીદીને સ્તૂપ પર ચોંટાડતા હતાં.

સ્તૂપની આસપાસ ઘણા મંડપો બાંધેલા છે. ચારે બાજુ ખુલ્લા આ મંડપ પર સુંદર કાષ્ઠ-શિલ્પ કંડારેલું છે. તેમાંનાં ઘણાં સોને રસેલાં છે. તેમાં ભાતીગળ શિલ્પ ઉપરાંત ધાર્મિક પ્રસંગો પણ કંડારેલા છે. આવા મંડપને 'ઝયાત' કહે છે, ને તેમાં ધાર્મિક પ્રવચનો પણ થતાં રહે છે. સ્તૂપની પૂર્વ બાજુએ એક ખાસ મંડપમાં એક મોટો ઘંટ રાખવામાં આવ્યો છે. બેતાળીસ ટનનો આ મહાકાય ઘંટ બધું મળીને ચૌદ ફીટ ઊંચો છે ને સાતેક ફીટ પહોળો છે. ઉત્તર બ્રહ્મદેશમાં મંડાલેના મહાઘંટ પછી બર્મામાં આ બીજે નંબરે છે. બર્મી યાત્રીઓ માને છે કે દર્શને આવનાર વ્યક્તિ આ ઘંટ વગાડે તો તેને અહીં ફરી દર્શને આવવાનું થાય! આ પીતાંબર, સુવર્ણ-મંડિત, પવિત્રતમ, સ્તૂપશ્રેષ્ઠનાં દર્શને ફરીથી આવવાની અભિલાષા સાથે અમે પણ આ મહાઘંટનો રણકાર વાતાવરણમાં ગુંજવ્યો. સુવર્ણ-સ્તૂપ તથા તેની ચોપાસ આવેલી અસંખ્ય બુદ્ધ-પ્રતિમાઓ તરફ અભિમુખ થઇને અમે પણ બર્મી ભક્તજનોની પેઠે ઘૂંટણીએ પડીને પ્રણામ કર્યા ને ક્રમને નીચે ઊતરી આવ્યાં.

બપોર પછી અમે શહેરમાં જ આવેલો સુલે-પૅગોડા જોવા ગયાં. ચાર મોટા સરિયામ રસ્તાના ચો-રાહા પર આ રમણીય સ્તૂપ આવેલો છે. શ્વેડેગૉન જેટલો મોટો ને ભવ્ય તો નહિ જ, પરંતુ સોને રસેલો અને અણીદાર તો ખરો જ. આ સ્તૂપ ઘણો પ્રાચીન નથી. રંગૂનમાં બીજા બાટેટાંગ, નાડાચીન તથા કીમનડાઈનના સ્તૂપો પણ દર્શનીય છે.

ઈ. સ. ૧૮૭૧માં મંડાલેના શાણા, ધર્મિષ્ઠ રાજા મિંડોને બૌદ્ધ સંઘની પાંચમી વિશ્વ-સંગીતિ મંડાલેમાં ભરી હતી, તે પછી હમણાં ૧૯૫૪માં ધર્મનિષ્ઠ અહીંના લોકોએ રંગૂનમાં છઠ્ઠી બૌદ્ધ સંગીતિ યોજેલી. તેને માટે એક વિશાળ 'ગુફા' બાંધી હતી જેમાં એ પરિષદ ભરાઈ હતી. આડાઅવળા પથ્થરની જ દીવાલો રચીને તેને કુદરતી ગુહા જેવી બનાવવા યત્ન કર્યો લાગે છે. અંદરનું સભાગૃહ દોઢસો-બસો ફીટ લાંબું હશે ને પચાસેક ફીટ ઊંચું. છઠ્ઠી સંગીતિના સ્મરણમાં તેનો ઘુમ્મટ છ સ્તંભ પર ઊભો હતો, ને આસપાસ શ્રોતાજનોને બેસવાનાં, સ્ટેડીઅમ જેવાં એકએકથી ઊંચે, પહોળાં પગથિયાં. આ ગુફાની બાજુ પર શાંતિ-સ્તૂપ (Peace–Pagoda) આવેલો છે જે ઘણો સામાન્ય લાગ્યો.

એક સાંજે અમે અહીંના રાષ્ટ્રપિતા ઉ આૅંગ-સાનની સમાધિ પર ગયા ને અમારી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. થોડે જ દૂર શ્રી હનુમાનજીનું મંદિર છે. ત્યાંથી નવી જ બંધાએલી ઍન્જિનીઅરિંગ કૉલેજ જોઇ વળ્યા. લાકડાની ફરેતાળ (પૅનલિંગ)વાળો, અંડાકાર છતવાળો તેનો હૉલ મહાખંડ વિશેષ નોંધપાત્ર હતો.

સમયને અભાવે બ્રહ્મદેશનું ભવ્ય, પ્રાચીન નગર પગાન માં જોવું રહી જ ગયું. ત્યાં જઈ આવવામાં પૂરા પાંચ દિવસ નીકળી જાય તેમ હતા તેથી ફરી આવીશ ત્યારે જઈશ એમ મન મનાવ્યું. શ્વેડેગૉનનો મહા-ઘંટ જોરથી વગાડયો છે એટલે ફરી આવવાનું તો થશે જ! ઇરાવતી નદીને કાંઠે એ મધ્યકાલીન નગરનાં પાંચ હજાર મંદિરો તથા સેંકડો અવશેષો છૂટા-છવાયાં પથરાયાં છે. એ પગાનનાં મંદિરો તેમજ મૂર્તિઓની શૈલી પર ભારતીય શિલ્પ-સ્થાપત્યની સચોટ અસર છે.

યોગાસનો શરીર, મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને એકી સાથે સ્વસ્થ રાખતી આ અનન્ય વ્યાયામપદ્ધતિના અઘરા વિષયને નદન સરળ બનાવતી, શ્રી દામુભાઈ શુક્લની એ લોકપ્રિય પુસ્તિકાની સુધારેલી બમણા કદની નવી આવૃત્તિ કિં રૂ. ૧

કલાકાર વિનોદવિહારી મુખર્જી

લેખક • શ્રી કે. જી. સુબ્રહ્મણ્યમ

આપણા કલાવિવેચકો ને તદ્વિદોએ ભારતના અનેક મહત્ત્વના અર્વાચીન કલાકારો પ્રત્યે પૂરતું લક્ષ આપ્યું નથી. શ્રી વિનોદવિહારી મુખરજી પણ એવા જ એક કલાકાર છે. એમના કરતા પ્રતિભામાં ક્યાં ય ઊતરતી કોટિના કંઈ કેટલા યે કલાકારોની બાબતમાં એમનાં કાર્યની ચર્ચા થઈ છે, વિશદ વિચારણા થઈ છે, પ્રદર્શન યોજાયાં છે, લેખો ને કલાવિષયક પ્રકાશનો દ્વારા જાહેર જગત સમક્ષ એમનું કાર્ય સતત રજૂ થયા કર્યું છે, ને ઊગતા કલાકારોને ધડો લેવા એમના નામ સૂચવાયાં છે, એવા અનેક લાભો એ સૌ પામ્યા છે. હા, આને માટે અમુક અંશે મુખરજીની પોતાની ઉદાસીનતા ય કારણભૂત ગણાવી શકાય; કારણ બણગાં ને પ્રસિદ્ધિ પ્રત્યે મૂળે જ એમને ભારે અણગમો. છતા ય આપણા વિવેચકોના અજ્ઞાન અને પૂર્વગ્રહો પણ કાંઈ ઓછાં કારણભૂત નથી.

છેલ્લાં થોડા વર્ષોમાં એક યા બીજે સમયે 'બંગાલ-સ્કૂલ' તરીકે જાણીતી કલા-શૈલી વિષે વિરોધનાં વચન કાઢ્યાં ન હોય એવા કલાવિવેચકો ભાગ્યે જ જોવા મળશે. અસંખ્ય સાધારણ કક્ષાના બંગાળી કલાકારોની કૃતિઓ વિષેની એમની કડક વિવેચના, અલબત્ત, ન્યાય્ય ગણીએ; કેમ કે, બન્યું છે એવું કે નબળાં ચિત્રો હોય તો ય એને છાવરવા કાવ્ય અને દર્શનશાસ્ત્રના પોકળ સિદ્ધાંતો ટાંકી તે છુપાવવાના પ્રયત્ન થયા છે, ને પરિણામે સામાન્ય જનસમાજ આપણી કલા પરંપરા અંગે ભ્રાન્તિ સેવતો થયો છે. એના વિરોધમાં જે બખાળા વિવેચકોએ કાઢ્યા તે તો વધુ વાજબી.

પણ એક બીજો વર્ગ પણ છે. અંગ્રેજ ઢબે શિક્ષણ આપતી શાળાઓએ જ્યારે ભારતીય કલાકારોને મૂળથી ઉખેડી નાખ્યા હતા ત્યારે એ પ્રાચીનપરંપરામાં દૃઢમૂલ બનીને જેમણે ઊંડાણ અને સચ્ચાઈપૂર્વક પોતાની કૃતિઓમાં જૂની પરંપરાની રીતિઓ તથા નવીન આદર્શોના સુમેળ સાધી બતાવ્યા છે એવા ઘણા કલાકાર છે. એમના ચિત્રો ને શિલ્પરચનાને ગમે તે માપદંડ વડે માપો જોતાં અસાધારણ કલાકૃતિ જ ઠરવાનાં. આવા કલાકારોને પેલા લેભાગુઓ સાથે ભેળવી દઈને ક્ષુદ્ર પુનરુદ્ધારકો તરીકે તેમનો એકડો જ કાઢી નાખવો (ને વિવેચકોએ મોટે ભાગે એમ જ કર્યું છે) એ અન્યાયની પરિસીમા જ નહિ પણ એમની વિવેકબુદ્ધિનો પણ અભાવ સૂચવે છે. આ ગુનામાંથી આપણા અતિ વાતડાહ્યા વિવેચકોમાંનો ભાગ્યે જ કોઈ બકાત હશે.

પરિણામે, જાતજાહેરાતથી અળગા રહેનારા કેટલાક મહત્ત્વના કલાકારો પાછળ ધકેલાઈ ગયા છે ને જનતાની નજરે ચઢ્યા નથી. આવી કપરી પરિસ્થિતિનો ભોગ જે સૌથી વધુ બન્યા છે તેમાં વિનોદવિહારી આવે. એ શાંતિનિકેતન શૈલીના છે એટલે થયું! 'બંગાળ સ્કૂલ' પ્રત્યે સૂગ ધરાવતા વિવેચકો એથી એમને પણ એવા જ ગણી કાઢે છે, ને પરિણામે ચિત્રકલાનાં જે મૂલ્યોનાં પોતે ભરપટ્ટે ચર્ચા-વખાણ કરે છે, તે જ તત્ત્વો વિનોદવિહારીનાં ચિત્રોમાં હોવા છતાં, અને એમાં પરંપરાગત કસબની સાથે નવીન આદર્શોનો પણ સુભગ સમન્વય થયો હોવા છતાં તેઓ ધરાર એને સ્વીકારતા નથી.

શ્રી મુખરજી આચાર્ય નંદલાલ બોઝના એક જૂનામાં જૂના વિદ્યાર્થી છે. એમના વિદ્યાર્થીકાળ દરમિયાન શાંતિનિકેતન એક કુટુંબ જેવું હતું. કલા, સાહિત્ય ને દર્શનશાસ્ત્રના વિદ્યાર્થીઓ ત્યારે ખૂબ નિકટપણે રહેતા ને કાર્ય કરતા. પૂર્વ ને પશ્ચિમનો સુભગ સંયોગ સાધતું બૌદ્ધિક મંથનથી ભરપૂર વાતાવરણ ત્યાં પ્રવર્તતું. ગુરુદેવ રવીન્દ્રનાથની એવી અભીપ્સા હતી કે પોતાના વિદ્યાર્થીઓ આપણી રાષ્ટ્રીય પરંપરાની ઊંડી સૂઝ કેળવવાની સાથોસાથ પશ્ચિમના આદર્શો અને પ્રવાહોનો પણ સુપેરે પરિચય સાધી એ બંનેનો સુમેળ યોજતા થાય. એટલે તો શાંતિનિકેતનમાં એમણે જગતભરમાંથી વીણીવીણીને વિદ્વાનોને, સાહિત્યને ને કલાકૃતિઓને એકઠાં કર્યાં હતાં, જે સુગમતા ત્યારે તો ભારતભરમાં વિરલ હતી. આવા વાતાવરણમાં વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નો પર વિશાળ પકડ મેળવી શકતા અને તેમનું વ્યક્તિત્વ પણ ઝડપથી પાકતું.

વિનોદવિહારીના સમગ્ર કાર્યમાં જે એક લાક્ષણિક સમજ તથા વિશદતા છે તે કદાચ



આપણા લોકકલા જેવી સાદી ને લેખન ઝડપી (કૅલિગ્રાફિક) શૈલીનું રંગચિત્ર 'પુષ્પચયન'.

એ સમયની દેણ છે. વિદ્યાર્થી અવસ્થાથી જ તેમને પુષ્પો, વિવિધ પશુઓ ને પ્રકૃતિદૃશ્યોના અભ્યાસમાં ઊંડો રસ હતો, જે પાછળથી એમની ભવિષ્યની કલાકૃતિઓમાં ઊંડી સૂઝપૂર્વક પ્રકટ થયો છે. ચીની ને જાપાની ચિત્રપરંપરાનો અભ્યાસ કરવાની પ્રેરણા આમાંથી જ એમને લાધેલી. એટલે અભ્યાસ પૂરો કરીને કલાભવનમાં અધ્યાપક તરીકે જોડાયા બાદ એમણે ચીન ને જાપાનનો પ્રવાસ કર્યો અને ત્યાંના અસંખ્ય કલાસંગ્રહો નીરખ્યા. ત્યાંનાં વર્ણનાત્મક લાંબાં 'સ્ક્રૉલ' (ઓળિયાં કે ટીપણાં) તથા સ્ક્રીન (પટ) ચિત્રોએ એમના પર એટલી ઊંડી છાપ પાડી, કે આજે ય તેઓ હજી યાદ કરે છે કે દેખાવે તદ્દન શાન્ત છતાં અંદર ધબકતા જીવનથી ભરપૂર કેટલાક ઓળિયાં તથા પટથી પોતે કેટલા બધા પ્રભાવિત થયા હતા. એમની ભવિષ્યની કૃતિઓના ઘડતરમાં એનો ફાળો ઘણો મોટો છે. જાપાનમાં હતા ત્યારે કોઈના સૂચનથી એમણે થોડાક ચિત્રો કરીને ત્યાં પ્રદર્શિત કરેલાં. લેખનઝડપે (ક્રિસ્પ કૅલિગ્રાફીથી) કરેલાં એ ન્યૂનાકાર ચિત્રોને જાપાની કલાવિવેચકોએ ભારે ઉમળકાથી વધાવેલાં. 'મૉડર્નિસ્ટ' બનતા જતા જાપાનમાં 'લેખન ઝડપી' ચિત્રણા (કૅલિગ્રાફી)ની એમની પરંપરા વિરલ બનતી જતી હતી, એટલે મુખરજીની આવી તાજગીભરી 'કૅલિગ્રાફી' શૈલીને તરત સ્તુતિ સાંપડી.


એ નવા જ્ઞાનના ઉમંગનો ઉમેરો લઇને શ્રી મુખરજી શાન્તિનિકેતન પાછા ફર્યા. ત્યારના મોટાભાગના કલાકારો પેઠે ન તો એમણે પુરાણોમાંથી કે રંગીલી કથાઓમાંથી પ્રેરણા લીધી, કે ન તો એમણે મેળાઓ, પંડેરો ને ચિત્રમય સ્થાનો ચીતર્યાં. અવસાદથી ખવાઇને ઝરીઓમાં હાડકાંપાંસળાં જેવી સળ પડેલી ધરતી, દૂબળી ઊંચી ખજૂરીઓ, નિબિડ વૃક્ષરાજિ ને મથોડું ઊંચાં કાશ ઘાસની પાછળથી ડોકિયાં કરતાં નાનાં નેસ ગામડાં—શાંતિનિકેતનની આસપાસનો આવો બિરભૂમ જિલ્લાનો પ્રદેશ એમના ચિત્રફલકનો સદાનો વિષય બની રહ્યો; ઘડી વર્ષામાં શ્યામ, ઘડી પાનખરમાં પીત તો ઘડી ગ્રીષ્માગમે કેસરી પલાશ અને શાલ્મલિ પુષ્પોથી હિલોળા લેતું એ બિરભૂમ! ત્યાંનો પાતળી કાઠીનો ગ્રામવાસી, બંગાળની નાના કદની ગાય મે ઠીંગણા બકરાં એમાં અવારનવાર દેખાં દેતાં. એ સર્વ પર છાઇ રહતી વિષાદમય મંગલમ જગવે એવી શાન્તિ: લેખન-ઝડપી 'કૅલિગ્રાફિક' રેખાઓ સાથે હળવા મૃદુ રંગોની ઝાંય સંયોજી ઓછામાં ઓછાં સાધનોથી અપૂર્વ લાઘવતાપૂર્વક આ સર્વ એમણે આલેખ્યાં. ભારતના બીજા કલાકારો યુરોપી નમૂનાઓને અનુસરીને જે પ્રકૃતિદૃશ્યો આલેખતા તેના કરતાં આ ક્યાંય જુદાં પડી આવતા. એ જ રીતે, જૂનાં રાજપૂત ચિત્રોની યાદ આપતી નરી ભારતીય એમની અવકાશયોજના તથા અતિસ્પષ્ટ



એમનું સૌથી પ્રારંભકાળનું, કલાભવનના એક શયનગૃહની છત પરનું 'મ્યૂરલ' નોંધપાત્ર છે. વાનરો પાણી પીએ છે એવા એક તળાવની ચોપાસ બિરભૂમનું ગામડું એમાં વીંટળાએલું છે, વાંસ-જમરૂખીનાં ઝુંડ વચ્ચેથી પરાળ-છાયાં ઝૂંપડાં ડોકિયાં કરતાં જણાય છે, સીમાન્તે શાલવૃક્ષનાં વન વિસ્તરે છે, ને નરનારીઓ તેમાં શ્રમ ખેડે છે (જુઓ ઉપર) કે વિરામ કરે છે...
(શ્રી વિનોદવિહારી મુખરજીના એ ચિત્રનો એક ભાગ)

'તળાવડીને તીરે': કૅલિગ્રાફિક શૈલી (લેખન-ઝડપી લઢણ)થી કરેલું રેખાચિત્ર





.. ઝૂંપડાંઓના વચ્ચેથી ચંપાતો જતો સાડીની કોર જેવો લાલ માટીનો રસ્તો ક્યાંક ચઢાણ ચડતો તો ક્યાંક ઢોળાવો ઊતરતો સરકતો ખજૂરીની હારો ને કાશ ઘાસની પાછળ અદૃશ્ય થાય છે. છીછરાં ખાબોચિયાંમાં આરામથી આળોટતી ભેંશો માંદણે પડી છે (જુઓ ઉપર) તો બીજી બાજુ સાંકડી કેડી ઉપર તડબડાટી બોલાવતાં ઢોરોનાં ધણ ધસ્યાં આવે છે...
(શ્રી વિનોદવિહારી મુખરજીના એ ચિત્રનો એક ભાગ)

આ ઓળિયાં-ચિત્રણામાંથી પછી એ ભીંત-ચિત્રણા તરફ દોરાયા. શાન્તિનિકેતન તો આખું એમનાં એ ભિત્તિચિત્રોના વિવિધ પ્રયોગોથી ભર્યું પડ્યું છે: ઈટાલીઅન વેટ પ્રોસેસ, જયપુર વેટ પ્રોસેસ, સ્ગ્રાફિતો, એગ ટેમ્પેરા, કૅસિન-ટેમ્પેરા ને રિલીફ સુદ્ધાં—આમ એકેએક પ્રકાર ત્યાં જોવા મળે છે.

આ બધાંમાં સૌથી પ્રારંભકાળનું, કલાભવનના એક શયનગૃહની છતપરનું ભિત્તિચિત્ર નોંધપાત્ર છે. મને તો ભારતના સમગ્ર અર્વાચીન (મૉડર્ન) કલાસમૂહમાં એની જોડ જડતી નથી. વાનરો પાણી પીએ છે એવા એક તળાવની ચોપાસ બિરભૂમનું એક ગામડું એમાં વીંટળાએલું છે. વાંસ જમરૂખીનાં ઝુંડ વચ્ચેથી પરાળછાયાં ઝૂંપડાં ડોકિયાં કરતાં જણાય છે. સીમાન્તે શાલવૃક્ષનાં વન વિસ્તરે છે. ઝૂંપડાંઓની વચ્ચે ચંપાતો જતો સાડીની કોર જેવો લાલ માટીનો રસ્તો, ક્યાંક ક્યાંક ચઢાણ ચડતો ને ઢોળાવો ઊતરતો સરકતો, ખજૂરીની હારો ને કાશઘાસની પાછળ અદૃશ્ય થાય છે. નર-નારીઓ શ્રમ ખેડે છે ને વિરામ કરે છે! છીછરાં ખાબોચિયાંમાં આરામથી આળોટતી ભેંસો માંદણે પડી છે તો બીજી બાજુ, સાંકડી કેડીઓ પર તડબડાટી બોલાવતાં ઢોરોનાં ધણ ધસ્યાં આવે છે. જીવન જાણે પળમાં મધપૂડાનો ગુંજારવ બની રહે છે તો પળમાં જાણે નીડમાં જંપેલાં વિહંગોનું મૌન ધારે છે. અદ્ભુત નજાકતથી ઉપસાવેલી, પીળા લાલ રંગાવટ ચીની તથા જાપાની ચિત્રોથી પણ જુદી તરી આવતી. આપણી લોકકલામાં અવારનવાર નજરે પડે છે તેવી સાદી ને જોશભરી એમની કૅલિગ્રાફી (લેખનઝડપી ચિત્રણા) પણ એમની આગવી જ વિકસી.

અર્વાચીન ભારતનાં બધાં પ્રકૃતિચિત્રોની જો આપણે મોજણી કરીએ તો વિનોદબાબુના પ્રકૃતિ ચિત્રો એમની મૌલિકતા, સચ્ચાઇ અને રંગનિરૂપણને કારણે તદ્દન અલગ તરી આવવાના.

હું જાણું છું તે પ્રમાણે તો શ્રી વિનોદવિહારી જ એકમાત્ર ભારતીય કલાકાર છે, જેમણે ઓળિયા ચિત્રો (સ્ક્રૉલ)માં રહેલી તમામ શક્યતાઓનો પૂરો વિનિયોગ કરી લીધો હોય. ઓળિયાના સળંગ લાંબા પટમાં સમુચિત સ્થાને ચમત્કૃતિબિંદુઓ વેરવામાં, અને આગંતુકની યાત્રાનો આનંદ અનુભવાય એમ દૃષ્ટિને દોરવામાં એમને અપૂર્વ સફળતા સાંપડી છે. તેની સાથોસાથ 'અભિલાઇ' (ઇન્ટિગ્રેશન)ના પણ એ ઉસ્તાદ છે. ચિત્રના પ્રત્યેક અંગને તેના અચૂક સ્થાને જ એ પાડે છે.



↓ નીરજ મુખી: એક ઝડપી સ્કેચ

બદામી ને લીલા રંગો સાથે ક્યાંક સાપેક્ષ ગુલાબી રંગસ્પર્શથી ઉપસાવેલી જીવનધબકતા બિરભૂમની જાણે સત્ય ગાથા!

આ ભિત્તિચિત્ર પછી એમણે અન્ય શયન-ગૃહોની દીવાલો પર ઈટાલિયન 'વેટ પ્રોસેસ'-મા અનેક નાનાં ચિત્રો કર્યા. ભીંતના પ્લાસ્ટર પર તાજગીભર્યા પારદર્શક રંગો વડે ચિત્રનું પોત ઉઠાવવામાં તો એ મધ્યકાલીન યુરોપનાં પ્રારંભના કાળનાં ઉત્તમ ચિત્રોની જોડાજોડ ઊભાં રહી શકે! તે પછી ચીની સાહિત્યના અભ્યાસ માટેના 'ચાઇનાભવન'માં એમણે કરેલું ભીંતચિત્ર ચિત્તાકર્ષક સંવિધાન ને વિવિધ અંગોની સંયોજના માટે નોંધપાત્ર ગણાય.

પણ એમણે હિંદીભવનમાં ઇટાલિયન પદ્ધતિથી જે વિશાળ ભિત્તિચિત્ર કર્યું છે તે તો નિઃશંક એમનું મહાન સર્જન ગણાય. એ ૧૦૦ ફૂટ તો લાંબું અને ૧૦ ફૂટ ઊંચું છે, અને ખંડની અંદરની ત્રણ દીવાલો ભરીને વિસ્તરેલું છે. એક વરસ તો એ પૂરું કરતાં લાગ્યું. એની વિભાવના ને યોજના કરતાં પણ એમને ઘણો સમય લાગ્યો હતો. એનો ચિત્રવિષય છે હિંદી સાહિત્યને અનેકધા સમૃદ્ધ કરનાર મધ્યકાલીન ભારતના સંતો. એમાં ભારતના સમસ્ત પટવિસ્તાર પર મધ્યયુગ દરમિયાન વહેતા અને પુષ્ટ થતા મહાકાય પ્રવાહ રૂપે આખીય પરંપરાનું દર્શન કરાવવામાં આવ્યું છે. ઋષિમાંથી મીમાંસક, મીમાંસકમાંથી ભક્ત, ભક્તમાંથી ધર્મચુસ્ત, ને એમાંથી ગામડાંનો ચારણ ને રાવણહથ્થાવાળો પરિવ્રાજક,—આ ક્રમમાં એ પ્રવાહને, અંતે ભારતના જનપદીય માનવ-મહેરામણમાં સમાઇ જતો એમણે અતિ કૌશલથી નિરૂપ્યો છે. એ આખીય વિભાવના અદ્ભુત છે. એ જુએ ત્યારે જ કલાકારને સાચો ખયાલ આવે છે કે કોઇ વિષયજન્ય ચિત્ર કરવું એટલે એકાદ ભીંત. શણગાર ઘસડી કાઢવો એમ નહિ. ને મહાન સર્જનની સામગ્રી કેટલી અલ્પ હોઇ શકે છે તેનું પણ એ સરસ નિદર્શન કરાવે છે. ઠંડા ભૂખરા, લીલા, બદામી ને ગેરૂઆ રંગોથી આલેખાએલા એ ચિત્રનું અત્યંત લાઘવયુક્ત રેખાસંયોજન, પ્લાસ્ટરમાં વિવિધ પોતાનો ઉઠાવ, ને રંગાયોજનની સૂક્ષ્મતા તથા નજાકત તેને એવા એક ઉત્કૃષ્ટ કલાસર્જનને સ્થાને સ્થાપે છે કે જેનો જોટો વર્તમાન ભારતમાં શોધ્યો જડે તેમ નથી.

આ સિવાય પણ વિનોદબાબુની કીર્તિમાં વૃદ્ધિ કરતાં બીજાં અસંખ્યાત જલરંગી, માટીરંગી ને તૈલરંગી ચિત્રો છે. એમાં પ્રકૃતિદૃશ્યો ને માનવપાત્રો છે, ફૂલઝાડ પશુપંખી ને મત્સ્य-



ત્રણ વિરામ સ્થિતિઓ : શ્રી વિનોદવિહારી મુખરજીનાં રેખાંકનો

માછલી છે. ઉપરાંત કેટલાંક ઉત્તમ વૂડકટ ને લીથોગ્રાફ પણ છે. એક પણ માધ્યમ એવું નથી જેમાં એમણે હાથ અજમાવ્યો ન હોય; અને એ સવમાં એમણે અભિગમની આગવી મૌલિકતા તથા ભાવનું પ્રશાન્ત ઊંડાણ દાખવ્યું છે. આલેખનની ચોકસાઈ, ચોટદાર સંયોજના અને સળવળતી રેખાની લપક, એ એનાં સામાન્ય લક્ષણ છે. વય વધવા સાથે એમની એ કૅલિગ્રાફિક પદ્ધતિ (લેખન ઝડપી-લપક) પછી એમની રંગાવટમાં પણ પ્રવેશી. સાધનોની કરકસર તથા ચોકસાઇથી કરેલાં એમનાં કેટલાંય એવાં ચિત્રો છે કે જેમાં રંગ રેખા ને બિંદુ સુદ્ધાંનો વિનિયોગ એટલી સફલ ગૂંથણીથી એમણે કર્યો છે કે એમાંની એક પણ વિગત નિરર્થક છે એવું તમે ન બતાવી શકો. એમની કૅલિગ્રાફી (રેખા-લપક), આપણા વિવેચકો જે છરકા ને લપેડાને 'કૅલિગ્રાફી' તરીકે ઓળખાવે છે તેનાથી તદ્દન અનોખી, સચ્ચાઈભરી ને સંગીન છે.

૧૯૪૯માં શાન્તિનિકેતન છોડીને વિનોદબાબુ નેપાલ ગયા. ત્યાં થોડો વખત સરકારી સંગ્રહાલય(મ્યૂઝિયમ)ના સંગ્રહપાલ(ક્યુરેટર) તરીકે તેમણે કામ કર્યું. વરસેક રહીને હિંદ પાછા આવ્યા. ઢગલો રેખાંકનો અને વનસ્થલીમાં કરેલું ભિત્તિચિત્ર, એ ત્યાંના ટૂંકા વસવાટનું સુફલ. પછી થોડો વખત મસૂરીમાં હતા; ને પછીથી પટણા કલાશાળામાં અધ્યાપન કર્યું.

પ્રારંભથી જ એમને આંખની તકલીફ હતી. એક આંખ તો કલાનો કક્કો ઘૂંટતાં પહેલાં જ ગુમાવેલી; ને બીજી અત્યંત ટૂંકું ભાળની. છતાં દાક્તરોએ કહેલું કે તે વડે તેઓ નિર્વિઘ્ને આગળ વધી શકશે તેમજ ધાર્યા મુજબનું ઝીણામાં ઝીણું કામ પણ કરી શકશે. અને બે વર્ષ પર એમણે આંખનું ઑપરેશન કરાવ્યું ત્યાં લગી તો બધું એમ બરાબર ચાલ્યું. પણ એ ઑપરેશનથી સુધરવાને બદલે વાત વણસી. આજે તો બે ય આંખો ગઈ છે. દૃશ્ય કલાના કલાકાર પોતાના આધારસ્તંભ જેવી આંખો જ ગુમાવે એથી વધુ કરુણતા બીજી કઈ હોઈ શકે? અને વિનોદબાબુ હજી તો 'વન'માં છે. અલબત્ત, એમણે તો પોતાની સ્વાભાવિક નિરામય ઉદાસીનતાથી પરિસ્થિતિને અપનાવી લીધી છે. હવે તેઓ ચિત્રણાને બદલે મીણમાટી વડે શિલ્પસર્જન કરે છે, અને માણસ કેવળ સ્પર્શેન્દ્રિયની સૂઝથી પણ કેવી



શ્રીમતી લીલા મુખરજીનું એક કાષ્ઠશિલ્પ

અદ્‌ભુત ત્રિપરિમાણ શિલ્પકૃતિઓ સર્જી શકે એના નોંધપાત્ર નમૂનાઓ એ છે.

આંખના દીવા ઓલવાયા પછી મુખરજી પાછા શાંતિનિકેતન ગયા છે. કલાભવનના વિદ્યાર્થીઓ સૌંદર્યશાસ્ત્ર ને કલા-ઇતિહાસના અભ્યાસ માટે એમની પાસે જઇને સહાય અને માર્ગદર્શન મેળવે છે.

એમના કરતાં ચડે એવી બીજી કોઈ વ્યક્તિ હું જાણતો નથી, જેમની સાથે સૌંદર્યશાસ્ત્રના પ્રશ્નો ચર્ચવામાં વધુ લાભ થાય. એમના દર્શનમાં અપૂર્વ ઊંડાણ છે; કલાવિષયક જ્ઞાનની એમની ક્ષિતિજો અત્યંત વિશાળ છે; દૃશ્ય સંસ્કારોની એમની સ્મૃતિ(વિઝ્યુઅલ મેમરી) નિઃસીમ છે; અને એમનાં વિચાર તથા વાણીમાંની ચોકસાઈની તે શી વાત કરવી? આ બધું પાછું બુદ્ધિએ પેદા કરેલા પૂર્વગ્રહોથી મુક્ત.

આમ, એક સમર્થ અધ્યાપકના સર્વ ગુણો તેઓ ધરાવે છે. એમની સાથે ગાળેલા દિવસો કૃતજ્ઞભાવે ન સંભારે એવો કોઈ પણ વિદ્યાર્થી હોય એમ હું નથી માનતો. દરેક વિદ્યાર્થીના પોતીકા ખાસ પ્રશ્નોની એમને અદ્‌ભુત સૂઝ હોવાથી સૌને તે ઉપકારકમાર્ગ ચીંધતા. મામાશિક પ્રયાસ મધ્યે તેઓ જેટલા સહિષ્ણુ હતા, તેટલા જ નિખાલસ તે આડંબરની ટીકા કરવામાં હતા. કલાવિષયક જે ગણ્યાગાંઠ્યા લેખો એમણે લખ્યા છે તે એમના ઊંડા જ્ઞાનના દ્યોતક છે. કલાના પ્રશ્નનું એમનું દર્શન સદા અખિલાઈભર્યું રહ્યું છે. કલાની પરંપરા તથા કલાકાર વ્યક્તિ વચ્ચેના, કલાકાર અને સમાજ વચ્ચેના, તેમજ મુખ્ય કલાઓ ને ગૌણ કલાઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો વિષેના એમના વિચારો બહુ ઉપયુક્ત ને દૃઢ છે.

વિનોદવિહારી એક એવા કલાકાર છે કે જેમના કાર્યની મહત્તા સ્વીકાર્યે જ છૂટકો: ભલે પછી વિવેચકો એ હકીકતથી જ્ઞાત હોય કે ન હોય. આજે તો ભડકરંગી મોટાં ચિત્રોની બોલબાલા છે. વિનોદબાબુનાં ચિત્રો એવાં અભદ્ર અને ઘૂમધરાડિયાં ચિત્રોથી તદ્દન જુદાં અને ચિરંતન તત્ત્વોવાળાં છે અને તેથી એમની કૃતિઓની પરખ બહુ ઓછા કલાકારો તથા વિવેચકોને છે. એમની પૂરી કદર થવી ઘટે છે, અને મને આશા છે કે એક દિવસ એમનું સાચું મૂલ્ય અંકાશે. વસ્તુતઃ ત્યારે જ આપણા દેશમાં કલા-પરખના વિકાસનું પગરણ મંડાશે.

વિનોદવિહારી મુખરજી

લેખક • સુનીલ કોઠારી

તા. ૭ ઑક્ટોબર '૫૯. કલકત્તા. સવારે ઈન્દુદા(ઇન્દ્ર દુગડ)ને ત્યાંથી સાડા આઠે ફોન કર્યો એટલે રમણભાઇ કહે 'હા, આવોને! હમણાં બધા ઘરે જ છે. ને અહીંથી શિવકુમાર તેપી નજીક જ રહે છે. કબીરરોડ પર કાનનદેવીના મકાન માટે પૂછજો. ૧૩ નંબરનું મકાન છે. હું રાહ જોઉં છું. કોઈ પણ બતાવશે.'

થોડી વારે ત્યાં પહોંચ્યા. શિવકુમારભાઈને ત્યાં જવા ઊપડ્યા, ત્યાં તો રમણભાઇ કહે: 'ક્ષિતિમોહન સેન અહીં બાજુમાં જ રહે છે. તમારે શાંતિનિકેતન જવું હોય તો ચાલો એમના મોટા દીકરાને પૂછી જોઇએ.'

એમના મોટા પુત્ર હાજર હતા. સસ્નેહ આવકારી કહે: 'આવો આવો!' મેં કહ્યું વિનોદવિહારી મુખરજી વિષે મારે શાંતિનિકેતનથી કેટલુંક સાહિત્ય જોઇએ છે, અને અમસ્તું પણ આટલે આવ્યા છું ને જો જઈ શકાય એમ હોય તો શાંતિનિકેતન જઈ આવવા વિષે મળવા આવ્યા છું. એટલે હસી પડ્યા: 'અરે ભાઇ! એમ ઘડીચપટું જઇ આવો તો તમારી યાત્રા નહિ ફળે! પણ રહો! વિનોદદાનું પ્રદર્શન યોજાયું હતું ત્યારનું 'સૂત્રેનીર' મારી પાસે છે. તેમાંથી ઉપયોગી માહિતી મળી રહેશે. હું જો સ્મરણો કહેવા બેસીશ, તો તો ભાઈ, રાત પડશે.' કહી અંદરના ખંડમાંથી 'સૂત્રેનીર' લાવી મને આપ્યું. કહે: 'એમ ને એમ જાઓ મા! સવારનો પહોર છે કંઈક મીઠાઈ તો ખાતા જાઓ! ને હા! કલકત્તાના વરસાદને ગાળો મા દેશો! આ સાલ તો એણે બધે જ કેર વર્તાવ્યો છે. બોલો, ફરી ક્યારે આવશો? અમારા પડોશીના અતિથિ એટલે 'આમાર ઓતિથિ' કહી ખડખડ હસી પડ્યા. મારા સંકોચનો તો પાર નહિ! બીજાં કેટલાંક સામયિકો આપીને કહે એની બદલીમાં 'કુમાર' આપો છો? ને મજાક કરતા બોલ્યા: 'અમે એ માસિકથી સુપેરે પરિચિત છીએ. ભલા! એને માટે વિનોદદા'નો પરિચય લખો એથી રૂડું શું?'

ત્રણેક મહિના પછી મણિપુર (ઇમ્ફાલ)–આસામથી પાછા ફરતાં જાન્યુઆરીની ૨૩મી તારીખે શાંતિનિકેતન જવાનું મળ્યું. ત્યાં ફરી એ ભેટી ગયા. ત્યારે એમના પિતા ક્ષિતિમોહન સેન બહુ બીમાર હતા. તો ય થોડી ફુરસદ કાઢી મને ચીના ભવન, હિંદી ભવન વગેરેની દીવાલો પર વિનોદદા'એ કરેલાં ભિત્તિચિત્રો હોંશપૂર્વક બતાવ્યાં. વિનોદ દા' ત્યાં હતા નહિ એટલે રૂબરૂ મળવાનું તો ન બન્યું. પણ એમને તથા શ્રીમતી લીલા મુખરજી વિષે થોડી માહિતી મને આપી. કેટલીક માહિતી પેલા 'સૂત્રેનીર'માંથી મળી આવી.

બંગાળના કલા-ઇતિહાસમાં જો કોઈ રોમાંચકારી સમય હોય તો તે છે વીસમી સદીના આરંભના દિવસો, જ્યારે બંગાળે કલાક્ષેત્રે અનેક પ્રશ્નો હલ કરવાનો પ્રયત્ન કરેલો અને અવનીન્દ્રનાથે પોતાની વૈયક્તિક પ્રતિભાને એ દિશામાં વાળી. જીવનમાં કલાના યોગ્ય સ્થાન વિષે લોકો સભાન જણાતા નહિ એટલે એ દિશામાં રવીન્દ્રનાથ ટાગોરે નવાં પ્રસ્થાનો શરૂ કર્યાં. સદ્‌ભાગ્યે એમને એવા સહયોગીઓ મળી આવ્યા; જેમણે એ તકને ઝડપી અને એને ચરિતાર્થ કરી.

૧૯૧૯માં શાંતિનિકેતનમાં કલાભવનની સ્થાપના થઈ. ભારતીય કલા-ઇતિહાસમાં આ પગલાની દૂરગામી અસરો પડી. એણે એક નવા આદર્શને મૂર્ત કરવાનો પ્રયત્ન કર્યો. પરિણામે ચિત્રકારોનો એક નવો જ વર્ગ અસ્તિત્વમાં આવ્યો, જેણે કલા-વારિનાં વહેણ સદા વહેતાં રાખ્યાં ને શુભ પ્રવૃત્તિઓ જીવંત રહી.

વીસમી સદીના સંઘર્ષમય જીવનમાં કલાનું શું સ્થાન હોઇ શકે એ પ્રાણપ્રશ્નને હલ કરવા ગુરુદેવ ટાગોરે બર્ટ્રાન્ડ રસેલે રજૂ કરેલા ત્રણ મુદ્દાઓ લક્ષમાં રાખેલા: (૧) મનુષ્યનો કુદરત સાથેનો સંબંધ, (૨) સમાજ સાથેનો સંબંધ અને (૩) એની આંતર્ તેમજ બહિર્ વ્યક્તિમત્તાનો સંબંધ. આ ત્રણે ય મુદ્દાઓ વિષે વિચારતાં શાંતિનિકેતનની શિક્ષણ-પ્રણાલીમાં એક વાત અનુસ્યૂત જણાય છે, કે મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓ, લાગણીઓ ઇત્યાદિના ઘડતરમાં કલા અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. એ માન્યતાના ફલ સ્વરૂપ, શિક્ષણના અવિભિન્ન અંગ સમી કલાને ગુરુદેવે પ્રધાન સ્થાન આપ્યું. આનંદપ્રમોદ ઉપરાંત પણ જીવનમાં કલાનું અદકેરું મહત્ત્વ શાંતિનિકેતનના કલાકારોએ પીછાણ્યું. અને તેની ઉપયોગિતા એમણે સમાજ સમક્ષ રજૂ કરી.

આ નવા પ્રસ્થાનના અગ્રણી ગુરુદેવને નંદબાબુ મળ્યા. આ સ્થળે નંદબાબુ અને ત્યાર પછીની પેઢીના કલાકાર-જૂથની ચર્ચા અપ્રસ્તુત છે, છતાં એટલું તો નોંધવું જ જોઇએ કે એક જ ગુરુ અનેકવિધ કલાશૈલીઓનું પ્રશિક્ષણ એક જ વેળાએ અનેક શિષ્યોને આપે એ હકીકત કળાના ઇતિહાસમાં પણ વિરલ જ છે. નંદબાબુના શિષ્યોની કૃતિઓનો અભ્યાસ ઉપર્યુક્ત હકીકતની સાક્ષી પૂરશે. પોતાનાં મંતવ્યો અને દૃષ્ટિબિંદુ શિષ્યો પર અજાણતાં ય લાદવાનું શિક્ષક માટે સહજ છે. પણ નંદબાબુ-

ચિત્રમય ગુજરાત

ભાવનગરમાં ભરાએલા કૉંગ્રેસ-અધિવેશન પ્રસંગે અન્ય પ્રાંતોમાંથી આવતા પ્રેક્ષકો-પ્રતિનિધિઓને ગુજરાતની સંસ્કારિતા, સૃષ્ટિસૌન્દર્ય ને કલાકૌશલનો પરિચય આપવાના હેતુથી, તથા પોતાની સંસ્કાર-લક્ષ્મીની સુષમાથી અજાણ ખુદ ગુજરાતી-સૌરાષ્ટ્રી બાંધવો પણ એમની ગરવી માભોમના સંસ્કૃતિધનને પ્રમાણતા થાય એ આશયથી, ગુજરાત સરકારના માહિતી ખાતાએ ૧ રંગીન તથા ૧૦૫ સાદા સુનંદા ફોટોગ્રાફોની એક રૂપસુંદર ચિત્રપોથી બહાર પાડી છે. એમાંથી વાનગીરૂપ થોડાં ચિત્રો આ સામેના પૃષ્ઠવિસ્તાર પર ગુજરાત સરકારના સૌજન્યથી આપ્યા છે. અનેક ફોટોગ્રાફોમાંથી ચૂંટીને, ઘણી ગ્રહેમત અને ખર્ચથી તૈયાર કરવામાં આવેલું એ આલ્બમ તેની પડતર કરતા ઘણી નજીવી એવી માત્ર ત્રણ રૂપિયાની કિંમતે વસાવી લેવાનું કોઈ ગુજરાત-પ્રેમી નહિ ચૂકે.

ભવિષ્યમા હજી આથી યે ઘણા મોટા પાયા પર ગુજરાતનાં સર્વ સાંસ્કૃતિક અંગોને આવરી લેતા અસંખ્ય ફોટોગ્રાફોનો એક મોટો ચિત્રગ્રંથ પ્રકટ કરવાની ગુજરાત સરકારની યોજના છે. વાચકોને સ્મરણ હશે કે 'ગરવી ગુજરાત' નામથી શરૂ કરવાના 'કુમાર'ના એક ચિત્ર વિભાગ માટે અમે આજ બે વર્ષથી ઉપર્યુક્ત ચિત્રોની માગણી કરતા રહ્યા છીએ. એમાં અમે ગુજરાતનાં નિરૂપણ કરવા જેવાં એવા વિવિધ અંગોની એક નાની યાદી પણ આપી હતી. અમારી જાણ પ્રમાણે ગુજરાત સરકારનું માહિતી ખાતું એ જ દિશામાં આ મહદ્ પ્રયાસ કરવા ધારે છે. 'કુમાર'ના સર્વ કલારસિક વાચકો, ફોટોગ્રાફો ને કલાકારો એમાં પોતાનો ફાળો આપી એનો લાભ લેશે-દેશે એવી આશાથી, આ નીચે એ માર્ગદર્શક યાદી ફરીથી આપીએ છીએ.

ગુજરાત સૌરાષ્ટ્ર-કચ્છનાં લાક્ષણિક નિસર્ગદૃશ્યો, ગુજરાતની પ્રૌઢ-ગંભીર તેમજ નમણી-રમતિયાળ નદીઓ ને તેના ઘાટ-ઓવારા, તેના ડેકા દેતા સરોવરો ને તળાવો, તેની ડુંગર-માળાઓ ને પર્વતો, તેના રક્ષણદુર્ગો ને ગઢ કોઠાઓ, સાગરકાંઠા ને બંદરગાહો, માલભરનારી જહાજો ને હલેસામણી હોડીઓ, તેનાં ગાડાં વેલ-ડમણીઓ ને રથ-રેંકડીઓ, તેની ગામશેરીઓ ને ચોક-ચોકઠા, તેમા વસતી વિશિષ્ટ વિવિધ જાતિઓ ને લક્ષણયુક્ત ચહેરાવાળાં તેનાં તળપદાં માનવીઓ, તેના આદિવાસીઓ ને પછાત કોમો, તેમના પહેરવેશ તથા અલંકારો, તેનાં મહાલયો ને મંદિરો, તેના તીર્થધામો ને સહેલગાહના સ્થળો, તેના પ્રાચીન શિલ્પ સ્થાપત્યો ને ધાતુ-કામકલા, એતદ્દેશીય ગૃહઉદ્યોગો ને હાથહુન્નરો, તેની પ્રાચીન અર્વાચીન કળાકારીગરી, ચાકળા તોરણ ને ભરતગૂંથણ, કાપડછાપ કલા રંગોળી ને રમકડાં, આસનો ને ઉપસ્કરો, પ્રાણી-પક્ષી ને વનસ્પતિસૃષ્ટિ, રીતરિવાજો ને તહેવાર ઉત્સવોના નિદર્શનો.—જ્યાંજ્યાં ને જેમાંજેમાં ગુજરાતની લાક્ષણિકતા ને વિશિષ્ટતા, ઐતિહાસિક પરંપરા ને ગુણવિશેષતા–ટૂંકમાં તેની 'ગુજરાતીતા' જણાય તેના ફોટોગ્રાફો ને ચિત્રાંકનો આવકાર પામશે.

ના વિદ્યાર્થીઓની કૃતિઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા એ વાત સ્પષ્ટ સમજાય છે કે એમણે કદી ય પોતાના ગંતવ્યો અને દૃષ્ટિબિંદુ શિષ્યો પર લાદ્યા નથી. વળી તત્કાલીન શાંતિનિકેતનનું વાતાવરણ લક્ષમા લઈએ તો પણ આ વાત સ્પષ્ટ થયા વિના રહેશે નહિ.

વિનોદવિહારી મુખર્જી નંદબાબુના એવા જ એક વિભિન્ન વ્યક્તિત્વ ધરાવતા શિષ્ય. એમની કલાના ઉછેર-ઘડતર રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલી પ્રણાલિમા થએલાં છતાં વ્યક્તિગત રીતે વિનોદ દા'ના કલા નોખી જ તરી આવે છે. એમણે ચિત્રકળામા અનેક માધ્યમોનો ઉપયોગ કર્યો છે. ૧૯૧૯માં શાંતિનિકેતનમાં પ્રથમ વાર પરંપરાગત શૈલીમાં ભીંતચિત્રો (ફ્રેસ્કો) કરવામા આવ્યાં. ત્યારે એ દિશામાં વિનોદ દા' મોખરે રહેલા. અને તે પછી ઉત્તરો-
૧૭૭ ('કુમાર' અંક ૪૪૫).
ત્તર ૧૯૪૦માં 'ડોર્મિટરી'મા અને ૧૯૪૩માં 'ચીના ભવન'માં કરેલા 'મ્યૂરલ્સ' તથા ૧૯૪૬-૪૭મા કરેલા 'હિન્દી ભવન' નાં 'ફ્રેસ્કો'માં એમના પ્રતિભા પૂર્ણપણે વિકસેલી દેખાય છે.

ત્યાર પછીના ૧૯૪૮ના વિનોદ દા'ના ચિત્રોમાં પેલા બિરભૂમ જિલ્લાના ચિરપરિચિત ખુલ્લાં વિશાળ મેદાનો કે તડકે તપતાં ઉનાળાના ખેતરોનાં દશ્યોને બદલે હિમાલયની ગોદમાં આવેલા નેપાળની પાર્શ્વભૂમિ ડોકિયાં કરે છે. નવીન વાતાવરણ અને પરિબળોએ એમની કલામાં હમેશા સારો ભાગ ભજવ્યો છે. એટલે ત્યાર બાદનાં એમના ચિત્રોમાં વળી નવા જ શૈલી અખતરા જોવા મળે છે. નેપાળના વસવાટ દરમિયાન જો કોઈ વિલક્ષણ ફેરફાર થયો હોય તો તે છે એમણે આણેલા કૌશલ-પરિવર્તનનો. ત્યાર લગી એમની કલાકૃતિઓની વિશિષ્ટ શૈલીમાં પ્રચ્છન્ન રહેલી વારસાગત પ્રયોગની મોહક લીલા જણાઈ નહોતી. આ પ્રયોગો ને અનુભવોએ એમની કલા પર એક એવી છાપ મૂકી, જે પાછળથી એમનાં ચિત્રોમાં પ્રધાન ભાગ ભજવી રહી.

ત્યાર પછી વિનોદ દા' મસૂરી ગયા. ત્યાંના ખુલ્લા આકાશ, વાદળો, સૂર્ય અને ભીડ જમાવતા પ્રવાસીઓએ જે સંક્ષોભ એમના ચિત્તંત્રમાં જગાડ્યો તે એમની નોંધપોથીઓ ને ડાયરીઓમાં અસંખ્ય સ્કેચો અને આલેખોના રૂપમાં સંઘરાયો છે. નેપાળમાં હસ્તગત કરેલું કૌશલ એમણે મસૂરીમાં કરવા માંડેલાં ચિત્રોમાં આપનાવવું શરૂ કર્યું.–પૂરી ગંભીરતા સહ. અને કલા તથા કૌશલ વચ્ચે ઘનિષ્ઠ સબંધ સ્થાપવાનો હેતુ એમણે એ પ્રયોગો દ્વારા પાર પાડવા પ્રયત્ન કર્યો. એ માટે એક નાનું સરખું શિક્ષણકેન્દ્ર પણ એમણે શરૂ કરેલું.

રેખા પરનું વિનોદ દા'નું સ્વામિત્વ જન્મ-



પૌર્વાત્ય દેશોની સંસ્કૃતિ અને તેના પરની ભારતીય સંસ્કારોની ઊંડી છાપ વિષેના અભ્યસનીય પ્રવાસ-વર્ણનની 'કુમાર'માં પ્રકટ થતી રહેલી લેખમાળા 'અગ સ્થને પગલે પગલે'માંથી શરૂઆતથી લઇ હૉંગકૉંગ, જાપાન અને ફિલિપાઇન્સ ટાપુઓ સુધીનાં પ્રકરણોનું, નવાં ચિત્રો અને નવા સંસ્કરણ સાથેનું પુસ્તક આકારે પ્રકાશન. **કિંમત રૂ. ૨-૨૫.**

પ્રકાશક

બાલગોવિંદ કુબેરદાસની કં. અમદાવાદ




ગુર્જર ગૃહિણી

ચિત્રમય ગુજરાત

સંસ્કાર અને સૌન્દર્યનું દર્શન

(ગુજરાત સરકારના માહિતી ખાતાના સૌજન્યથી)


"સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ,
અંગ આખો યે નિજ અલબેલ,
સાડીમાં ઢાંકતી રૂપની વેલ;
... ...
ભાલ કુંકુમ કર કંકણ સાર,
કન્થના સજ્યા તેજશણગાર;
ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ."


અમદાવાદની સીદી સયીદની મસ્જિદની જાળી


સરિત્ સૌન્દર્ય

'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' : શત્રુંજય ઉપરથી સૌરાષ્ટ્રની ધરતીનું દર્શન




અમદાવાદની રાણી રૂપમતીની મસ્જિદનો ગોખ



પાવાગઢ ઉપર દુધિયું તળાવ

મીંઢળની ગાંઠ





મોઢેરાનું સૂર્યમંદિર



ધરતીનાં ફોરું



નરસિંહ મહેતાનો ચોરો (જૂનાગઢ)



સોમનાથના ધ્વસ્ત થયેલા પ્રાચીન મંદિરમાંની શિવમૂર્તિ

સિદ્ધ છે. એ કસબને એમણે સંસ્કાર્યો–સંમાર્જ્યો અને એને આગવું વ્યક્તિત્વ બક્ષ્યું એને માટેની એમની તપશ્ચર્યા માન મૂકાવે એવી છે. રેખાના આ સ્વામીમાં અજંતાની ચિત્રકલાની ધારાવાહિતા ને ચાઈનીઝ 'કૅલિગ્રાફી'ની દૃઢતાનો સુભગ સમન્વય જોવા મળે છે.

એમનાં ચિત્રોમાં કોઈ પ્રકારનું 'સેન્સેશન' જોવા નહિ મળે. મૉડર્ન આર્ટની દષ્ટિએ તો એમની કળાનું બહિર્‌સ્વરૂપ 'ઠંડુગાર' લાગે।

વિનોદ દા'એ દક્ષિણ ભારત વિના દેશની લગભગ બધી જ સંસ્થાઓનો પરિચય મેળવ્યો છે. ભાગ્યે જ કોઈ એવો સમકાલીન કલાકાર હશે જેની કૃતિઓનાં અભ્યાસ-અધ્યયન એમણે નહિ કર્યાં હોય. ૧૯૩૬માં જ્યારે એ જાપાન અને ચીન ગયા ત્યારે કલા શિક્ષણ કરતાં વર્તમાન કલાકારોના જીવનના અભ્યાસમા એમણે વધુ રસ દાખવેલો. એથી એમનો આત્મવિશ્વાસ વધ્યો. પાશ્ચાત્ય કલા પ્રત્યે પૂરો આદર તેઓ ધરાવે છે, પણ એમણે કદી એની નકલ કરી નથી. સેઝાં, માતીસ, રૅન્વર અને સ્યુરાતને એમણે વર્તમાન સમયના સિદ્ધ કલાકાર ગણાવ્યા છે. આધુનિક 'મૉડર્ન આર્ટ' પ્રત્યેનો એમનો અભિગમ આ પરથી સમજી શકાશે. નંદબાબુના અંતેવાસી તરીકે 'કલાભવન'માં એમણે લાંબો કાળ શિક્ષક તરીકે કામ કરેલું. મસૂરીની શાળા માટે એમણે ઘડેલો અભ્યાસક્રમ જોતાં શિક્ષક તરીકેનો વ્યવસાય કેવી ગંભીરતાથી એમણે અપનાવેલો તેનો ખયાલ આવ્યા વિના ન રહે. નંદબાબુ હમેશ જે કહેતા કે 'ચીન, જાપાન ને યુરોપના વિવિધ ચિત્રપ્રકારોની શૈલીના શિક્ષણમાં વિનોદ દા'નો મહત્ત્વનો ફાળો છે એમાં લગીરે અતિશયોક્તિ નથી.

શ્રીમતી લીલા મુખરજી

વિનોદ દા'ના પત્ની શ્રી લીલા મુખરજીનું કલાક્ષેત્રે પ્રદાન એ સાનંદાશ્ચર્યની વાત છે. એમણે કાષ્ઠશિલ્પ તથા મુદ્રણક્ષમ કાષ્ઠકોતરણી (વૂડકટ)ને પોતાની કલા માટેનું માધ્યમ ગણ્યું છે. આંગળીને વેઢે ગણી શકાય એટલા એ ક્ષેત્રના જે કલાકારો છે એમા એમનું નામ ને કામ બન્ને નોંધપાત્ર છે.

બી.ટી.નો ડીપ્લોમા મેળવીને શ્રીમતી લીલા મુખરજીએ કરાચીમાં થોડો કાળ ચિત્રકળાની તાલીમ લેવામાં ગાળેલો, ત્યાર બાદ શાંતિનિકેતનના કલાભવનમાં તે આવ્યાં વિનોદ દા' સાથે નેપાળમાં ગાળેલા દિવસો દરમિયાન નેપાલી ધાતુમૂર્તિઓ તેમજ વિવિધ ભાસ્કર્ય વગેરેના અભ્યાસ કરતાકરતા એમની કલાપ્રતિભા પ્રકાશી ઊઠી ને નેપાળના ખ્યાતનામ શિલ્પાચાર્ય શ્રી કુલસુંદર પાસે એમણે શિલ્પ શીખવાનું શરૂ કર્યું. ત્યારથી તે ૧૯૫૮ સુધી તેઓ દહેરાદૂનની વિલ્હેમ સ્કૂલમાં પોતાની કાષ્ઠકલા શાંતરીતે કરી રહ્યાં હતાં.

૧૯૫૭મા દિલ્હીમાં અને ૧૯૫૮માં કલકત્તામાં એમનું 'નિજી પ્રદર્શન' યોજાયું હતું જેને જનતા તેમજ કલાવિવેચકો તરફથી સારો આવકાર મળેલો.

હિતચર્યા

(૨) મલોત્સર્ગ

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને આત્મચિંતન બાદ ઉષ:પાન કરવાનો આદેશ છે. 'ઉષ:પાન' એટલે રાત્રે તાંબાના પાત્રમાં ભરી રાખેલું પાણી સવારે ઊઠીને ધીમે ધીમે પીવું તે જેને ફાવટ હોય તે નાક દ્વારા પણ ઉષ:પાન કરી શકે. ઉષ:પાનને આચાર્યોએ 'અનેક રોગોનો નાશ કરનાર', 'રસાયન' અને 'પરમ ચક્ષુષ્ય' માનેલું છે.

વળી ઉષ:પાન કરવાથી મલોત્સર્ગની ક્રિયાને મદદ મળે છે. કબજિયાતના દર્દી માટે ઉષ:પાનનો વિધિ લાભકારક છે. કબજિયાત અનેક રોગોનું મૂળ મનાય છે તે સાચું જ છે. કબજિયાત એ દુ:સાધ્ય વ્યાધિ છે. તેનાં કારણોને દૂર કરવામાં આવે અને સાથેસાથે ઉષ:પાન કરવામાં આવે તો જરૂર લાભ થાય. પણ એને માટે ધીરજની અપેક્ષા છે. મહિનાઓ સુધી નિયમિત ઉષ:પાન કરવું જોઇએ. રુચિ પ્રમાણે અર્ધો શેરથી શરૂ કરી દોઢ શેર જેટલું પાણી પી શકાય. નાક દ્વારા પાણી પીવાનું શીખી લેવાય તો જલ્દી ને વધુ ફાયદો થાય.

ઉષ:પાન પછી મલમૂત્રનું વિસર્જન કરવાની આજ્ઞા છે. નિયમિત મલવિસર્જન શરીરસ્વાસ્થ્ય માટે આવશ્યક છે. પણ આજે તો સંખ્યાબંધ લોકો કબજિયાતના મહાવ્યાધિથી પીડાતા હોય છે. તેમાંથી મુક્ત થવા માટે પ્રથમ તેનાં કારણોથી મુક્ત થવું જોઇએ.

બાળપણમાં પરતંત્ર બાળક પથારી, માતાનો ખોળો અને ઘરમાં ગમે ત્યાં મળોત્સર્ગની પ્રવૃત્તિ કરી બેસે છે. આને કારણે અનેકવાર માતા ચીડાઈ જાય છે. માતાની ચીડ અને તિરસ્કારની અસર બાળકના ચિત્ત પર પડે છે, અને જેને કારણે માતા ચીડાઈ જાય છે એવી આ 'તિરસ્કૃત' પ્રવૃત્તિનો એ નિરોધ કરવા માંડે છે. કબજિયાતને જન્મ આપવામાં ઉપર્યુક્ત માનસિક વલણ પણ કારણભૂત હોય છે. મનોવિજ્ઞાનના દૃષ્ટિએ આપણે ત્યાં હજુ ઝાઝો વિચાર નહિ થતો હોઇ આ વાત કેટલાકને વિચિત્ર લાગવાનો સંભવ છે.

મળને ધારણ કરી રાખવાનું અને યોગ્ય સમયે એનું નિષ્કાસન કરવાનું કામ વાયુનું છે. મન અને વાયુ સમાન ક્રિયાકારી છે. બંને મળીને વિવિધ ક્રિયાઓનું સંપાદન કરે છે. બંને પરસ્પર એવા ગાઢ સંબંધથી જોડાએલાં છે કે જાણે પરસ્પર સંયુક્ત દૂધ ને પાણી. જે કાર્યમાં વાયુની પ્રવૃત્તિ થાય છે એ કાર્યમાં મન પણ પ્રવૃત્ત કરે છે. વળી જે કાર્ય પ્રત્યે મનની પ્રવૃત્તિ થાય છે એને પ્રાપ્ત કરવા વાયુ તત્પર થાય છે. 'હઠયોગ પ્રદીપિકા'ના કથન મુજબ મનની અસર વાયુ ઉપર થાય અને વાયુ મળનો ત્યાગ કરવાનું સ્વાભાવિક કર્મ છોડી એનો નિરોધ કરી રાખે તે સમજાય એવું છે.

આ ઉપરાંત અતિશય ગંદા જાજરૂને કારણે ઉત્પન્ન થતી તીવ્ર સૂગ અને જાજરૂમાંથી જલદી જલદી નીકળી છૂટવાની મનોવૃત્તિ પણ બંધકોશને જન્મ આપવામાં કારણભૂત છે. અમુક સ્થળે તો ઓછા જાજરૂ ને એને કારણે થતી રાહ જોનારાની લાગી 'ક્યૂ' પણ મલોત્સર્ગની સાહજિક પ્રવૃત્તિનો રોધ કરવાની પરાણે ટેવ પાડી દે છે. સહજ વેગોને રોકવાની આયુર્વેદમાં સ્પષ્ટ મના કરવામાં આવી છે. એમ કરવાથી અનેક રોગોનો જન્મ થાય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ કબજિયાતથી વધુ પીડાતી હોય છે; કેમકે બાળકોને કારણે ને ઘરનાં કામકાજને કારણે મળોત્સર્ગના સ્વાભાવિક વેગનો નિરોધ કરવાની એમને ટેવ જ પડી જાય છે.

કબજિયાતના દર્દીને આંતરડાંમાં ગડગડાટ, પેટમાં ભારેપણું વગેરેની ફરિયાદ રહ્યા કરે છે; અવારનવાર માથું દુ:ખવા આવે છે; શરીરમાં સ્ફૂર્તિ અને કામ કરવાની ઉલટ રહેતાં નથી. કબજિયાતમાથી મુક્ત થવાની ઇચ્છા રાખનારે નિદાન-પરિવર્જન કરવું જોઇએ. નિદાન એટલે કારણ. ઉપર આપણે કબજિયાતનાં કેટલાંક મહત્ત્વનાં કારણો જોયાં. એ કારણોનું પરિવર્જન કરનાર જ રોગમુક્ત થઈ શકે. સાથેસાથે ઉષ:પાનનો વિધિ ને પ્રાત:કાળે નિયમિત જાજરૂ જવાની ટેવ પણ પાડવી જરૂરી છે. મળનું નિષ્કાસન ભલે ન થાય તો પણ નિયમિત જાજરૂ જવાની ટેવ તો પાડો જ. એથી પણ લાભ થશે.

લાભશંકર ઠાકર

કંકાવટી

મહેમાનોને બોલાવો ત્યારે

મહેમાનોને તમારે ત્યાં નિમંત્રો,—નાનકડી મહેફિલ પણ યોજો ત્યારે આટલી વાત ખયાલમાં રાખજો: મહેમાન આવી જાય તે પહેલાં તમારાં કામ પતાવી લેજો, જેથી તમે તેમની પાસે બેસી શકો. બહુ ભભકદાર વસ્ત્રોને બદલે રોજનાં સાદાં સારાં કપડાં જ પહેરજો, જેથી મહેમાનો ઘરમાં આવ્યાની હળવાશ અનુભવી શકે. જમવાની વસ્તુઓ એટલી બધી ન રાખતાં કે પીરસતાં કંઈક ભુલાઈ જવાનો ડર રહે ને ખાતાં દ્વિધા ઊભી થાય. બહુ વસ્તુઓ હોય ત્યારે તમારો ઘણોખરો સમય તો બધી વસ્તુઓ બરોબર પીરસાઇ કે નહિ તે જોવા-સંભાળવામાં જાય છે. મહેમાનો કામકાજમાં મદદ કરવા ઇચ્છે તો થોડી મદદ કરવા દેજો, પણ એ રીતે કે તેમના પર બોજ ન થાય, છતાં કામમાં ભાગીદાર બન્યાનો તેમને સંતોષ થાય. ઘરમાં થોડો શણગાર કરો તો તે આનંદની હવા લાવવા પૂરતો જ કરજો, મહેમાન પર પ્રભાવ પાડવા માટે નહિ. અને મહેમાનોને તમારે આનંદ આપવાનો છે એટલું જ માનવાને બદલે, તમને પણ તેઓ આનંદ આપી રહ્યાં છે એ વસ્તુ યાદ રાખજો ને કૃતજ્ઞતા અનુભવજો.

અપંગની પ્રતિભા

'ભુજ કરાંગુલિઓ સહુ દક્ષ તે
તિમિરમાંથી નિચોવતી તેજને.'

તદ્દન બાળવયે અંધ બહેરી ને મૂગી, એમ ત્રણ ઇંદ્રિયો અપંગ બનવા છતાં કેવળ ગંધ ને સ્પર્શની ઇન્દ્રિયોની સહાયથી, પુરુષાર્થ ને પ્રતિભાને બળે ગ્રૅજ્યુએટ થનાર તથા ઉત્તમ લેખિકા ને વક્તા તરીકે નામ કાઢનાર હેલન કેલર 'તિમિરમાંથી તેજ નિચોવનાર', જગતની અપૂર્વ 'અપંગની પ્રતિભા'વંત મહિલા છે.

તેનો જન્મ અમેરિકાના આલાબામા પ્રાંતમાં ટસ્કંબિયા ગામના એક શ્રીમંત કુટુંબમાં ઇ. ૧૮૮૦ના જૂનની ૨૭મીએ થયો હતો. પણ દોઢ વર્ષની થતાં તો એ નાની બાળકી 'સ્કાર્લેટ ફીવર'ની ભયાનક માંદગીમાં સપડાઇ અને જોવાની, સાંભળવાની તેમજ બોલવાની તેની ત્રણે શક્તિઓ ચાલી ગઈ. માતાપિતાએ પોતાની એ અપંગ બનેલી પુત્રીને કેળવવા મિસ ઍની સલિવન નામની એક હોશિયાર બાઇને શિક્ષિકા તરીકે રાખી. તેણે ૧૮૮૭ની ૩જી માર્ચે હેલનને સજ્ઞાન બનાવવાના પોતાના ભગીરથ પ્રયત્નો શરૂ કર્યા. પહેલે દિવસે હેલનના એક હાથમાં ઢીંગલી આપીને બીજા હાથમાં 'ઢીં ગ લી' શબ્દની જોડણી લખીને તેને વસ્તુનું નામ શીખવવા પ્રયત્ન કર્યો. પણ ક્યાં ય સુધી હેલનને એ શું થાય છે તેની ખબર જ ન પડી. પરંતુ એકાએક એક દિવસ જ્યારે હેલન એક હાથ પર પાણીની ધાર ઝીલતી હતી ત્યારે તેના બીજા હાથ પર સલિવને 'પા-ણી' શબ્દની જોડણી લખતાં જ હેલનને અગમ્ય રીતે ભાન થયું કે જે ઠંડો પ્રવાહી એક હાથ પર પડે છે તેનું જ નામ બીજા હાથ પર લખાય છે! આ ભાન થતાં જ હેલનની અંધકારમય દુનિયામાં પ્રકાશ પથરાઈ ગયો. પછી તો શિક્ષિકાના યોગ્ય માર્ગદર્શનથી હેલને પોતાનો શબ્દભંડોળ એવો તો વધાર્યો કે બધા દંગ થઈ ગયા. વળી સ્પર્શજ્ઞાન વડે જ શીખીને હેલને પોતાની બોલવાની શક્તિ પણ મેળવી!



જોતજોતાંમાં અંધ માટેની બ્રેઇલ લિપિ વડે શાળાનું શિક્ષણ પૂરું કરી ઈ. ૧૯૦૦માં તે બૉસ્ટનની રૅડક્લિફ કૉલેજમાં દાખલ થઈ અને પાંચ ભાષાઓ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ગણિત ઇત્યાદિ વિષયો શીખીને ઇ. ૧૯૦૪માં બી. એ. પણ થઈ ગઈ. એ પછી તેણે પોતાના જેવા ઇતર હજારો અંધોના ઉત્કર્ષ-કાર્યમાં ઝુકાવ્યું તેને માટે એક મોટું ભંડોળ ભેગું કરીને અંધોદ્ધાર માટે 'જ્હૉન મિલ્ટન સોસાએટી ફૉર ધ બ્લાઇન્ડ' નામની વિખ્યાત સંસ્થા સ્થાપી ને અંધ લોકો માટે બે માસિકો બ્રેઇલ લિપિમાં શરૂ કર્યાં. તેણે લખેલાં ઘણાં પુસ્તકો પૈકી આત્મકથા જગતસાહિત્યમાં ઊંચું સ્થાન ધરાવે છે. તેમનાં પુસ્તકો છે: 'સ્ટૉરી ઑવ માઈ લાઇફ' (ઇ. ૧૯૩૦), 'મિડ સ્ટ્રીમ' (૧૯૩૦), 'ઑપ્ટિમિઝમ' (૧૯૩૦), 'ધ વર્લ્ડ આઈ લિવ ઈન' (૧૯૦૮), 'ધ સૉંગ ઑવ ધ સ્ટોન વૉલ' (૧૯૧૦), 'આઉટ ઑવ ધ ડાર્ક' (૧૯૧૩), 'માઈ રિલીજીઅન' (૧૯૨૭) અને 'લેટ અસ હૅવ ફેઈથ' (૧૯૪૦).

તેને દેશ-પરદેશનાં અનેક ઈનામો ને ખિતાબો એનાયત થએલાં છે: ઇ. ૧૯૩૧માં ૫૦૦૦ ડૉલરનું 'ઍચીવમેન્ટ પ્રાઇઝ', '૩૯માં 'યુનાઇટેડ સ્ટેટ્સ એડ્યુકેશનલ એસોસીએશન'તરફથી સુવર્ણ-પારિતોષિક તથા તે ઉપરાંત ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિ. તરફથી 'ડૉક્ટર ઑવ હ્યૂમન લેટર્સ'ની તેમજ ગ્લાસગો યુનિ. તરફથી 'ડૉક્ટર ઑવ લૉઝ'ની ડિગ્રી, 'ફ્રેન્ચ લીજિયન ઑવ ઑનર' તથા 'લેબૅનન ગોલ્ડ મેડલ ઑવ મેરિટ' તેમને મળ્યા છે.

ઇન્દ્રિય-શક્તિ વિના પણ કેવળ આત્મશક્તિ અને પુરુષાર્થ વડે માનવ કેવી અદ્ભુત પ્રગતિ કરી શકે છે તેનું, હેલન કેલરનું જીવન જ્વલંત ઉદાહરણ છે. માનવ-મહત્ત્વાકાંક્ષાઓની સિદ્ધિની એક સુંદર-સુરેખ, પ્રોજ્જ્વલ ને પ્રતિભાવંતી પ્રતિમા જેવાં હેલન કેલરને પરમેશ દીર્ઘાયુ બક્ષે.

મારવાડી પૂરી

૧ રતલ મગની દાળને છ કલાક પાણીમાં પલાળી રાખવી. ત્યાર બાદ પાણી કાઢી દાળને વાટીને પછી તેમાં જરૂરી બધો મસાલો નાખવો. પછી વડાંની માફક તેના ગોળા કરી તેલમાં તળી લેવા. તળ્યા બાદ વડાંની કડક કિનારી કાઢી નાખવી અને વડાંનો ભૂકો કરવો. ફરી વખત તેમાં બધો મસાલો થોડો નાખવો તથા માફકસર ગળપણ તથા ખટાશ ઉમેરવી. પછી ઘઉં અગર મેંદાના લોટને પૂરીના લોટ જેવો બાંધી તેની પૂરી વણવી. પછી તેમાં ઉપરનું પૂરણ પૂર્યા બાદ ફરીથી તેની પૂરી વણીને તેલમાં તળી લેવી. આ પૂરી સ્વાદિષ્ટ લાગે છે તથા લાંબા વખત સુધી બગડતી નથી. વડાંની કડક કિનારીને દહીંમાં પલાળીને તેનો દહીંવડાં તરીકે ઉપયોગ પણ કરાય. (અનુ ગાંધી, વાસંતી ગાંધી)

■ નમદા કે ગાલીચાને જમીન પર સરી જતો અટકાવવા તેના ચારે ખૂણામાં અંદરની બાજુએ રબ્બરના ટુકડા લગાવી દેશો તો ચાલશે. મોટરની ટ્યૂબ કે ગરમ પાણીની નકામી થઈ ગએલી રબ્બરની કોથળીના ટુકડા પણ ચાલે.

■ કાચના વાસણની આવરદા વધારવી હોય તો સીધેસીધું ઊકળતું પાણી તેમાં કદિ ન રેડતાં પહેલા સહેજ હૂંફાળું પાણી નાખવું. વધારામાં વાસણમાં ધાતુનો એકાદ ચમચો કે એવું કંઈ મૂકી તેના પર ઊકળતા પ્રવાહીની ધાર કરશો તો એ પણ ગરમીના સંવાહકની ગરજ સારશે.

સાડીની કિનારી

મિલના સાલ્લા જૂના થઇને ફાટી જાય તેની કિનારીના જાતજાતના ઉપયોગો થાય.

કોર જો ઝીણી હોય તો ત્રણ કોરોને માથાની સેર માફક કઠણ ગૂંથીને કપડાં સૂકવવાની દોરડી કરાય. કોર પહોળી હોય અને વણફાટી રહી હોય તો જોઇતી લંબાઇના એકસરખા લાંબા કકડા કાપી, એકબીજાને સાંધી લઇ તેમાંથી મજાની થેલીઓ બની શકે. કોરના રંગને લીધે થેલીઓ બહુ આકર્ષક બને છે.

બંગાળમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલા શાન્તિનિકેતન પાસે તેના જ અનુસંધાનમાં શ્રીનિકેતન નામનું ઉદ્યોગાલય ચાલે છે. તેમાં તો સાડીની કોરોમાંથી ઉત્તમ પ્રકારના પલંગપોશ બનાવવામાં આવે છે.

મારી એક બહેનપણી પાસે બહુ જ સરસ પણી પહોળી કિનારની સાડી હતી. તે ફાટી ગઈ ત્યારે કિનારીને સાંધી લઇ તેનો મોટો લંબ ચોરસ કકડો બનાવી તેણે તેનું ખૂબ જ સુંદર બ્લાઉઝ બનાવી દીધું હતું. પત્નીની ત્રેવડથી ખુશ થઈ પતિએ તેને ઈનામમાં એક વળી નવો કબજાનો ખડ ભેટ આપ્યો!

જૂના સાડીના કિનારીઓને ગૂંથીને બેસવાનાં આસનિયાં પણ જોવાં ને સરસ બને છે.

બાળકોને સુવાડવાની ગોદડીઓ, જૂનાં કપડાંના ઉપરાઉપરી પડ મૂકીને, સૌથી ઉપર સારું પડ ચડાવી ઘણી સ્ત્રીઓ બનાવે છે; કારણ કે રૂની ભરેલી ગોદડી ધોવાય નહિ, ને આ કપડાંની ગોદડી સાબુ દઇને ખુશીથી ધોવાય. આવી ગોદડીને ફરતી મુગજી માફક કોર ટાંકી દીધી હોય તો બાળારાજાની ગોદડી કેવી શોભી ઊઠે! બેસવાની માચી, ખુરશી કે નાના ખાટલામાં કાથીની દોરડીને બદલે સાલ્લાની કિનારીને પાટી પેઠે ભરાવી શકાય. પણ તેના ઉપર બાળકો જ સૂઈ શકે: નહિ તો કિનારીની પાટી તૂટી જાય. -વિ.

બાલગોટી

જાયફળ, જાવંત્રી, વાયુભા, વાવડિંગ, કરિયાત, ઇન્દ્રજવ, સૂંઠ, હરડે, ફિકામાળી, શેકેલાં કરંજના બી, પિત્તપાપડો, કડુ, કાળીજીરી, કલંભો, અતિવિષ, ઓળિયો, રેવંચીનો શીરો અને મરડાશીંગ આ દરેક વસ્તુ સમભાગે લઈ ખાંડીને એનું ઝીણું ચૂર્ણ કરવું. ત્યાર બાદ ખરલમાં પાણી સાથે બરાબર ઘૂંટીને સોગટીઓ બનાવી લેવી. બાળકોના ઝીણા તાવ, ખાંસી, કબજિયાત, પાચનક્રિયાના વિકારો વગેરેમાં પથ્થર પર પાણી સાથે સહેજ ઘસીને પાવું. પેટ ચોખ્ખું થઈ જશે અને બાળક સ્વસ્થ તથા પ્રસન્ન રહેશે.

લગ્નજીવનને સુખી અને રોમાંચક બનાવવા

આટલું તો કરજો

તમારા પતિને ઘરના ખલનાયક ન બનાવશો. બાળકોને એમ ન કહેતાં કે 'તમારા બાપુજીને આવવા દો–પછી વાત છે!' અથવા 'મને તો કાંઈ વાંધો નથી, પણ બાપુજી ના પાડે છે.'

એને જમાડી લ્યો નહિ ત્યાં સુધી તમારી મુશ્કેલીઓનાં પારાયણ એની પાસે કરશો નહિ.

ઘરમાં કાંઇ ભાંગફોડ થઇ ગઈ હોય તે દિવસે રસોઈ ખાસ સારી બનાવજો.

તમારા પતિના શબ્દોનું બરાબર ભાષાંતર કરતાં શીખી લ્યો: 'ઠીક લાગે છે'નો અર્થ એવો પણ થાય કે 'આજ તો તું બહુ રૂપાળી લાગે છે.'

પરણ્યા પહેલાં એને વશીકરણ કરવા માટે તમે જે જે બોલતાં ને કરતાં તે સંભારો ને એ જ કીમિયા ફરી અજમાવી જુઓ.

કેટલીક વસ્તુઓ કરવાનું એને મન થાય તેને માટે 'હવે બહુ ઘરડા થઈ ગયા' એવું એને વારંવાર કહેતાં નહિ.

પતિ કામ પરથી પાછા ફરે ત્યારે ઘરમાં અચૂક હાજર રહેજો.

સામાન્ય રીતે એ વહુઘેલા હોય તે પ્રેમઅડપલાંની પહેલ કરતા રહેતા હોય તો કયારેક તમે એનાથી સવાયાં બની જાજો.

(પતિએ શું કરવું જોઇએ તે આવતે અંકે)



દરિયાકિનારાના પ્રદેશની માછણ કેવી સુંદર ચાલે ચાલે છે! માથે માછલીનો ટોપલો ઉપાડવાનો હોવાથી તેની ગરદન અને ખભા સીધા રહેવા ટેવાઈ જાય છે. ગામડાંમાં કૂવાનાં પાણી સીંચનારી પનિહારીઓ પણ માથે હેલ ઉપાડતી હોવાથી તેની ગરદન તથા બરડાનો મરોડ સુશોભિત રહે છે. ભરવાડ-રબારી સ્ત્રીઓ પણ દૂધની તામડી માથે મૂકી કેવી દમામદાર ચાલે ચાલે છે! તેવી ચાલને લીધે સ્ત્રી દૃઢ ચારિત્ર્યની અને આત્મવિશ્વાસવાળી જણાય છે. શહેરી સ્ત્રીને માથે કશું જ ઉપાડવું પડતું નથી: ચિન્તાના ભાર સિવાય! પણ તેથી તો ખભેથી તે એવી વળી જાય છે કે જાણે વાંસામાં ખૂંધ ન નીકળી હોય! તેથી તે ડરકુ, બીકણ અને નિર્માલ્ય જણાય છે. કન્યાઓને નાનપણથી સીધી ને ટટાર ચાલે ચાલવાનું શીખવવું જોઇએ. ઇંગ્લંડમાં રાજકુટુંબ અને અમીર ઉમરાવની કન્યાઓને માથે ભારે ડિક્ષનેરી જેવી ચોપડીઓ મૂકી ચાલતાં શીખવે છે, જેથી તે ગર્વથી માથું અદ્ધર રાખી ટટાર ચાલે ચાલવા ટેવાય. દેહસૌન્દર્યનો વિચાર કરીએ ત્યારે ચાલવાની રીત અને અંગમરોડનો પણ ખયાલ રહેવો જોઇએ. નવું અને સારું ગ્રહણ કરવા જતાં જૂનાંનું જે સારું હોય તે ગુમાવી ન બેસીએ એનું ધ્યાન સુંદરીઓએ રાખવું ઘટે. વિ.





આર્ધૂકળી

નહીં દેશો આડા કર, ઝરણ જ્યારે નિરઝરે,
નહીં લેશો લૂંટી સ્વર, પ્રથમ જ્યાં ગાન નીતરે,
નહીં દેશો ભીંસી પ્રણય તણી જે પહેલી પગલી,
નહીં ફૂહેશો—ના ના, પ્રથમ ખગ જ્યાં પાંખ પ્રસરે.

(પ્રસ્થાન) —સુન્દરમ્

અસ્પંદિયાર એન્જિનીઅર: વિમાની દળના નવા સેનાપતિ

ગયે વર્ષે મેં અસ્પી એન્જિનીઅરને જોયા ત્યારે ત્રણ દાયકા પહેલાંનો એક નવયુવાન મને યાદ આવ્યો. ત્યારે હિન્દુસ્તાનમાં ઉડ્ડયનકલા હજી તેના બચપણમાં હતી. ત્યારે વિમાન લઈને દેશ-પરદેશ વચ્ચે ઊડવું એ મોટું સાહસ ગણાતું. એ જમાનામાં તે સમયના આગાખાનને હિન્દ માટે અને હિન્દીઓ માટે મમતા હતી, ને પશ્ચિમમાં વિકસી રહેલી વિમાનવિદ્યામાં હિન્દીઓ પણ નામ કાઢે એવી તેમની તમન્ના હતી. આથી તેમણે જાહેર કર્યું કે જે પહેલો હિન્દી બ્રિટન ને હિન્દુસ્તાન વચ્ચે એકલો ઊડશે તેને હું ૫૦૦ પાઉન્ડ ઇનામ આપીશ.

ઇનામની રકમ તો આકર્ષક ન હતી, પણ આ પરાક્રમ કરનાર પહેલા હિન્દી બનવાનું આકર્ષણ હતું. અને માત્ર ૧૭ વર્ષના અસ્પંદિયાર એન્જિનીઅરે આ બીડું ઝડપી લીધું. એ કાળમાં આજે છે એવાં વિમાનો ન હતાં, વિમાનને માર્ગદર્શન આપે એવાં વૈજ્ઞાનિક સાધનો ન હતાં. આજનો વિમાની બારીમાંથી જરા ય બહાર જોયા વિના યાંત્રિક સાધનોની સહાય વડે ચડી-ઊતરી શકે છે, બે ખંડો વચ્ચે પ્રવાસ પણ કરી શકે છે. તે કાળમાં વિમાનીએ યંત્રો ને વીજાણુ-સાધનો ઉપર નહિ, પણ પોતાની ઇન્દ્રિયો, બુદ્ધિ ને ચપળતા ઉપર વધારે આધાર રાખવો પડતો; ને અસ્પી તો સત્તર વર્ષનો છોકરો હતો! તેના જિપ્સી મોથ વિમાનમાં આજે તો કોઈ ઊડવાની પણ ભાગ્યે જ હા પાડે! પણ અસ્પંદિયારે એ સાહસમાં ઝંપલાવ્યું. હિંદથી બ્રિટન પહોંચ્યો તો ખરો, પણ સાથે એક મિત્ર હતો તેથી ઇનામ ન મળ્યું. તેમ છતાં વળતી યાત્રા તો તેમણે એકલે હાથે જ કરી અને ઇનામ મેળવ્યું! એ યાત્રાને ખાસ્સા બાર દિવસ લાગ્યા! તેમના હરીફ હતા જે. આર. ડી. તાતા! એન્જિનીઅરનું આ વિમાન પાછળથી ભૂજમાં ભાંગી ગયું, પણ તેમનો જુસ્સો ન ભાંગ્યો.



એન્જિનીઅરે એક બીજું સાહસ કર્યું. હિંદુસ્તાન ને દક્ષિણ આફ્રિકા વચ્ચે એકલા ઊડવા નીકળ્યા. ઇરાનમાં તેમનું અઢાર હજાર રૂપિયાનું વિમાન તૂટી પડ્યું. ત્યારે પિતાએ કહ્યું: 'હવે મારી પાસે નાણાં નથી. તારે ઊડવું જ હોય તો બ્રિટનના શાહી વિમાની દળમાં જોડાઈ જા!' ને અસ્પંદિયાર એન્જિનીઅર ખરેખર જોડાયા.

અસ્પીનો જન્મ મુંબઈમાં તા. ૧૫મી ડિસેમ્બર ૧૯૧૨માં, ને અભ્યાસ પંચગનીમાં થયો. પંચગનીથી કરાંચીમાં ડી. જે. સિન્ધ કૉલેજમાં જોડાયા. ત્યારે આ વિમાનોએ તેમની કલ્પનાને ને મહત્ત્વાકાંક્ષાને ઉત્તેજિત કરી. તે શાહી વિમાની દળમાં તાલીમ લેવા ઇંગ્લંડ ગયા ને સૂત્રના શ્રેષ્ઠ વિમાની તરીકે ઇનામ મેળવ્યું.

આપણાં પ્રાણીઓ: ૩૭ ચીતળ



હરણોમાં ચીતળ સુંદરતમ અને ઘણું જાણીતું છે. હિમાલયના તળપ્રદેશ, તેરાઈનાં જંગલો તથા મધ્યપ્રદેશમાં તે સૌથી વધુ જોવા મળે છે. પંજાબ, સિંધ, રાજપૂતાનાનો મોટો ભાગ, આસામ ને પૂર્વના દેશોમાં તે અજાણ્યું છે.

તેની ચળકતી ખાલનો રંગ લાલ ને આછી પીળી ઝાંયવાળો તપખીરિયો. બધી વયનાં ચીતળને તે પર ઠેકઠેકાણે સફેદ ટપકાં. શિંગડાની અણીઓ કુલ છ. પુખ્ત નરની ખભા સુધીની સરેરાશ ઊંચાઈ ૩૪–૩૬ ઇંચ અને વજન ૧૯૦ રતલ જેટલું.

સુંદર વનરાજિ, તૃણ-આચ્છાદિત જંગલ અને વહેતા ઝરાઓ જ્યાં હોય તે ચીતળનું પ્રિય નિવાસસ્થાન બેથી ત્રણ પુખ્ત નર સાથેના દસથી ત્રીસના ટોળામાં ફરે. ઘણી વાર ગામડાના ખેતરાઉ પાકમાં ઊતરે. વળી વાંદરાં જેવાં જંગલનાં પ્રાણીઓ સાથે પણ ભળે. સાબર કરતાં એ નિશાચર ઓછું. મોડા સવાર સુધી ને બપોર પછી ચરે.

નરના પોતાના શિંગડાં પાડવાનો સમય જુદે જુદે ઠેકાણે જુદો જુદો, મધ્ય પ્રદેશોમાં અને દક્ષિણ ભારતમાં સામાન્યરીતે ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં. ડિસેમ્બરના અંત સુધીમાં નવા શિંગડાં આવવા માંડે છે. મધ્યપ્રદેશોમાં ચીતળનો સંવનન-કાળ વિશેષ કરીને મે માસ. સંવનન-કાળ દરમ્યાન 'મસ્ત' બનેલો નર ખૂબ જ મોટે અવાજે ભાંભરે છે. માદા માટેની નર વચ્ચેની હરીફાઈઓ ઘણી ભયંકર હોય છે. ઉત્તર ભારતમાં ચીતળનો સંવનન-કાળ શિયાળુ મહિનાઓમાં.

માદા અવારનવાર બે કે ક્યારેક ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંનો ઉછેર ઘણો ઝડપથી થાય છે, છ મહિને તો પુખ્ત બની જાય.

વતનમાં પાછા ફરીને તે નવા સ્થપાએલા હિંદી વિમાની દળમાં જોડાયા. તે જમાનામાં વાયવ્ય સરહદ પર તાયફાવાળાઓ સાથે યુદ્ધ ચાલ્યા જ કરતું. અસ્પી એન્જિનીઅરે તેમાં ઘણાં પરાક્રમ કરી બતાવ્યાં ને એ પરાક્રમોની નોંધ લેવાઈ. ૧૯૪૨માં તેમને બહાદુરી ને કુશળતા માટે ચન્દ્રક અપાયો, અને ૧૯૪૫માં તે કોહાટના વિમાની મથકના વડા બન્યા. ભારત સ્વતંત્ર થયા પછી ૧૯૫૨માં તે ભારતી વિમાની દળના નાયબ સેનાપતિ બન્યા. ૧૯૪૭-૪૮માં પાકિસ્તાન સામે કાશ્મીરનું રક્ષણ ભારતનું લશ્કર કરી શક્યું તેનો યશ ભારતના વિમાની દળને ઘટે છે ને એન્જિનીઅર ત્યારે કાશ્મીરમાં વિમાની દળના વડા હતા.

અસ્પી એન્જિનીઅરની શક્તિનાં બહુવિધ પાસાં છે. વિમાની દળમાં ઘણાં ક્ષેત્રો છે. દા.ત. સક્રિય લડાઇ, વહીવટી તંત્ર, ટેક્નિકલ શાખા, પુરવઠો, વિમાનોનું આયોજન, ઉત્પાદન વગેરે. એન્જિનીઅરે એ બધાં ક્ષેત્રોમાં પોતાનું કૌશલ્ય દાખવ્યું છે. એથી જ બૅંગલોરમાં હિંદુસ્તાન એર ક્રાફ્ટ લિમિટેડને જ્યારે તેની વધતી જતી પ્રવૃત્તિઓ અને વિકાસ માટે કુશળ નિયામકની જરૂર પડી ત્યારે તેણે એન્જિનીઅરને માગી લીધા. ને જ્યારે ઍર માર્શલ સુવ્રત મુખરજીને કાળ ચીલઝડપથી ઉઠાવી ગયો ત્યારે એમના ખાલી પડેલા સ્થાન માટે બત્રીસ લક્ષણા વિમાનીની શોધ ચાલી. એવો બત્રીસલક્ષણો વિમાની બૅંગલોરમાંથી મળી આવ્યો: અસ્પી એન્જિનીઅર. (સોહમ્)


ઘંટનો નાદ

ઘંટનું સ્થાન ભારતીય જીવનમાં અનોખું છે. વહેલી સવારે કે નમતી સાંજે ભારતનાં મંદિરોમાં ઘંટ ગાજી ઊઠે છે. ઘંટ વિનાનું તો કોઈ પણ મંદિર હોતું નથી. મંદિરે જનાર દર્શનાર્થી પણ દર્શન કર્યા પહેલાં કે પછી ઘંટ વગાડવાનું ચૂકતો નથી. આરતી ટાણે તો ઘંટના નાદ ગામને ગજવી મૂકે છે. ઘરની નાનકડી પૂજાની ઓરડીમાં પણ ઘંટડી રણકી ઊઠે છે. ભારતમાં આ ઘંટ કોણ બનાવે છે? તેમાંથી પ્રગટ થતી સૂરાવલિ પાછળ કયા કારીગરનો હાથ છે? એનું સંશોધન થાય તો ઘણું જાણવાનું મળે. નેધરલૅન્ડ, (હોલૅન્ડ) યુરોપભરમાં અને યુરોપની બહાર સુંદર ઘંટ બનાવનાર તરીકે જાણીતો છે. અહીં તેની થોડી વિગતો જોઇએ.

કોઇએ કહ્યું છે કે ઘંટનો નાદ સાંભળતાં જ જાણે એવી લાગણી થાય છે કે આપણે સ્વર્ગની નિકટ છીએ. એટલે જ તો હોલૅન્ડમાં જે ત્રણ નગરોમાં ઘંટ બનાવવામાં આવે છે તેમાંના એક નગર(હાઇલીખેરલે)નો અર્થ 'પવિત્ર સ્થળ' થાય છે. હોલૅન્ડની ઉત્તરમાં આવેલા ખો નિગન જિલ્લામાં એ નગર આવેલું છે.

૧૭૯૫માં આન્દ્રીઝ વાન બેરગેન નામનો બેલ્જિયમનો એક અનુભવી ઘંટ બનાવનાર કારીગર આ ગામમાં આવીને વસેલો. તે 'કેરીલોન્સ' પ્રકારના ઘંટના ઉત્તમ કારીગર તરીકે જાણીતો હતો. 'કેરીલોન્સ' એટલે એક મોટા ઘંટ સાથે લગાડેલી નાનીનાની ઘંટડીઓનો સમૂહ, આ ઘંટડીઓ દોરડું ખેંચતા જ વાગે છે ને તેમાંથી મનને કોઇ અગમ્ય પ્રદેશમાં ખેંચી જતી સૂરાવલિ પ્રગટ થાય એવી તેની ગોઠવણ હોય છે. આન્દ્રીઝની એ એક જ ફાઉન્ડરીમાં સાત સાત પેઢીઓથી તેનું કુટુંબ ઘંટ ઢાળવાનું કામ કરતું આવ્યું છે. હમણાં ન્યૂ યૉર્ક શહેરના 'રીવરસાઇડ ચર્ચ'નો જગવિખ્યાત 'રૉકફેલર–કેરીલોન' ૧૯૫૫માં એ કુટુંબના આજના વાન બેરગેને બનાવ્યો છે. તેમાં બધા મળીને ૫૮ નાનામોટા ઘંટ છે, અને આ પેઢીએ અત્યાર સુધીમાં બનાવેલો એ મોટામાં મોટો ઘંટ છે, તેનું વજન ૪૦ હજાર રતલ છે અને અદ્યતન ઇલેક્ટ્રોનિક સાધનોથી જ્યારે એ વગાડવામાં આવે છે ત્યારે તેમાંથી પ્રગટ થતા મૃદુ સૂરોના પડઘા સતત સાંભળ્યા જ કરીએ એમ થાય છે.

ઘંટની રચના કુશળ કારીગરનો હાથ માગી લે છે. માત્ર કોઇ એક



બીબામા ઢાળીને જ ઘંટ બની શકતો નથી. ઘંટમાંથી સૂરો પ્રકટાવવા માટેની આખી ક્રિયા કઠિન અને રહસ્યભરી છે. અમુક સ્થળે તેની કેટલી જાડાઈ રાખવી તે નક્કી કરવાનું કામ મૌલિક દૃષ્ટિ માગી લે છે. વળી ઘંટની રચનામાં તેના આકારનો તથા તેમાં વાપરવામાં આવનાર ધાતુનો પણ ખયાલ રાખવાનો હોય છે. તેમાં ૮૦ ટકા તાંબું ને ૨૦ ટકા કલાઈ હોય છે. આ મિશ્રણને ફાઉન્ડ્રીની પાંચ ભઠ્ઠીઓમાંની એક ભઠ્ઠીમાં ઓગાળવામાં આવે છે. તે પછી માસ્ટર-ફાઉન્ડર સંકેત કરે તે સાથે જ બીબામાં એ મિશ્રણને ઢાળી દેવામાં આવે છે. ઘંટ ઢાળવાની આ ક્રિયામાં જો નાનીસરખી પણ ભૂલ થાય તો તેની સૂરાવલિ બેસૂર બની જવાનો સંભવ રહે છે. વીસ હજાર રતલ વજનનો ઘંટ તૈયાર થતાં વીસ મિનિટ લાગે છે અને ઠંડો પડતાં ૨૫ કલાક લાગે છે.

હાઇલીખેરલેના આ કારખાનાની ૧૬૫ વર્ષની કારકિર્દીમાં ૧૮,૦૦૦ કરતાં વધારે ઘંટ તૈયાર થયા છે. નેધરલૅન્ડમાં બનેલા ઘંટ દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, પેરુ, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા, ફિલિપ્પાઈન્સ, આઈસલૅન્ડ અને અમેરિકાનાં અનેક શહેરોમાં જાય છે.

બોર

બોર શિયાળાનું સોંઘું ફળ છે. વનસ્પતિશાસ્ત્રે તો એની ૬૪ જાતોનો નિર્દેશ કર્યો છે. એ બધાંમાં સૌથી ઉપયોગી એવાં લાલ ચણીબોરનો જ વિચાર કરીએ, કારણ કે ગુણની દૃષ્ટિએ એ ઉત્તમ સાબિત થયાં છે.

બોર શિયાળાના ઉત્તર કાળમાં આવે છે. એની પાછળ કુદરતીરીતે બે હેતુ સરે છે: એક તો બોર ખાટાંમીઠાં હોવાથી પાચક અને પોષક, શક્તિ આપે છે અને બીજું તેમાં એક વિશિષ્ટ પ્રકારનો તૂરો રસ રહ્યો છે, જેનાથી અપક્વ ખોરાકમાંથી પેદા થતી આમ કફજ વિકૃતિનું શોષણ થાય છે. ઋતુજ્ઞાનની દૃષ્ટિએ શિશિર ઋતુમાં કફનો સંચય થાય છે અને વસંત ઋતુમાં એ પ્રકોપ પામે છે. આથી જ વસંત ઋતુમાં નાનામોટા કફજ ઉપદ્રવો ફાટી નીકળે છે. એટલા માટે પ્રકૃતિએ બોર પેદા કર્યાં છે, કારણ કે એના ઉપયોગથી એ પ્રકારના દરદોમાંથી મુક્ત રહેવાય છે. બોરનું એક વિશિષ્ટ કાર્ય શરીરની માંસપેશીઓનું સંકોચન કરવાનું છે. શરીરના બાહ્ય અને આંતરિક રીતે શિથિલ પડેલા અવયવો સુદૃઢ થઇ નિયમિત કાર્ય કરી શકે તેવી બોરમાંથી સ્તંભકગ્રાહી શક્તિ મળે છે.

જીવી જાણનારા

ઈ. ૧૯૫૯ના ઑગસ્ટની ૨૧મી તારીખે પંજાબમાં બંધાઈ રહેલા



જગતના જંગી ભાકરા-નાંગલ જળ-બંધના બાંધકામમાં અમુક ભાગ તૂટી પડવાને લીધે ગોવિંદસાગર જલાગારમાંથી આવતી ટનેલ વાટે પાણી તેના હૉઈસ્ટ ચેમ્બરમાં ભરાઈ ગયું ને જે ભયંકર હોનારત સર્જાઈ તેનાં કમકમાં હજી ઘણાને યાદ હશે. એ વખતે ૨૫ વર્ષનો ભરજુવાન બિહારીલાલ ગુપ્તા એ હૉઈસ્ટ-ચેમ્બરમાં ધસમસતાં જલપૂર સામે છેવટ સુધી ફરજ પર અડગ રહ્યો અને સામી છાતીએ મોતને ભેટ્યો.

પંજાબના સંગરૂર જિલ્લાના એક ગામડાના ગરીબ મા-બાપનો એ પુત્ર આપબળે અભ્યાસ કરીને આગળ વધેલો. તેજસ્વી કારકિર્દી સાથે ઇન્ટરમીજિયેટની પરીક્ષા પસાર કરીને તેણે ફગવારા કૉલેજમાંથી ઓવરસીઅરની ડિગ્રી મેળવેલી. હોનારતને દિવસે બપોરે પોણા ત્રણ વાગ્યે ઘેરથી નીકળી તે ત્રીજી પાળીની નોકરીએ ચડ્યો—એ ચડ્યો તે ચડ્યો. વીરતાનું ખમીર કદી પાછું ઊતરવું નથી. બે વર્ષ પર જ લગ્નગ્રંથિથી જોડાએલી વિધવા પત્ની, વૃદ્ધ પિતા ને એક ભાઇને પાછળ મૂકતો ગયો.

જેવું જલાગારમાંથી પાણી ચેમ્બરમાં ધસવા લાગ્યું કે તરત ત્યાં કામ કરતા બધા માણસોને ખસેડી લેવાયા, અને બિહારીલાલને ચેમ્બરની સીડીને મથાળે ટેલિફોન સાથે ફરજ પર મૂકવામાં આવ્યો કે પાણીની વધના સમાચાર આપતો રહે એવી જ રીતે બીજા એક અમલદારને આગળ એપ્રોચ ટનેલમાં ગોઠવ્યો રાખવામાં આવેલો. સેકંડના ૧૫૦ ફૂટના વેગથી ધસતું પાણી ખાળી શકાયું નહિ; અને છેવટ સુધી ટેલિફોન પર સંદેશા મોકલતો રહેલો બિહારીલાલ અંતે તેમાં ગરક થઈ ગયો! એપ્રોચ ટનેલમાં રાખવામાં આવેલો અમલદાર ત્યાંના સંકટ સમયના દ્વારમાંથી બહાર નીકળી બચી ગયો. મૃત્યુના કરાળ મુખની સામે અડગ અનન્ય કર્તવ્યનિષ્ઠાથી ફરજ પર ખોડાઇને જાતની ન્યોછાવરી કરનાર એ મરજીવાની વીરશ્રી વંદના યોગ્ય છે.

[એવી વંદનાના અધિકારી અનેક 'જીવી જાણનારાઓ' પડ્યા હશે. એમની બિરદાવલિને ચિત્રો સાથે અમે આવકારીશું અને યોગ્ય પુરસ્કાર પણ આપીશું]

દાખલા તરીકે આંતરડાં પહોળાં થઈ નીચે ઢળી પડ્યાં હોય અને પરિણામે ઝાડા, મરડો, હરસ કે આવજન્ય સ્થિતિ પેદા થતી હોય, કે લાંબા વખતની કબજિયાત હોય, આંતરડાંમાં મળ ભરાઈ રહેતો હોય, તેવી સ્થિતિમાં ખારથી આંતરડાંની દીવાલો સંકોચાય છે અને અળાંસયાંની ગતિ પ્રમાણે ચાલતી પાચનક્રિયાનું બળ વધે છે.

આ સંકોચન શક્તિથી જે જે દરદોમાં કોઈ ને કોઈ રીતે ચોક્કસ પ્રકારના રસો ઝરતા હોય, (જેવા કે પ્રદર, પ્રમેહ લોહીવા, લાળ ગળવી વગેરે) એ બધા આવજન્ય દરદોમાં પણ ખારથી ફાયદો મળે છે.

ખારથી ખોરાકનું પાચન વધે છે, એટલે સ્વાભાવિક રીતે શરીરમાં એકઠા થતા અને મેદમાં પરિવર્તન પામતા વિકારવાળાં ઝેરો દૂર થઈ જાય છે અને શરીરમાં આવતી સ્થૂળતા(મેદ)થી પણ મુક્ત રહેવાય છે. ખારનો ઉપયોગ ભોજન પછી કરવો. —ચિકિત્સક



ટિકિટ-સંગ્રહ વિભાગ

રશિયા, પાકિસ્તાન અને ભારતની ટિકિટો

વિશિષ્ટ પ્રતિમાઓને સ્મરણાંકિત કરતી રશિયાની ત્રણ ટિકિટો મથાળે આપી છે: (૧) પહેલી હારમાં ડાબી બાજુ મહાન રશિયન સાહિત્ય-સર્જક ઍન્ટન પાવલોવિચ ચેખોવની ટિકિટ પર તેની તસ્વીરને પડખે 'મફલરવાળો માનવી' નામક તેની વાર્તાના એક પ્રસંગનું નિરૂપણ છે; (૨) તેની નીચેની ટિકિટમાં એવા જ બીજા નામી રશિયન સાહિત્યકાર નિકોલાઈ વાસિલિયેવિચ ગોગોલની છબિ, ને તેને પડખે તેની જાણીતી હાસ્યકૃતિ 'ઇન્સ્પેક્ટર જનરલ'નું પ્રસંગાલેખન છે; (૩) જમણી બાજુ મથાળાની ટિકિટ જગવિખ્યાત ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી ફ્રેડરિક જોલિયોટ ક્યૂરી (૧૯૦૦થી ૧૯૫૮)ને સ્મરણાંકિત કરે છે. તેની નીચે તથા છેલ્લી હારમાં ડાબી બાજુ પાકિસ્તાનની બે નવી ટિકિટો આપી છે. આ વર્ષ (૧૯૬૧)ના જાન્યુઆરીની ૧લી તારીખથી પાકિસ્તાનમાં દશાંશ ચલણ અમલમાં આવતું હોઈ તેણે એક પૈસાની નવી ટિકિટ બહાર પાડી છે તે ઉપર આપી છે. જેમાં વિખ્યાત 'ખૈબર પાસ'નો માર્ગ બતાવવામાં આવ્યો છે. બીજી ટિકિટ ગઈ તા. ૨૪થી ૩૧ ડિસેમ્બર ૧૯૬૦ના અઠવાડિયા દરમ્યાન લાહોરમાં મળેલી 'નૅશનલ સ્કાઉટ જમ્બોરી'ના પ્રસંગે પ્રસિદ્ધ થઈ છે, જે પર લાહોરની મશહૂર 'ઝમઝમા' તોપનું ચિત્ર છે રુડિયાર્ડ કિપ્લિંગે પોતાની 'કિમ' વાર્તામાં તેને પ્રખ્યાત કરી છે. (એ બંને ટિકિટ મોકલનાર શ્રી નૂરદીન કુંકુ-કરાચી). છેલ્લી ટિકિટ આ માસ (જાન્યુઆરી ૧૯૬૧)ની છઠ્ઠી તારીખે ભારતે દક્ષિણ હિંદના વિખ્યાત સંગીતજ્ઞ સંતકવિ ત્યાગરાજના 'આરાધના દિન'ના સ્મરણમાં કાઢી છે (એમને વિષે વિસ્તૃત પરિચય આગામી અંકોમાં આપવાની ધારણા છે) શ્રી અજિતકુમાર સંઘવી, શ્રી જયુ શાહ, શ્રી નાવર ફિરોઝ વચ્છાદાર વગેરે અનેક વાચકોએ એ ટિકિટ ધરાવતાં ફર્સ્ટ ડે કવર મોકલ્યાં છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની ત્રીજી લોકપ્રિય લેખમાળા —
'આહાર અને આરોગ્ય'નો ૧૩મો હપતો

ગરીબોની બદામ મગફળી

જેમાં ઈંડાં કરતાં બમણું પ્રોટીન અને ત્રણગણી ચરબી છે.
બધાં ધાન્યો કરતાં બમણું વિટામિન 'બી-૧' છે.

જેમાં પુષ્કળ ક્ષારો છે.

જેનું દૂધ ગાય-ભેંસના દૂધના ગુણ ધરાવતું છતાં તેનાથી ત્રીજા ભાગનું સસ્તું છે.

અરે, જેના ખોળમાં પણ માંસ કરતાં ત્રણગણું પ્રોટીન છે, ને પચવામાં ઘણો સહેલો છે!

અને સોયાબીન

શિંબી ધાન્યની વિશિષ્ટતા એ છે કે તેમાં પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટ વધુ હોવા સાથે ચરબી ઓછી છે. પણ એમાં બે ધાન્યો એવાં છે કે જેમાં પ્રોટીન સાથે ચરબીની પણ સમૃદ્ધિ છે. આ બે તે મગફળી અને સોયાબીન.

બન્ને પરદેશનાં વતની છે. મગફળીનું મૂળ વતન દક્ષિણ અમેરિકાનો બ્રાઝિલ દેશ. અમેરિકાએ હિંદના કૃષિક્ષેત્રને આપેલી પાંચ અમૂલ્ય ભેટમાં એક મગફળી છે; બાકીની ચાર તે બટાટા, મકાઈ, કપાસ અને તમાકુ. સોયાબીનનું મૂળ વતન ચીનનો મંચુરિયા દેશ છે. યુરોપ-અમેરિકાની જેમ હિંદમાં પણ હવે એની ખેતી થાય છે.

વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ જોઇએ તો મગફળી એ ભોંયની અંદર પેદા થતું શિંબી ધાન્ય છે; પણ તેમાં ચરબીની અધિકતા હોવાથી તે સૂકાં ફળો (નટસ)ના વર્ગમાં મુકાય છે. એ સર્વે જેમ મગફળી પણ પ્રોટીન અને ચરબીથી સમૃદ્ધ છે (૨૬.૭ ટકા પ્રોટીન અને ૪૦.૧ ટકા ચરબી). પ્રોટીનનું પ્રમાણ બટાટા જેટલું ને ચરબીનું પ્રમાણ માખણથી અરધું, જ્યારે કાર્બોહાઇડ્રેટ તો માત્ર ૨૦.૩ ટકા છે. આહારશાસ્ત્રી મૅકકૅરિસન લખે છે: 'એક અધોળ મગફળીમાં એક અધોળ ઈંડાં કરતાં બમણું પ્રોટીન અને ત્રણ ગણા કરતાં વધારે ચરબી છે.' તેમાં શૂક ને શિંબી ધાન્યો કરતાં બમણું વિટામિન 'બી ૧' છે (વિટામિન 'એ'નું પ્રમાણ થોડું છે) અગત્યના ક્ષારો પણ તેમાં સારા પ્રમાણમા છે તથા તેનું જૈવક મૂલ્ય (બાયોલૉજીકલ વૅલ્યૂ) પણ સારું છે.

મગફળીમાં ચરબી વધારે હોવાથી એનું સંસ્કૃત નામ 'સ્નેહબીજ' છે. તે ભોયમાં થતી હોવાથી 'ભૂશિમ્બિકા' કહેવાય છે, અને લાલ રંગ ઉપરથી તે 'રક્તબીજ'ને નામે પણ ઓળખાય છે. અંગ્રેજી ભાષામાં તે ગ્રાઉન્ડ નટ, પી નટ, મન્કી નટ ને મનીલા નટના નામે ઓળખાય છે.

મગફળી સ્વાદિષ્ટ છે, રુચિપ્રદ છે. તેમાં પ્રોટીન અને ચરબીનું પ્રમાણ સારું હોવાથી પૌષ્ટિક છે. એ ખાવાથી ભૂખની તૃપ્તિ થાય છે. સૂકાં ફળોમાં માંસ જેટલું, ને દૂધ કરતાં પાંચ ગણું પ્રોટીન છે. એમાથી માનવપેશીઓ જલદી બને છે. એમાંનું કૅલ્શ્યમ પણ દૂધના જેટલું જ ગુણકારી છે. વળી સૂકાં ફળ ચરબીનું શ્રેષ્ઠ સાધન છે અને એ ચરબી એવા રૂપમાં છે કે જો ફળ બરાબર ચવાય તો સહેલાઇથી પચે છે. તે 'સ્નેહ-અમ્લ' (ફૅટી ઍસિડો)નું સમૃદ્ધ સાધન હોવાથી ગુણમાં માખણનાં બરાબરિયાં છે.

આવાં વિપુલ પોષણમૂલ્યોવાળાં સૂકાં ફળોમાં બદામ મોખરે છે. એનાથી ઓછી પોષણ-સમૃદ્ધિવાળી મગફળી છે. તેનો ઠેરઠેર થતો પાક અને ગરીબોને પણ પરવડે એવા એના ભાવથી ગરીબ લોકો પણ તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકે છે. આથી તેને 'ગરીબોની બદામ'નું સાર્થ બિરુદ આપવામાં આવ્યું છે. ધરતીમાંથી કાઢેલી મગફળી સીધી જ ખાઈ તો શકાય છે; પણ તે વાયુકારક હોવાથી ચક્કર, માથાનું ભારેપણું અને ઊબકા ઊલટી થવા સંભવ છે. મોટા ભાગે મગફળી શેકીને ને તળીને ખવાય છે. કેટલાકની પ્રકૃતિને મગફળી માફક નથી આવતી, કેમકે તે પચવામાં જરા ભારે, ગરમ અને વાયુ કરનાર છે. એના વધારે સેવનથી કદીક ઝાડા પણ થઈ આવે છે. માટે કોઈ પણ સંજોગોમાં મગફળી વધારે ન ખાવી, કારણ કે એના વધારે સેવનથી યકૃત બગડવાથી પાચનતંત્ર બગડે છે. વળી તે ભૂખ્યા પેટે પણ ન ખાવી.

મગફળી શેકીને ખાવી જ સારી, કેમકે શેકીને ખાવાથી તે નડતી નથી. વળી શેકાવાથી તેના પ્રોટીનમાં આશરે પાંચ ટકાનો વધારો થઈ ૩૧.૫ ટકા થાય છે, જ્યારે ચરબી અને કાર્બોહાઇડ્રેટનો એક જ ટકા જેટલો ઘટાડો થાય છે. પણ ખરો વધારો તો તેના ઉષ્ણાંકમાં થાય છે. કાચી મગફળીના સો ગ્રામ (આશરે સાડા ત્રણ ઔંસ)નો ઉષ્ણાંક ૩૪૯ છે, જ્યારે શેકેલી મગફળીનો ૫૬૧ છે.

ડૉ. મિલ્ડ્રેટ મેકકાઈ હેથાન લખે છે: 'શેકાવાથી સૂકાં ફળ થોડાં વધારે અપાચ્ય બને છે. તેને બદલે મગફળીને પલાળીને ફણગાવવાથી તેની પચનીયતામાં પંદર ટકાનો વધારો થાય છે.' ગુજરાતમાં મગફળી ફણગાવાતી હોવાનું જાણમાં નથી, પણ સારી રીતે બફાએલી મગફળી ખાવાની એક સાદી રીત તુવેરની દાળ ચડયા પછી મસાલો નાખતી વખતે તેને તેમાં નાખવાની છે. પાશેર તુવેરની દાળમાં બે રૂપિયાભાર મગફળીનાં બી નાખી શકાય. પાણીમાં બફાએલાં એ બી સુપાચ્ય બનવા સાથે દાળના સ્વાદમાં વધારો થાય છે, ને મગફળીની પોષણ-સમૃદ્ધિનો લાભ મળે છે. શેકેલી મગફળીના લોટને કૉફીના સ્થાને પણ વાપરી શકાય છે. આ કૉફી વધુ સ્વાદિષ્ટ હોવાનું કહેવાય છે.

ચરબીની વિપુલતાને લીધે મગફળી પચવામાં ભારે છે. વળી તે પિત્તને ઉત્તેજે છે. પણ તેને સુપાચ્ય બનાવવાની એક રીત ગોળમાં બનાવેલી સુખડી કે ચિક્કી છે. શિયાળાની ઋતુમાં ઊછરતાં બાળકો માટે આ પૌષ્ટિક ખાદ્ય છે. ખૂબ ચાવીને ખાનારને મગફળીનાં શક્તિદાતા ને શરીરના વિકાસને મદદરૂપ તત્ત્વોનો લાભ મળે છે.

પોષક ખાદ્ય તત્ત્વોથી ભરપૂર આ મગફળી પશ્ચિમના દેશોમાં તો મીઠાઈ બનાવવામાં ઉપયોગમાં લેવાય છે. તેમાથી પી-નટ ટૉફી, નટ ચૉકલેટ, સૅન્ડવિચ ને કૅન્ડી બનાવાય છે. સત્ત્વવિહીન ઘઉંના મેંદાને પૌષ્ટિક અને બલદાતા બનાવવા માટે એમાં ત્રીસ ટકા જેટલા પ્રમાણમા મગફળીનો લોટ ઉમેરી એમાંથી બ્રેડ, બિસ્કિટ અને બીજી વાનીઓ બનાવાય છે.

અલ્પ વિકસિત દેશોના ગરીબ ને નીચલા મધ્યમ વર્ગના લોકોનો ખોરાક મોટા ભાગે શૂકધાન્ય અને અલ્પ પ્રમાણમાં કઠોળ શાક તથા દૂધનો છે. તેમાં વિટામિન 'એ' રિબોફ્લેવીન, કૅલ્શ્યમ, ઉચ્ચ જૈવક મૂલ્ય તથા પ્રોટીનોની ઊણપ છે. આ ભરપાઈ કરવા માટે ક્ષારો અને વિટામિનોયુક્ત, શ્રેષ્ઠ પોષણદાતા પણ સસ્તું અને રોજિંદા ખોરાકમાં ભળવાય એવું ખાદ્ય બનાવવાની અગત્ય આહારશાસ્ત્રીઓને લાગી.

આવું એક ખાદ્ય ક્ષારો અને વિટામિનો સહિત સોયાબીનમાંથી અમેરિકામાં સૌ પ્રથમ બનાવાયું. આના આધારે મ્હૈસૂરની સેન્ટ્રલ ફૂડ ટેક્નૉલૉજિકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટમાં મગફળીના ખોળમાંથી 'મલ્ટી

પરપઝ ફૂડ' (ટૂંકામાં એમ. પી. એફ.)–'વિવિધ લક્ષી ખાદ્ય' બનાવાયું છે. મગફળીના ખોળમાં સોયાબીનના ખોળ જેટલુ પ્રોટીન છે. એમાં ચોથા ભાગે ચણાનો લોટ ઉમેરાય છે. મગફળીમાં 'લાયસીન'નામના જે ઍમાઇનો ઍસિડ ઘટે છે તે ચણાથી ભરપાઈ થાય છે.

આમ મગફળી ફાયદાકારક હોઈ વિવિધ રૂપોમાં એનાં પોષણ-દાતા ખાદ્યો અને પેય અસ્તિત્વમાં આવ્યાં છે. પેયમાં તેનું દૂધ છે. એ દૂધ બનાવવા માટે શીંગદાણાને બે કલાક સુધી પાણીમાં પલાળવા. એ દરમિયાન દર અરધા કલાકે પાણી બદલવું. દાણામાં પાણી શોષા-વાથી તેના મૂળ વજનમાં ૩૦થી ૫૦ ટકાનો વધારો થાય છે. પછી દાણા પાણીમાં રાખીને જ હળવે હાથે અગર તો દાણા ઉપર કોરું કપડું ઘસીને તેના છોડાં ઉખેડી નાખવાં.

છોડાં વગરના એ સફેદ દાણા પછી ખલમાં કે નીસાતરા ઉપર લસોટવા. બારીક લસોટાઇને તૈયાર થએલા લોંદાને તપેલીમાં મૂકી દાણાના મૂળ વજન કરતાં અઢીથી ત્રણ ગણું નવશેકું પાણી ઉમેરી, પાંચ-દસ મિનિટ સારી પેઠે હલાવવું. પછી આ મિશ્રણને કપડા વતી ગાળી લેવું. એ પ્રવાહી તે મગફળીનું દૂધ.

આ દૂધ દેખાવમાં અને ગુણમાં ગાય-ભેંસના દૂધના જેવું જ હોય છે ને બીજા દૂધની અવેજીમાં ખાઇ શકાય છે. એ રાખી મૂકવાથી કે ગરમ કરવાથી તેમાંથી પાણી છૂટું પડી જતું નથી, તેમ ચોવીસ કલાક સુધી બગડતું નથી. ત્યાર બાદ એમાં ખોરા તેલની વાસ પેદા થાય છે. આ દૂધનું રાસાયણિક બંધારણ પણ ગાય ભેંસના દૂધ જેવું જ છે. માત્ર તેનો સ્વાદ ફિક્કો અને મગફળીની વાસવાળો હોય છે. પણ તેને ગરમ કરવાથી આ વાસ ઓછી થવા સાથે સ્વાદમાં સહજ મીઠાશ પણ આવે છે. વળી તેમાં ખાંડ અને જો બની શકે તો અનેનાસનું એસેન્સ નાખવાથી બહુ સ્વાદિષ્ટ બને છે.

બીજાં દૂધની જેમ જ આ દૂધ ગરમ કરવાથી ઊભરો આવે છે ને મલાઈ બાઝે છે તેમજ વધુ ઉકાળવાથી ઘટ્ટ થઈ માવો પણ બને છે. તેમાંથી બાસુદી અને સ્વાદિષ્ટ આઇસક્રીમ બનાવી શકાય છે. ઊકળતા દૂધમાં લીંબુનો રસ નાખી કેસીન પણ બનાવાય છે, જે જાતજાતની મીઠાઇઓ બનાવવામાં વપરાય છે.

મગફળીના દૂધમાંથી દહીં પણ અચ્છું જામે છે. બનાવટ, દેખાવ અને સ્વાદમાં બીજાં દૂધના દહીંથી ન પરખાય એવું તે હોય છે. અને દહીં બને તો માખણ કેમ ના બને? બને જ છે. અને અમેરિકામાં 'પી નટ બટર'ના નામે ઓળખાય છે તથા રોજિંદા ખોરાક તરીકે વપ-રાય છે. બ્રેડ (પાંઉ) ઉપર તેની ઘટ્ટ ચોપડી ઉપર દ્રાક્ષ ભભરાવાય છે.

દૂધ ગાળતાં બાકી રહેલા કૂચા કે અવશેષ પણ નકામા નથી પડતા. એ પ્રમાણ એક શેર સીંગદાણાએ પાશેર જેટલું હોય છે. એમાથી ચટણી, વડાં વગેરે બનાવી શકાય છે; અગર તો તેને ભાખરીના લોટમાં ભેળવી દેવાય છે. આવી ભાખરી સ્વાદિષ્ટ બને છે.

દૂધની મોંઘવારી અને તંગીના આજના જમાનામાં મગફળીનું દૂધ સસ્તું પડે છે. એક શેર શીંગદાણામાંથી છ શેર દૂધ મળી રહે છે. શીંગદાણાનો ભાવ દસ આને શેર ગણતાં દસ આનાનું છ શેર દૂધ સસ્તુ લેખાય. સસ્તું હોવા ઉપરાંત તે સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને સહેલાઈ-થી પચી જાય એવું પણ છે.

આમ, આવશ્યક પોષણ તત્ત્વોથી સમૃદ્ધ મગફળી માનવજાતને કુદરતની ઉમદા બક્ષિશ છે. નાનાં અને મોટાં દરેકને માટે એ બહુ ક્રીમતી ખાદ્ય છે. દૂધ, માંસ, મચ્છી ને ઇંડાંનું પોષણ નહિ પામનાર વર્ગ માટે તે ઘનીભૂત પ્રોટીન અને વિટામિન 'બી'નૂ પુષ્કળ ખાદ્ય છે. ચૉકલેટ ટૉફી ને બિસ્કટને બદલે બાળકોને પોષક ને પુષ્ટિદાતા મગફળીની ચિક્કી કાં ના આપવી? ઓછું કમાનારા વર્ગનાં આહાર પ્રોટીનની ઊણપ દૂર કરવા મગફળીના વપરાશનો પ્રચાર થવો જરૂર છે. શેકેલી મગફળીનો લોટ ભાખરી કે રોટલીના લોટમાં ભેળવવો.

જેમને મગફળી પચતી ન હોય તેમને શીંગદાણામાંથી તેલ કાઢી લીધા બાદ બાકી રહેલો ખોળ પણ પાચનક્ષમ નીવડે છે. જો ખોળથી પણ પિત્ત ચડતાં હોય તો તેના નિવારણ માટે ખોળ સાથે થોડો ગોળ કે પાપડિયો ખારો (સોડા બાઇ કાર્બ) વાપરવો. ભાખરી, રોટલા, ભજિયાં, વડાં વગેરેના લોટ સાથે ચોથા ભાગના પ્રમાણમાં આ ખોળ ભેળવી શકાય છે. એ ખોળની ચટણી પણ સ્વાદિષ્ટ બને છે.

મગફળીનો ખોળ એ ખાતરનું સાધન કે ઢોરના ખાણનો ખોરાક નથી. તેના ચોખ્ખા ખોળમાં માસ કરતાં પણ ૧૩ ટકા વધારે, ફર્સ્ટ દરજ્જાનું પ્રોટીન હોય છે. આ પોષણમૂલ્ય જાણી લઈ ગરીબ પ્રજા માટે એ ખાદ્ય પદાર્થની પ્રતિષ્ઠા સ્થાપવા જેવી છે. બે ઔંસ શીંગ-દાણા કે ખોળમાંથી રોજિંદી જરૂરિયાતના પ્રોટીનનો પાંચમો ભાગ, લોહનો દસમો ભાગ અને કૅલ્શ્યમનો વીસમો ભાગ મળી રહે છે.

ડાયાબીટિસ (મધુમેહ)ના રોગીને પથ્યમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થો ઓછા ખાવાના હોઈ રોટલા કે રોટલીના પ્રમાણ ઉપર કાપ મૂકવો પડે છે. જો આ લોકોને માફક આવતા રોટલારોટલીના લોટના જથ્થા-માં ૦। ભાગના પ્રમાણમા શીંગદાણાનો લોટ કે ખોળ ઉમેરવામાં આવે તો તેમને વધારે ખોરાક ખાવા મળ્યાનો સંતોષ થાય છે.

હમણાં વળી અકસ્માતથી મગફળીના સત્ત્વમાં લોહી જમાવવાનો ગુણ હોવાનું જાણવા મળ્યું છે. આથી રક્તસ્રાવ (હિમોફીલિયા) નામના જીવલેણ વ્યાધિ માટે મગફળીમાંથી અજબ ઔષધ મેળવ-વાની આશા રાખવામાં આવે છે.

સોયાબીન

આ શિંબી ધાન્ય ખ્રિસ્તાબ્દ ત્રણ હજાર વરસો પહેલાંથી ચીનમાં વપરાશમા હોવા છતાં છેક હમણાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ તે દુનિયાભરમાં સર્વત્ર ધ્યાનપાત્ર ખ્યાતિમાં આવ્યું છે. ચીન અને જાપા-નમાં પનીર અને બીજી વાનીઓ રૂપે તે પુષ્કળ વપરાય છે. અમેરિકામાં તે ઘણાં ખાદ્યોની બનાવટમાં વપરાય છે. માત્ર ભાત ઉપર નભતી પ્રજા માટે પ્રોટીન-સમૃદ્ધ સોયાબીન યોગ્ય પૂરક ખોરાક છે. દૂરપૂર્વમાં લાખો લોકો તેને ગાયના દૂધની અવેજીમાં વાપરે છે. બાળકોના આ-હારમાં દૂધની થોડી અવેજીમા પણ તે વાપરી શકાય. જોકે સર રૉબર્ટ હચિન્સનના કથન મુજબ આહારશાસ્ત્રી ઍક્રોઇડના હિંદના વિદ્યાર્થી-ઓના શારીરિક વિકાસ અંગેના અખતરાઓમાં સોયાબીન નિષ્ફળ નીવડ્યું છે; સોયાબીનના બદલે સ્કિમ્ડ દૂધની ભૂકીના ઉમેરાથી ઘણો સુધારો જણાયો હતો.

સોયાબીન પ્રોટીનથી સમૃદ્ધ (૨૯ થી ૫૦ ટકા) છે. એમાં ૧૩·૫ ટકાથી ૨૪ ટકા ચરબી અને સ્ટાર્ચના બદલે ડેક્સટ્રીન (૪·૬૫ થી ૮·૯૭ ટકા) અને સાકર (૫·૯૫ થી ૯·૪૬ ટકા) છે. એક રતલ સોયાબીનના ઉષ્ણાંક ૨૧૦૦ છે, જ્યારે ઘઉંનો ૧૭૫૦ તો ચણાનો ૧૫૩૦ છે.

બીજાં શિંબી ધાન્યો કરતા સોયાબીનમાં પ્રોટીન બમણુ, ઘઉં કરતાં ત્રણ ગણુ અને ચોખા કરતા પાંચ ગણુ વધારે છે. પૂરતા પ્રમાણમાં તેમા ઘણાંખરા એમાઇનો ઍસિડો હોવાથી તેનું જૈવિક મૂલ્ય ઊંચું છે. ખરેખાત તે ગાયના દૂધ અને પ્રાણિજ ખોરાક જેવું છે. વળી એમા કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, લોહ ને મૅગ્નેશિયમ પણ સારા પ્રમાણમા છે. વિટામિનો 'એ', 'બી'જૂથ ને 'ડી'નું સારું સાધન છે. આહારમાં આવ-શ્યક આ ત્રણે વિટામિનો ધરાવતાં થોડાં ધાન્યોમાંનું એક સોયાબીન છે. વળી એમાં સદ્ય શક્તિદાતા ચરબી પણ ઘણા વધારે પ્રમાણમાં

૨૩ ('કુમાર' અંક ૪૪૫)

છે. સોયાબીન જેવું રાસાયણિક બંધારણ બીજા કોઈ ધાન્યમાં ભાગ્યે જ જોવા મળે છે. આથી ડૉ. ચંદ્ર લખે છે કે 'એનું પોષણમૂલ્ય અતિ કીમતી માછિજ ખાદ્ય કરતાં પણ શ્રેષ્ઠ છે.' ખોરાકના ત્રણે ય ઘટકો તેમાં હોવાથી તે દૂધના જેવું પણ પોષણ દ્રવ્યોમાં તે એનાથી યે અધિક છે. વળી તેમાં મસૂરના કરતાં વધુ ફૉસ્ફરસ અને લેસિથીન છે.

મગના કરતાં મોટા ને ગોળ સોયાબીન પીળી, લીલી, કાળી અને આ બધા રંગોની વચગાળાની ઘણી જાતોમાં થાય છે. દરેક જાત કદ ઘાટ ને રંગમાં જુદી પડે છે. પીળી જાત પ્રોટીન અને વિશેષતઃ ચરબીમાં અતિ સમૃદ્ધ છે. આથી તે માંસ અને ઈંડાં કરતાં વધારે પોષણદાતા છે. એ પછી લીલી અને છેલ્લી કાળી જાત આવે છે. સોયાબીનમાંથી તેલ કાઢવામાં આવે છે. તે ૯૫ થી ૧૦૦ ટકા પચનીય છે. તેમાં વિટામિનો 'એ' અને 'ડી' તથા લેસિથીનનું મોટું પ્રમાણ હોઇ તે ગુણમાં માખણને મળતું આવે છે. લેસિથીન ઈંડાની પીળી દાળ જેટલું છે.

તેલ કાઢી લીધા બાદ બાકી રહેલા ખોળમાંથી ટોફુ નામની વાનગી, લોટ ને પનીર બનાવાય છે. સોયાબીનના લોટમાં આશરે ત્રણ ટકા જેટલું સ્ટાર્ચ હોઇ મધુમેહના રોગીઓને તે વાપરવાની ડૉ. ચંદ્ર ભલામણ કરે છે. પણ સર રોબર્ટ હચિન્સન લખે છે કે 'સ્ટાર્ચની ગેરહાજરીના લીધે મધુમેહમાં સોયાબીનના બ્રેડ ભૂલથી વપરાય છે.'

મગફળી પેઠે સોયાબીનમાંથી યે દૂધ બનાવાય છે. તે બાળકોને માટે યોગ્ય લેખાય છે. સર રૉબર્ટ મૅકકૅરિસન લખે છે 'માનું કે બીજું દૂધ પૂરતુ ન પામતાં બાળકોને સોયાબીનનું દૂધ આપવાની સલાહ છે.' સૂકવેલા દૂધમાંથી વાઇટોન (Vitone) નામનું સ્વાદિષ્ટ પીણું બનાવાયું છે. સોયાબીનમાં અકારી ગંધ છે. તે દૂર કરી બનાવેલો લોટ તે સોયોક (Soyolk) કહેવાય છે, તે બીજા લોટ સાથે ભેળવીને એમાંથી જાતજાતની વાનીઓ બનાવાય છે, જે પ્રોટીન ચરબી અને ક્ષારોથી સમૃદ્ધ બનવાથી અન્નાહારીઓ માટે પુષ્ટિ અને પોષણદાતા બને છે. સોયાબીન શેકીને બનાવેલો ઝીણો લોટ કૉફી તરીકે વપરાય છે.

માત્ર ભારતના આહાર સાથે ચીનાઓ અને જાપાનીઓનું સોયાબીન ઘણું માનીતુ છે. શ્રેષ્ઠ આહાર-મૂલ્યોને લીધે અન્નાહારીઓના અને દૂધ ને ઘીનો આહાર ના ખાઈ શકે એવા શ્રમજીવી–ગરીબોના આહારમાં સોયાબીનની ઉત્તમ પૂરક ખોરાકની ખ્યાતિ છે. બીજા લોટ સાથે ૨૫ના પ્રમાણમા ભેળવી તેમાથી ભાખરી ને બીજી વાનીઓ બનાવાય છે.

ગુજરાતમાં સોયાબીનના આહારનો પ્રથમ અખતરો કરનાર વિનોબાજીના પિતાશ્રી નરહર ભાવે હતા. તેમણે ૬૧ વર્ષની વયે માત્ર ૬ ઔંસ સોયાબીન અને દૂધનો રોજિંદો આહાર સ્વીકાર્યો હતો. સોયાબીન પાણીમાં બાફી બીજાં કઠોળની જેમ ખાઈ શકાય છે. દસ મહિનાના અનુભવ બાદ તેમનો અભિપ્રાય થયો કે 'દૂધ એકલું કે દૂધ સાથે અનાજ ને શાક લેવાથી બંધકોષ નિવારી ના શકાયો તે સોયાબીનના આહારથી નિવારી શકાયો. દૂધ અને કઠોળથી થતો આફરો સોયાબીનથી ન થયો.' શ્રી ભાવે મેદોવૃદ્ધિ, ગાઉટ (વાનો એક પ્રકાર) અને મંદ મધુમેહથી પીડાતા હતા. આહારના ઉપલા પ્રયોગથી શ્રી ભાવેની આ ત્રિવિધ વ્યાધિ ટળી હોવાની નોંધ પૂજ્ય ગાંધીજીએ 'હરિજન' પત્રમાં લીધી હતી.

સોયાબીનના આહારની વિશિષ્ટતા લોહીનું અલ્કલીપણું વધારવાની છે. ધાન્ય, ઈંડાં, માંસ ને મચ્છીનાં પ્રોટીનનો પરિપાક અમ્લધર્મી છે જ્યારે સોયાબીનનો અલ્કગુણી છે. લોહીનું અલ્કલીપણું એ શ્રેષ્ઠ આરોગ્યની સ્થિતિ છે, જ્યારે અમ્લતા રોગિષ્ટપણાની સ્થિતિ છે. માંસના પ્રોટીનથી લોહીમાં યુરિક ઍસિડ વધવાથી વા, ગાઉટ અને ગુરદાના રોગો થાય છે, જ્યારે સોયાબીનના પ્રોટીન યુરિક ઍસિડને શમ (neutralize) બનાવી કોઈ રોગ આવતા નથી. આ દૃષ્ટિએ સોયાબીન એ માંસનું ઇષ્ટ-પ્રતિનિધિ (substitute) છે.

સોયાબીનનાં પોષણ મૂલ્યોની મહત્તા સાથે તેમાં અત્યારના મહાકારક રોગોના કારણરૂપ કોલેસ્ટેરોલનું પ્રમાણ ઘટાડવાના અજબ ગુણની પ્રતીતિ પણ થઇ છે. જેમના આહારમાં ચરબી (દૂધ, માખણ, ઘી, માંસ, ઈંડાંનો પીળો ભાગ) વધારે હોય છે તેમના લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ પણ વધારે હોય છે. ખોરાકની ચરબીમાંથી યકૃતમાં કોલેસ્ટેરોલ તૈયાર થાય છે. લોહીમાં આ કોલેસ્ટેરોલના જરૂરી કરતાં વધારે પ્રમાણને લીધે લોહીની નળીઓના કઠણાઇ (આર્ટેરીઓ સ્કલેરોસીલ) હૃદયશૂળ (કોરોનરી થૉમ્બૉસિસ, એન્જાઇના પેક્ટોરીસ) પિત્તાશયની ને મૂત્રાશયની પથરી અને કૅન્સર વગેરે રોગો થતા હોવાનું મનાય છે. આ રોગાવસ્થામાં ચરબી ઘટાડવાથી માંડી બંધ કરવાની સલાહ આપવામાં આવે છે. પણ અખતરાઓમાં સાબિત થયું છે કે ચરબીવાળા ખોરાક સાથે સોયાબીનનું લેસિથીન લેવાથી કોલેસ્ટેરોલનું પ્રમાણ મર્યાદામા રહે છે. આ દૃષ્ટિએ ઉપર જણાવેલા રોગો કોલેસ્ટેરોલનું પ્રમાણ ન વધે છતાં પુષ્ટિ અને પોષણદાતા ખોરાક તરીકે સોયાબીનનાં દૂધ માખણ ને બીજી વાનીઓનું અપ્રતિમ સ્થાન છે.

દૂધ ઘીનો રક્ષણાત્મક આહાર ન પામતા, હાથપગની મજૂરી કરનારાઓ માટે પૂરક ખોરાક તરીકે સોયાબીનની મહત્તા છે. આપણા દેશમાં તેના બહોળા ફેલાવા માટે પ્રચાર થાય છે, પણ આપણા દેશ માટે મગફળી ખૂબ અનુકૂળ છે. વળી સોયાબીન કરતાં મગફળી પ્રોટીનો અને ક્ષારોમાં ચડિયાતી છે. (હવે પછી 'શાકભાજી' વિષે)

સ્ટૅમ્પ-શૉખીનો માટે અમૂલ્ય અવસર!

નીચે મુજબનો કમ્પલીટ 'સેટ' ફક્ત રૂા. ૫)માં મળશે. પો.૦-૭૫

૨૫૦ દુનિયાની જુદી જાતની ટિકિટ (ઇન્ડિયા સિવાયની)

૧૨ ત્રિકોણ ટિકિટ △ ૫૦૦ સ્ટૅમ્પ માઉન્ટસ (હિંજીસ)

૨૫ હંગેરી (Hungary)ની દરેક જુદી જાતની મોટી ટિકિટ



ઉપરનો 'સેટ' મેળવવા કિંમત રૂા. ૧) અગાઉથી ઇન્ડિયાની Mint કોરી ટિકિટથી મોકલવો. બાકીના રૂા. ૪-૭૫નું V. P. કરવામા આવશે.

M. GOVINDJI, P. O Box 4078, Bombay-7

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી

સને ૧૯૬૦ની ૩૧મી ડિસેમ્બરે પરિષદના તમામ સભ્યોનું સભ્યપદ પૂરું થતું હોઈ, તેમને તથા નવા થનારા સભ્યોને સુધારેલા બંધારણની રૂએ વાર્ષિક સભ્યપદનું લવાજમ રૂા. ૩-૦૦ તુરત મોકલવા વિનતિ છે. પરિષદ તરફથી લેવાનારી ગુજરાતી ભાષા-સાહિત્યની પરીક્ષાઓ ૧૯૬૧ના જૂન અને ડિસેમ્બર માસમા લેવાશે. અને તેનાં માન્ય કેન્દ્રોની યથાસમય જાહેરાત કરાશે. સરનામું: મંત્રીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ, [illegible] શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ ૯.

પચ્ચીસ વર્ષ પહેલાં

પોષ ૧૯૯૨ અંક ૧૪૫



'રોડન્ટ'ની એક અજબ ખાસિયત

ખિસકોલી, ઉંદર, કોળ, સસલાં વગેરે Rodents વર્ગનાં પશુઓની એક ખાસિયત છે: આખો દિવસ કરડ કરડ કરવાની. ખિસકોલી જુઓ, ઉંદર જુઓ: કોઈ વખત તમે એમનું મોં બંધ જોયું છે? અને આમ નિરથક મોં હલાવવાનું કારણ? એમના દાંતની વિશિષ્ટ રચના. આપણે શેરડી, રોટલો, કાકડી, મૂળો વગેરે કરડીએ છીએ, તે, મોંના આગળના ચપટા-gnawing-દાંત વડે. આપણા આ દાંત જડબાંનાં હાડકાંમાં ચોંટેલા હોય છે. એ ભાંગે કે મૂળમાંથી ઊખડી જાય તો નવા આવતા નથી. પણ ઉંદર વગેરેમાં આ દાંત સળગ જડબાંમાંથી ઊગે છે, એટલે એ ચોવીસે કલાક ઊગ્યા જ કરવાના. એવા ઊગે કે જો કોઈ કારણસર (માંદગી વગેરેને લીધે) ઉંદર, ખિસકોલી કરડવાનું બંધ કરે તો આ દાંત ઊગતા ઊગતા એમનાં તાળવાં ચીરીને બહાર નીકળે! આ થી એમનું મોત જ થાય. એટલે આવા અકાલ મરણથી બચવાને આ પશુઓને પ્રત્યેક ક્ષણ કંઇ ને કંઇ કરડવા જોઇએ જ, જેથી એ દાંત ઘસાઈ જાય અને લાંબા વધતા અટકે એમના આ દાત દરેક જડબામાં બે બે, ચપટી ફરસી જેવા તીક્ષ્ણ ને વાંકા વળેલા હોય છે. (વનચર)

એક સાચી અદ્દભુત ઘટના

વ્હેલના પેટમા પેસીને જીવતા બહાર આવેલા માણસની રોમાંચક કથની

૧૮૧૯ની સાલની આ વાત છે. સર ફ્રાન્સિસ ડ્રેક્સ બે હોડીઓ લઈ વ્હેલના શિકારે નીકળેલો. એક વ્હેલ નજરે પડી એટલે પહેલી હોડી તેને પૂરી કરવા ત્યાં પહોંચી. પણ તેની પૂછડીનો એક સપાટો લાગતાં જ તે ઊંધી વળી ગઈ. બધા ઉતારુઓ બીજી હોડીમાં ચડી ગયા, પણ એક જેમ્સ બાટલેનો પત્તો ન લાગ્યો.

પછી તો એ વ્હેલનો શિકારી કરાતેને હોડી ઉપર ખેંચી લેવામાં આવી ને કુહાડીઓથી તેનું ચામડું ઉતારવા ખલાસીઓ મંડી પડયા.


ચામડું ઉતરી લેતા વ્હેલના પેટમા તેમને કશાક પ્રાણી જેવું લાગ્યું. તેમણે પેટ ફાડી નાખી જોયું તો અંદર ગુમ થએલો બાટલે જ સુઈ ગએલો ને બેભાન થએલો પડયો હતો!

તેને ડેક પર લાવી દરિયાના પાણીથી નવડાવવામા આવતાં તે પાછો ચેતનમાં આવ્યો. પણ તેનું મગજ ભમતુ હતુ એટલે કપ્તાનના ખંડમા તેને પૂરી દેવામા આવ્યો. બે અઠવાડિયાં તે તદન ગાંડા જેવો જ રહ્યો. તેના મદદ્યના સહાનુભૂતિ અને માયાળુ વર્તાવથી થોડા વખતમા તે પોતાના મૂળ હોશકોશમાં આવી ગયો, અને ત્રીજા અઠવાડિયે તો પોતાના કામ પર લાગી ગયો. પણ વ્હેલના પેટની અંદરની થોડા વખતની ગોંધણીએ તેની ચામડી કાગળ જેવી બનાવી મૂકી.

બાર્ટલે જણાવે છે કે તે વ્હેલના પેટમાં ઘણો વખત જીવતો રહી શકત. તે બેભાન તો બીકનો માર્યો જ થઈ ગયો હતો; બાકી હવા તો મળતી હતી. માત્ર તેનો અંત આવત તો ભૂખમરાથી જ.

દરિયામાં પડતાં જ તેણે વ્હેલની પૂછડીનો ઝપાટો સાભળ્યો હતો. પણ બીજી જ પળે પાણીની ઉપર આવવાને બદલે કોઈ અંધારા ખંડમાં પોતે ગોંધાઈ ગયો હોય એમ તેને લાગ્યું. અને એ અંધારામાં કોઈ લીસા પદાર્થ પરથી તે લપસ્યો જતો હતો. કોઈ નવલકથાકારને સ્વપ્નમાં પણ ન સૂઝે એવી રોમાંચક સ્થિતિમાં તે મુકાયો હતો.

લપસતો લપસતો તે અટકી ગયો. અંદર ચીકણી જમીન ઉપર હરવા ફરવા જેટલી જગ્યા પણ હતી. પછી તેને ઓચિંતો ખયાલ આવી ગયો કે તેને તો વ્હેલે ગળી લીધો છે! એ ખયાલ આવતાં જ તે ભયથી બેબાકળો બની ગયો. તે શ્વાસોચ્છ્વાસ તો સહેલાઈથી લઈ શકતો હતો, પણ અંદર ગરમી હદ ઉપરાંતની લાગતી હતી. ભય અને મૂંઝવણથી થોડી વારમાં તે માંદો બની ગયો. આ આપત્તિમાંથી ઊગરવાની અશક્યતા, મોતની પ્રત્યક્ષતા, ભયંકર અંધારું ને અસહ્ય ગરમીથી તે બેભાન બની ગયો. ને ફરી તેની આંખ ખુલી ત્યારે કપ્તાનના ખંડમાં તેણે પોતાને સૂતેલો જોયો.



પ્રકાશ પર અતરની અસર કેમ થાય છે? આપણે જોઇએ છીએ કે પ્રકાશના સ્થાનથી આપણે જેમ દૂર જઇએ તેમ આપણને અજવાળુ ઓછું મળે છે. સૂર્યથી યે વધુ મોટા ને પ્રકાશવાળા અતિ દૂરના તારાઓ ઘણાખરા તો આપણી નજરે પણ નથી ચડતા, અને જે નજરે ચડે છે તે પણ જાણે નાના ટમટમતા દીવા હોય તેવા દેખાય છે. કારણ? સમજીએ.

એક દોરડાને છેડે એક શેર વજન બાંધીએ તો તેનું ખેંચાણ એક શેર રહે અને દશ શેર બાંધીએ તો ખેંચાણ દશ શેર રહે. તેવી જ રીતે આપણે માની લઇએ છીએ કે બે ફૂટના અંતરે પ્રકાશનું પ્રમાણ અરધું થઈ જાય ને ત્રણ ફૂટ દૂર થતાં તે પ્રમાણ ત્રીજા ભાગનું થઈ જાય.

પણ તેમ નથી. પ્રકાશથી બે ફૂટ દૂર રહેતાં, પહેલા ફૂટના અંતર પરથી મળતા પ્રકાશના જથ્થાનો માત્ર ચોથો ભાગ જ આપણને મળવાનો. એવી રીતે ત્રણ ફૂટ દૂર રહેતાં પ્રકાશનો જથ્થો ત્રીજા ભાગનો નહિ પણ નવમા ભાગનો મળવાનો! વિજ્ઞાનીઓ આ નિયમને પોતાની ભાષામાં આ મુજબ મૂકે છે: 'પ્રકાશ જેમજેમ પ્રસરતો જાય તેમતેમ તેની તીવ્રતા ઉત્પાદક સ્થાનના અંતરના દ્વિઘાત વર્ગના પ્રમાણમાં ઘટતું જાય છે.'

ઉપરના ચિત્ર પરથી આ બાબત સમજવી આપણને વધુ સહેલી થઈ પડશે. મીણબત્તીથી એક ફૂટ દૂર રહેલું ચોરસ પત્તું પ્રકાશનો અમુક જથ્થો મેળવે છે. એ કિરણો આગળ ને આગળ ચાલ્યાં જાય તો બે ફૂટને અંતરે એક ફૂટ પરના પત્તા કરતાં ચાર ગણા મોટા પત્તાને, અને ત્રણ ફૂટને અંતરે નવ ગણા મોટા પત્તાને પ્રકાશિત કરવાનું તેને આવે. આથી ચોક્કસ થાય છે કે પ્રકાશનો એટલો ને એટલો જથ્થો વધુ પ્રસારિત થાય છે અને તેનું એ પ્રસરણ અતરના પ્રમાણમા નહિ પણ અંતરના દ્વિઘાત (square)-વર્ગના પ્રમાણમાં થાય છે.

વર્ષો પહેલાં 'કુમાર'માં જેનો ટૂંક પરિચય આવી ગએલો તે બાગબાનીનો જગત-જાદુગર



અમેરિકાના ન્યૂ ઈંગ્લેન્ડ પ્રાંતમાં એક ગરીબ ખેડૂતને ત્યાં જન્મેલા લ્યુથર બર્બેન્કે વિશ્વના સૌથી મોટા બાગશાસ્ત્રી તરીકે ખ્યાતિ મેળવી.



તેણે કરેલા હજારો સુધારાથી પાકને રોગ તથા હવામાનથી થતું નુકસાન ઘટી ગયું. મરણ સમયે તે ૩૦૦૦ પ્રયોગો પર કામ કરતા હતા



તેણે શિક્ષણ તો તદ્દન ઓછું લીધેલું, પણ વાચનના રસથી શરીરશાસ્ત્ર, કુદરત ને વનસ્પતિ-સૃષ્ટિ વિષે વધુ અભ્યાસ કરવાની ભૂખ ઊઘડી



શાળા છોડીને હળ બનાવતા કારખાનામાં નોકરી લીધી. ત્યાં પણ કેટલીક નવી નવી શોધો કરી, પણ એને એ કામમાં બહુ મઝા ન આવી.



૧૮૭૦માં તે છોડી એક નાનું ખેતર લીધું, ને એ વિસ્તારમાં સૌથી સારી જાતનાં ને વધુ પ્રમાણમાં શાકભાજી-ફળો ઉગાડીને તેણે ખ્યાતિ મેળવી.



૧૮૭૫માં તે કૅલિફોર્નિયા ગયા. એ વણખેડાએલા પ્રદેશમાં તેની કુદરતી શક્તિ ખીલી ઊઠી ને એક સમૃદ્ધ બગીચો તેણે ઊભો કરી દીધો.



૧૮૯૩માં બગીચાવિષયક પ્રયોગો માટે બાગ રાખી તેઓ વિશ્વખ્યાત બન્યા. જે બીજને તેના હાથ અડક્યા તેની જાત સુધરી ગઇ.



મિશ્ર છોડની પદ્ધતિ, તથા એક ઝાડના ભાગ બીજામાં રોપી કાયમ માટે જોડીને ને એક ઝાડમાંથી અઢાર જાતનાં ફળ ઉત્પન્ન કરતા!



૧૯૨૬માં અવસાન થયું ત્યારે વનસ્પાત સુધારણા માટે તેણે આપેલો તેટલો ફાળો ભાગ્યેજ બીજા કોઈ માણસે તેના પહેલાં આપ્યો હશે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ઢીંગલી, શાલભંજિકા

રમકડાની પૂતળી માટેના 'ઢીંગલી' કે 'ઢીંગલો' શબ્દોમાં પણ 'પૂતળું' શબ્દની જેમ છેવટનો 'લ' એ પ્રત્યય હોય. 'ધીંગું' એટલે 'જાડું', અને તે ઉપરથી જાડું, ઢીંગણું રમકડાનું પૂતળું 'ઢીંગલો' કહેવાતું થાય તે સમજી શકાય.

'પૂતળી' માટેના સંસ્કૃત શબ્દ 'સાલભંજિકા' કે 'શાલભંજિકા'નો ઇતિહાસ રસિક છે. ઈસવી સન પૂર્વે ત્રીજી શતાબ્દીથી પ્રાચીન ભારતીય સાહિત્યમાં અને પછીથી શિલ્પમાં 'શાલભંજિકા'ઓ ઘણી જાણીતી છે. 'શાલભંજિકા' એટલે 'શાલ કે અશોક જેવા વૃક્ષ નીચે તેની ડાળીને એક કે બંને હાથે પકડીને અથવા નમાવતી ઊભેલી પૂતળી'. આવી પૂતળીઓ પ્રાચીન શિલ્પસ્થાપત્યમા ઘણી જાણીતી છે.

પાણિનિ 'શાલભંજિકા'નો ઉલ્લેખ 'શાલવૃક્ષની ડાળ તોડવાની એક રમત' તરીકે કરે છે. પરંતુ 'શાલ'નો એક અર્થ 'ડાળી' પણ થાય છે. આ ઉપરથી 'ડાળી નમાવતી સ્ત્રી' એ અર્થમાં કે એ રૂપમાં શાલભંજિકા ભારતીય કલામાં વ્યાપક બની. સંસ્કૃત ને પ્રાકૃત સાહિત્યમાં તથા શિલ્પશાસ્ત્રમાં પણ તેના અનેક ઉલ્લેખો મળે છે.

બત્રીશ પૂતળીની વિક્રમકથાને લગતા સંસ્કૃત ગ્રંથોમાં પૂતળીઓને 'પુત્રિકા' 'પુત્તલિકા' અથવા 'શાલભંજિકા' કહી છે.

—હરિવલ્લભ ભાયાણી

અમેરિકી સાહિત્યકાર નૉર્મન કઝિન્સ

ભારતભરમાં આ વર્ષે ઊજવાતી કવિવર રવીન્દ્રનાથની જન્મશતાબ્દી નિમિત્તે અખિલ બંગાળી સાહિત્ય પરિષદે મુંબાઈમાં પહેલી જાન્યુઆરીએ મળેલા પોતાના સંમેલનમાં દેશપરદેશના નામી સાહિત્યકારોને આમંત્રીને કવિવરના સાહિત્ય ઉપર એક પરિસંવાદ–સંમેલનની ખાસ યોજના કરી હતી. તે પ્રસંગે જાણીતા અમેરિકી પત્રકાર, લેખક અને વક્તા શ્રી નૉર્મન કઝિન્સ ખાસ આવ્યા હતા.

શ્રી કઝિન્સ સાહિત્ય અને કળાના વિવેચનના અમેરિકાના જાણીતા સામયિક 'સૅટર્ડે રિવ્યૂ'ના તંત્રી છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મશતાબ્દીની ઉજવણી માટે અમેરિકામાં રચાએલી સમિતિના તે માનાર્હ પ્રમુખ છે. ભારતના તે એક અત્યંત સહૃદયી મિત્ર છે ને ન્યૂ યૉર્ક ખાતેની એશિયા સોસાએટીની ભારતીય સમિતિના અધ્યક્ષ છે. અમેરિકાની કેટલીયે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે તે સંકળાએલા છે. અગાઉ ૧૯૫૧માં એક વ્યાપક વ્યાખ્યાનપ્રવાસ માટે તે ભારત આવ્યા હતા. એ મુલાકાત પછી તેમણે 'કૉન્વર્સેશન્સ વિથ નેહરુ' નામનું પુસ્તક લખેલું. એ પછી ૧૯૫૩ અને ૧૯૫૫મા પણ તે આવ્યા હતા. ભારત અને અમેરિકા વચ્ચે સાંસ્કૃતિક વિનિમય અને સમજ વધારવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે.

શ્રી કઝિન્સે કહ્યું છે કે ટાગોર એક વિશ્વભાષા બોલે છે એ હકીકતે અમેરિકાના લેખકો અને ફિલસૂફો પર બહુ અગત્યની છાપ પાડી છે. બેન્જામિન ફ્રૅંકલિન, એમર્સન, વિલિયમ



જેમ્સ ને ઑલિવર હોમ્સે રજૂ કરેલી અમેરિકન ફિલસૂફી ને ટાગોરની સાર્વત્રિક ફિલસૂફી વચ્ચે મૂળભૂત મેળ છે.

૧૯૧૨ની ૨૪મી જૂને ન્યૂ જર્સીના યુનિયન ગામે જન્મેલા શ્રી કઝિન્સ કોલંબિયા યુનિવર્સિટીની ટીચર્સ કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા પણ શિક્ષક થવાને બદલે 'ન્યૂ યૉર્ક ઇવનિંગ પોસ્ટ' પત્રના શિક્ષણ વિભાગના તંત્રી થયા.

૧૯૩૫માં તે છોડી તેમણે 'કરન્ટ હિસ્ટરી' નામના વિખ્યાત સામયિકમા પુસ્તકોનું વિવેચન કરવાનુ કામ સ્વીકાર્યું, ને વખત જતાં તેના સાહિત્ય-વિભાગના તંત્રી તેમજ સંચાલક તંત્રી તરીકે પણ તેમને નીમવામાં આવ્યા, જે પદ પર તે ૧૯૪૦ સુધી રહ્યા. એ પછી તેઓ 'સૅટર્ડે રિવ્યૂ ઑવ લિટરેચર'ના કાર્યકારી તંત્રી તરીકે નિમાયા. મૂળ 'ન્યૂ યૉર્ક ઇવનિંગ પોસ્ટ'ના સાહિત્યના પાનામાથી જ વીસ વર્ષ પહેલાં આ સામયિકનો ઉદ્ભવ થયો હતો. શ્રી કઝિન્સે એનું તંત્ર હાથમાં લઇને તો એની કાયાપલટ કરી નાખી ને નિખાલસતાપૂર્વક અભિપ્રાયો વ્યક્ત કરતા તેમના તંત્રીલેખોએ તેનો ફેલાવો દોઢો કરી દીધો. બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે યુદ્ધ અંગેના માહિતીખાતામાં ને અન્ય સરકારી વિભાગોમા સેવાઓ આપેલી.

તેમણે લખેલાં ઘણાં પુસ્તકોમાં 'અ ટ્રેઝરી ઑવ ડેમૉક્રસી', 'ધ ગુડ ઈન્હેરિટન્સ: ધ ડેમૉક્રેટિક ચાન્સ', 'મૉડર્ન મૅન ઈઝ ઓબ્સોલીટ' અને 'હુ સ્પીક્સ ફૉર મેન?' મુખ્ય છે. હમણાં છેલ્લે ૧૯૫૮માં તેમણે 'ઈન ગૉડ વી ટ્રસ્ટ: ધ રિલીજીઅસ બિલીફ્સ ઑફ ધ ફાઉન્ડિંગ ફાધર્સ' નામનું પુસ્તક લખ્યું છે.

૧૯૪૮માં તેમને પત્રકારત્વ માટે ટૉમસ જેફર્સન ચંદ્રક મળેલો. એ પછી તો સામયિકના પત્રકારત્વ અંગે, જાહેર સેવા અંગે ને શિક્ષણ અંગે વિવિધ ચંદ્રકો મળ્યા છે. આ ઉપરાંત અમેરિકાની અનેક યુનિવર્સિટીઓ તથા કૉલેજોએ પણ તેમને માનદ્ ઉપાધિઓ આપી છે. 'અમેરિકન કાઉન્સિલ ઑવ લર્નેડ સોસાએટીઝ'ના તેઓ પ્રવાસી સભ્ય છે ને 'નૅશનલ પ્લાનિંગ એસોસીએશન', 'કાઉન્સિલ ઑવ ફૉરેઈન રિલેશન્સ' ને 'બોર્ડ ઑવ એડિટર્સ ઑવ એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'ના પણ સભ્ય છે. ઍલન કૅાક સાથેના લગ્નથી તેમને ચાર પુત્રીઓ છે. સંગીતનો તેમને ખાસ શોખ છે અને હાલ કનેટિકટ પ્રાંતના નૉર્વૉક ગામે તે રહે છે.

'ટાઈમ્સ ઑવ ઈન્ડિયા'ના પ્રતિનિધિ 'ગોલુક્સે' એમની મુલાકાતને અંતે લખ્યુ છે કે 'એમનું વ્યક્તિત્વ તરવરાટભર્યું છે. રંગભરી એમની વાગ્ધારા એક પછી એક વિચારોના તણખા જગાવ્યે જ જાય છે. એને સાંભળતાં તમે થાકો જ નહિ. એમનો ઉત્સાહ ચેપ લગાડે એવો છે. અત્યારના સાહિત્ય વિશે એમણે કહ્યું કે 'આજે સારું કાંઈ ધરાવતા પ્રથમ સાહિત્યકારો આપણી પાસે છે જ નહિ. આધુનિક સાહિત્યકારો વિમાર્ગી જીવનનું નિરૂપણ કરતા માંદલા ને વિક્ષુબ્ધ માનસના વિશ્વમાં જ રચ્યાપચ્યા રહે છે.'

શ્રીકૃષ્ણલીલામૃત : ભગવાન શ્રી કૃષ્ણના કેટલાક જીવનપ્રસંગોની શ્રી મણિભાઈ હરિશંકર દવેએ સળંગ હરિગીત છંદમા કાવ્યરૂપે કરેલી રજૂઆત, પ્રકાશક : શ્રી મણિભાઈ હરિશંકર દવે, ગીતાભવન, મિલપરા ૧, રાજકોટ, કિંમત : ૦-૨૦ ન પૈ.

પ્રભુ યોજનાના ધુરંધર



કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની આ વર્ષે ઊજવાતી જન્મશતાબ્દી નિમિત્તે મુલાયમરીતે છાપેલું આ સુંદર રેખાંકન ૧૪×૧૧ ઈંચના માપના કાગળ પર પરિચય ટ્રસ્ટ (બૉમ્બે મ્યૂચ્યૂઅલ ચેમ્બર્સ, હમામ સ્ટ્રીટ, મુંબઈ ૧) તરફથી આઠ આનાની કિંમતે બહાર પડ્યું છે. કલાકાર શ્રી ઓકે.

"જ્યારે ધીમે પગલે મૃત્યુ આવીને મારા કાનમાં કહેશે કે, 'તારા દેવસો પૂરા થઈ ગયા છે,' ત્યારે હું તેને કહીશ, 'હું પ્રેમમાં જીવ્યો છું; માત્ર કાળમાં નહિ.' તે પૂછશે, 'તારાં ગાન જીવિત રહેશે?' ત્યારે હું ઉત્તર વાળીશ, 'મને ખબર નથી, પણ હું એટલું જાણું છું કે જ્યારે જ્યારે મેં તે ગાયાં છે ત્યારે સાક્ષાત્ શાશ્વતતાનાં મને દર્શન થયાં છે."

આને સાચે જ, ભર્યે ભર્યે હૃદયે આ ગીતપંક્તિઓ ગાનાર કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના સ્થૂળ, ક્ષર દેહનો મૃત્યુદેવે અંત આણ્યો, પણ સુંદર અને શિવને શબ્દમાં ને સંગીતમાં ઝંકૃત કરી સ્વરપાશે બાંધનાર એ કવિને તો એણે ઊની આંચ પણ પહોંચાડી નથી.

ભારતે રાષ્ટ્રઘડતરના મહાન ઘડવૈયાઓ સર્જ્યા છે, અંધકાર ઓગાળીને દિશાઓને અજવાળનાર મહાદીપકો આપ્યા છે, સ્થૂળ ને સૂક્ષ્મ વિશ્વના વિશ્વકર્માઓ બક્ષ્યા છે, યુદ્ધવિરોધી શાંતિદૂતો જન્માવ્યા છે, વિજ્ઞાનવીરો ને સાહિત્યસ્વામીઓ આપ્યા છે. આ સૌમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની પ્રતિભા માગ મુકાવે એવી હતી.

આ વર્ષે મે માસની ૯ઠ્ઠી તારીખે એમના જન્મને સો વર્ષ પૂરાં થાય છે તેના માનમાં આ માસ (જાન્યુઆરી ૧૯૬૧)થી જ દેશભરમાં 'ઠાકુર જન્મશતાબ્દી' ઊજવાશે, જીવનમાંગલ્યનાં ગીત ગાનાર મહાકવિને વિધવિધ પ્રકારે ભાવાંજલિ અર્પાશે અને તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે; કેમકે એમની કલાદૃષ્ટિમાં વેદથી માંડીને કબીર, વિદ્યાપતિ, ચંડીદાસ, તુલસી, જયદેવ, કાલિદાસ આદિ કવિઓ, તત્ત્વજ્ઞો, સાધકો, પ્રેમીઓ, ઓલિયાઓ ને કલાસ્વામીઓનો આશ્ચર્યકારક ને સુભગ સરવાળો છે.

કવિવર કલ્પનાના લાડીલા છે, શાહી સૂરમિલાવટના જાણકાર છે, વિવિધ ઊર્મિઓના ચિત્રકાર છે, ને સાથેસાથે એમની ક્રાન્તિભાવના સ્વદેશોદ્ધાર માટે મથે છે. એ સૌંદર્ય દ્વારા સત્યનો સાક્ષાત્કાર ઝંખે છે. એમની કવિતા તત્ત્વજ્ઞાનમાંથી પોષણ મેળવે છે. એમાં આંતરપ્રેરણા છે, એમાં વિરાટ અદ્વૈત છે, ને એમાંથી જન્મે છે વિવિધ રહસ્યસ્ફોટ. એ કબીરમાંથી યોગમાર્ગનો રહસ્યમંત્ર પામે છે, જયદેવ–ચંડીદાસ–વિદ્યાપતિ એમને 'લલિત કોમલ કાન્ત પદાવલિ' ને રસમય ભાવસમૃદ્ધિ આપે છે. 'ગોરા' દ્વારા એ ભારતીય ને આંગ્લ સંસ્કૃતિની અભિમાની નફટાઇને પરસ્પર સમજૂતીના ઉકેલમાં મૈત્રીભર્યો સહકાર કરવાની હાકલ કરે છે. 'નૌકાડૂબી'માં એ પરેશબાબુના પાત્રદ્વારા સ્વકીય માધુર્ય, ઔદાર્ય, સંસ્કારિતા, સર્વસંગ્રાહિતા ને પરમતસહિષ્ણુતાને આકાર આપે છે. 'ગીતાંજલિ'માં જીવનસ્વામીને કલામય વિવિધ ભાવોર્મિભર્યાં ગીતોની અંજલિ આપે છે. 'સાધના'માં ભારતીય સાધનપ્રણાલીઓને કાવ્યમય, કલામય દૃષ્ટિએ નીરખે છે, અને 'માનવધર્મ'માં માનવતાના મહાધર્મને—સર્વ ધર્મોનાં સામાન્ય સાદાં મૂળ તત્ત્વોને સ્વીકારી વિશ્વપ્રગતિને માર્ગે વાળી, પ્રભુસાક્ષાત્કાર કરવાનું સૂચન કરે છે.

લૉર્ડ કર્ઝનના શાસનકાળમાં, બંગભંગના દિવસોમાં તેમણે 'સ્વદેશી' વિષે આપેલાં વ્યાખ્યાનોમાં હિંદનાં ગામડાંને સ્વાભિમાનના, જાગૃતિના, આર્થિક સ્વાતંત્ર્યના, સહકારના, ભારતીય સંસ્કૃતિને સમજથી અપનાવીને માતૃભૂમિને મુક્તિ અપાવવાના મંત્ર પડેલા છે. સાહિત્ય, કલા ને સંસ્કૃતિના સમન્વય અંગે પોતાના આદર્શના મૂર્ત સ્વરૂપે તેઓ શાંતિનિકેતન સ્થાપે છે, તો શ્રીનિકેતન સ્થાપીને તેઓ ભારતનાં ગામડાંને મહાલક્ષ્મીનો અનુગ્રહ પાછો પ્રાપ્ત કરવાનો પદાર્થપાઠ આપે છે.

રાજકારણમાં ગાંધીજીના પ્રવેશ સાથે તેઓ તેમના પ્રશંસક બને છે, બે વચ્ચે મૈત્રી જામે છે, નિકટતા ને પરસ્પર પ્રેમભાવ જન્મે છે, જલિયાંવાલા બાગની ક્રૂર કત્લેઆમથી પ્રકોપ અનુભવી તેઓ સરકારને 'સર'નો ઈલકાબ પાછો વાળે છે.

કવિસમ્રાટની સર્જક પ્રતિભા આમ કવિતાને, નવલને, નાટકને, નિબંધને, ચિંતનને,—જેનેજેને સ્પર્શે છે તેનેતેને ઉન્નત બનાવે છે, સુંદર મધુર બનાવે છે. પણ કવિની દૃષ્ટિની ખૂબી તો એ છે કે તે શ્રી અરવિંદ ઘોષની વિચારસરણીની માફક, જીવનનાં સર્વ ક્ષેત્રોને સ્વીકારે છે. માનવ-આત્માને તે મધુર અને સુંદર સ્પર્શો દ્વારા, સૂર દ્વારા, રંગરેખા દ્વારા, કલ્પના ને લાગણી દ્વારા, વિચાર ને આદર્શો દ્વારા, સુસંસ્કૃત, સૂક્ષ્મગ્રાહી, રસિક, ઉન્નત, પવિત્ર અને દિવ્ય બનાવવા માગે છે. એમને મન સત્ય સુંદર છે, મંગલમય છે; જ્યાંજ્યાં જગતમાં વિરૂપતા હોય, વિસંવાદિતા હોય, બસૂરાપણું હોય, અનૌચિત્ય હોય, સુરુચિ પર આક્રમણ હોય, ત્યાંત્યાંથી કવિનો કલાઆત્મા તે સર્વને પકડી પાડે છે; તે સર્વથી તેને પારાવાર દુઃખ થાય છે; તેમનો અંતરાત્મા, પૃથ્વીની મૂક વેદના પેઠે, કકળી ઊઠે છે. જગત ઈશ્વરની લીલા છે, તે તો સર્વાંગ સુંદર ને સંપૂર્ણ હોવું જોઇએ એ માન્યતાથી તેઓ સૌંદર્યોનાં સર્જનો દ્વારા તે દુઃખ હાકી કાઢવાનો પ્રયત્ન કરે છે. અને તે પ્રયત્નમાં વેરઝેર, બળજબરી, ક્રોધ કે શાપ નથી. એમની તો છે કેવળ સૌંદર્યમય, શાંત તપસ્યા. જ્યાંજ્યાં કવિ જાય છે ત્યાં સુમેળ, સુવાક્યતા, સુરુચિ, સૌંદર્ય, શોભા, લજ્જા, પ્રેમ ને કોમળતા પ્રગટે છે. કવિની આ છે અનિવાર્ય મધુર ક્રાન્તિ.

કવિવર ઠાકુર પ્રભુયોજનાના ધુરંધર હતા, દેશનું મહામૂલું ગૌરવ ને ધન હતા, જગતની આશા હતા.

મધુકર રાંદેરિયા

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(170) Mansukhlal P. Doshi—20, 36 Prahlad Plot, Devsi Nivas, Rajkot (Saur.), Stamps, News Paper Clippings; (171) Narendra J. Thakkar—23, 36 Leela-Nivas, Lakhamshi Napoo Rd., Matunga (C.R.) Bombay-19, Novels, Penfriendship; (172) Harshadkumar A. Shukla—21, Matawali Fali, Atarsumba (Dist. Kaira), Reading, Stamps; (173) Manilal K. Savla—18, 17 Shantinath Bhavan, Shraddhanand Road, Matunga, Bombay-19, Touring, View-Cards; (174) Anwarkhan Mahmadkhan—19, Suthar Sheri, In the Para, Jodia Bandar (Halar, Saur.), Cricket, Stamps, Swimming; (175) Ramnik M. Parmar—21, Kansara Bazar, Sihor (Gohilwad, Saur.), Stamps, Paintings, Literature; (176) Ramilaben Natverlal Bhavsar—17, The S. M. B. A. V. High School, Pethapur (Dist. Mehsana), View-Cards, Literature; (177) Madhukant C. Doshi—17, C/o C. J. Doshi, Kalavad-Shitla (Saur.), Stamps, Cricket, Music; (178) Rameshchandra Ishwarlal Bhavsar—17, Kot Fali, Pethapur (Dist. Mehsana), Autography, Music, Stamps; (179) Amritlal Jivanlal Darji—17, Bazar, Pethapur (Dist. Mehsana), Stamps, Literature, Geography; (180) Babulal Dahyabhai Patel—19, Sharadagram, Via Mangrol (Sorath, Saur.), Stamps, Touring, Peoples of Different Lands; (181) Nitin J. Pancholi—19, Jupitor Photo Service, Kalupur, Panch Patti, Bhudher Mistri's Khadki, Ahmedabad-1, Stamps, Photography, Drawing; (182) Priyakant Kalidas Patel—20, Madhukant A. Chhatralaya, 1194/12 Ghole Road, Poona-4, Literature, Music; (183) Gulabsinhji B. Dabhi—30, 'Dabhi Parna-kuti', Moti Sheri, Pethapur (Ta. Kalol), Stamps, View Cards, Touring, Photography.

(ચાલુ)

ધી

વલ્કન ઈન્સ્યુરન્સ કંપની લિ૦

સ્થાપના : ૧૯૧૯

• આગ • મોટર • અકસ્માત
• દરિયાઈ • વર્કમૅન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી

વગેરે વીમાનું
કામકાજ લખવામાં આવે છે.

જનરલ મૅનેજર
શ્રી વી. સી. સેતલવડ

જનરલ મૅનેજર
શ્રી કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં પણ છે.

હેડ ઑફિસ : ૭૪, ચર્ચગેટ સ્ટેશનની સામે.
ઈન્ડસ્ટ્રિયલ ઍશ્યોરન્સ બિલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

"વ્યૂ કાર્ડ્ઝ સંગ્રાહક મિત્રો"

વિદેશનાં જુદાં જુદાં કલર પિક્ચર કાર્ડ્ઝ સેટમાં—આઠ રૂા. ૧), બત્રીસ રૂા. ૪) અને બોંતેર રૂા. ૮)માં ઘેર બેઠાં મેળવો. પો. ફ્રી. રજિસ્ટર અલગ.

BHANU PRASAD
2, General Muthia Mudaly St., Madras-1

માનવીની અંતરિક્ષયાત્રા ને ઇતર ક્ષેત્રોની પ્રગતિની કથા કહેતું

સોવિયેત દેશ

(પાક્ષિક) નિયમિત વાંચો

અપૂર્વ તક

લવાજમના ઘટાડેલા દર:	વાર્ષિક	દ્વિવાર્ષિક	ત્રિવાર્ષિક
સોવિયેત દેશ ગુજરાતી રૂા.	૪-૦૦	૭-૦૦	૧૦-૦૦
સોવિયેત લૅન્ડ અંગ્રેજી રૂા.	૫-૦૦	૯-૦૦	૧૩-૦૦

ઉપરાંત

નવા વર્ષનું ૬ પાનાનું સુંદર રંગીન કૅલેન્ડર

એક વર્ષના ગ્રાહકને બે પુસ્તકો, બે વર્ષના ગ્રાહકને ચાર પુસ્તકો ને ત્રણ વર્ષના ગ્રાહકને ૬ પુસ્તકો : લવાજમ મુદત દરમ્યાન એક એક કરીને મોકલાશે. વળી દરેક વરસે પ્રગટ થતાં કૅલેન્ડર તે તે વર્ષમાં ચાલુ રહેતા ગ્રાહકને મળશે.

આ લાભો ફક્ત ૧૫ નવેમ્બર ૧૯૬૦થી ૩૧ જાન્યુઆરી ૧૯૬૧ સુધીમાં લવાજમ ભરનાર માટે છે.

આપનું લવાજમ
'સોવિયેત દેશ' ૨૬, કલબ રોડ, મુંબઈ-૮ ને સરનામે મોકલો અથવા સ્થાનિક એજન્ટને ભરો.

અનુસંધાન] 'ઓલ ! કયાં સાથીડા તારા?' [પૃ. ૭થી
જાણે કે અઢી વર્ષની યાતનાઓ પીગળીને બહાર આવતી હતી. હીબકાં ઓછાં થયાં એટલે એણે જરા પાણી પીધું, ને ધીરેધીરે આપ-કથની કહી સંભળાવી...

'તબ્બણ......હો......તબ્બણ!!'

હિંદી મહાસાગરનાં ભૂરાં જળમાં એક દેશી વહાણ ફતેહુમ્બાબ ધીમુંધીમું જઈ રહ્યું હતું. માલદ્વીવમાંથી કેટલોક માલ ભરીને તેણે કોલંબોના વેપારી માર્ગ પકડયો હતો. માલદ્વીવ છોડયે થોડા દિવસ વીત્યા હતા. લખદ્વીવના ટાપુઓ પણ પસાર થઈ ગયા હતા.

૧૯૪૩ના ડિસેમ્બરની પંદરમી તારીખના બપોરનો વખત હતો. ઘણા ખલાસીઓએ ખાવાપીવાનું પતાવી દીધું હતું. થોડા ખલાસીઓ આરામ કરતા હતા. કોઈ બીડી ફૂંકતું હતું. કોઈ મુંબાઇના ચીચબંદર-માંથી ખાસ દુકાનેથી બીડી ખરીદી છે એવી બડાશ પણ હાંકતું. કેટલાક જણા વાહાણનું નાનુંમોટું સમારકામ કરતા હતા. વહાણમાં સૂકી મચ્છીનો માલ હતો. વહાણનો ટંડેલ લાલજી રામજી આખી પશ્ચિમ ધરામાં કુશળતા માટે વખણાતો. વહાણના ખલાસીઓમાં ઘણા તો તેના સગા જ હતા. વળી માલદ્વીવમાં માંડવીના વહાણ કલાવતીના ચાર ખલાસીઓ પણ વહાણ પર ચડયા હતા. કલાવતી માલદ્વીવના કોઈ અજાણ્યા ટાપુ સાથે અથડાઇને ડૂબી ગયું હતું. તેના ખલાસીઓ તરતા તરતા એ ટાપુ પર અને પછી ચાલતા માલદ્વીવ બંદરે પહોંચ્યા હતા. પોતાની ધરાનું કોઇક વહાણ મળી આવે એવી તેમની આશા અંતે ફળી ને તેઓ ફતેહુમ્બાબમાં આવી ગયા. હવે કુલ ૨૩ ખલાસી-ઓ થયા હતા. એમા સૌથી નાનો હતો દામજી. તેની ઉમર તો તેર જ વરસની હતી. જોકે એ માંડવીથી પહેલી જ વાર નીકળ્યો હતો. છતાં રસ્તામા પાચ ખેપ કરી ચૂકયો હતો. ટંડેલ એના કાકા થતા હતા

એવામાં આરામમાં પડેલા એ નાવિકોએ દૂર કાંઇક ટાપુ જેવું જોયું. ટંડેલને નવાઇ તો ઉપજી કે અહીં ટાપુ કયાંથી? ત્યાં તો સઢ ઉપર ચડેલા એક ખલાસીએ બૂમ પાડી 'તબ્બણ...હો...તબ્બણ...!

આપણી બાજુના ખલાસીઓ સબમરીનને તબ્બણ કહેતા. આવી રીતે રસ્તામા ઘણી વાર સબમરીનો, યુદ્ધજહાજો વગેરે તેમને મળતાં, એટલે ખલાસીઓને કુતૂહલ સિવાય બીજો કંઈ રસ ઉત્પન્ન ન થયો. પણ એટલામા તો સબમરીન જરા નજીક આવી અને તેની તોપમાંથી હુડુડુડુ કરતો એક ગોળો છૂટયો ને વહાણથી થોડે દૂર પડયો. વહાણની બાજુમા પાણીના મોટા લોઢ ઊછળ્યા. ટંડેલ લાલજીએ બૂમ મારી 'તબ્બણ...હો... ધામણ ચિક્કાર...!'

'જીવા, શું કરશું?' ટંડેલ લાલજીએ કલાવતીના ટંડેલને પૂછ્યું.

'આપણો વાવટો ચડાવીએ.'

'હા, ઈ બરોબર, પણ આપણે કચ્છનો સૂરજ-ચંદરનો ચડાવશું કે અંગરેજનો?' બધા યે સંતલસ કરી ને જીવાએ કહ્યું કે અંગરેજનો જ ચડાવીએ. આપણા સૂરજ ચંદરનો વાવટો ઇ ન ઓળખે તો?...

ને વાહાણની ધજાદાંડી પર યુનિયન જેક ધીરેધીરે ચડવા લાગ્યો. ત્યાં જ સબમરીનમાંથી આગ ઝરી! પ્રચંડ ધડાકો થયો! સઢ પરના બે ખલાસીઓ તો ધડાકા સાથે જ ફુરચા થઇને હવામાં ઊડી ગયા. વાહાણની છતેડી પણ ઊડી ગઈ. ખૂંટો તૂટી પડ્યો ને ધજાદાંડી સહિત વાવટો તો ગાયબ બની ગયો. વહાણના ટંડેલ લાલજીના હાથપગ પણ કપાઇ ગયા અને તેનું લોહીનીંગળતું શરીર સઢ પર ઢળી પડ્યું. આખો સઢ લાલ લોહીયો રંગ ઈ ગયો. લાલજીના માથામાં પણ ઘા પડ્યો હતો અને તેમાથી લોહી નીકળતુ હતુ. ત્યા તો રાડિયા થયા: 'કૂદી પડો...કૂદી પડો; વહાણ પર તોપો તાકે છે!' મરી રહેલા લાલજીએ પોતાના કાકાને કહ્યું 'કાકા, ઠેક માર. મુને રજા આપ. ઘરે સહુને મારા જુહાર કેજો.' કાકો કહે 'ભલે ગમે ઈ થાય, હું તને નહિ છોડું...'

આટલી વાત થતી હતી ત્યાં તો ભયંકર કડાકો થયો. વહાણ પડખા-ભેર આડું થયું અને ચારે બાજુ આકાશ ધુમાડાથી છવાઈ ગયું.

ધુમાડો શમ્યો ત્યારે નાના દામજીએ પોતાના સહિત વીસ જ-ણાને પાણીમાં આમતેમ તરતા જોયા. વહાણે તો જળસમાધિ લઇ લીધી હતી. તેમની પાસે બોયાં નહોતાં, પાટિયાં નહોતાં, ખોરાકના ડબ્બા નહોતા. હિંદી મહાસાગરના એ અતાગ જળમાં માત્ર કાંડાં-બાવડાંની તાકાત પર મુસ્તાક રહીને તેઓ ફક્ત ચડ્ડીભેર તરી રહ્યા હતા. આ સમયે પણ તેમના ચહેરા પર આશા હતી, ખમીર હતું અને કોઈ ભય નહોતો. કેટલાક તો તરતાતરતા પણ ચર્ચા કરતા હતા.

પણ એક નવાઈભરી વાત બનતી હતી. સબમરીન અને તેમની વચ્ચેનું અંતર ઘટતું નહોતું. સબમરીન બિલ્લી-ઉંદરની રમત રમી હતી. ખલાસીઓ થાકી જાય એ એની નેમ હતી. બે કલાક વીત્યા પછી સબમરીનના ડેક પરથી જાપાનીઝ અમલદારે હાથ હલાવીને ખલાસી-ઓને નજીક આવવા કહ્યું.

બધાને સબમરીન પર ઊંચકી લેવામાં આવ્યા. સબમરીનના ડેક પર એક સૈનિક મશીનગનથી ચોકી કરતો હતો. બધાના હાથ બાંધ-વામાં આવ્યા. જાપાનીઝ અમલદારે સવાલો પૂછવા માંડયા. કાનજી માંડવીની નિશાળમાં છ અંગ્રેજી ભણ્યો હતો. એણે થોડા શબ્દો ઉચ્ચાર્યા એટલે અમલદારે તેને કહ્યું અંદર ચાલ. જતાંજતાં કાનજીએ દામજીના માથા પર હાથ મૂકયો, કારણ કે દામજી રડતો હતો. તેના મોટાભાઇ ડૂબી ગયા હતા, કાકા મરી ગયા હતા અને પોતે ચડ્ડીભેર ઠંડા પાણી-માં બે કલાક તર્યો હતો. હવે તેની હિંમત ઓસરી ગઈ હતી. એક કિશોરને માટે આવો બનાવ ગજા ઉપરનો હતો. તે ધ્રુસ્કે ધ્રુસ્કે પગમાં માથુ ઘાલીને માબાપને, ઘરને તથા વહાલી ભોમકાને યાદ કરતો રડતો હતો. જાપાનીઝ અમલદારે કાનજીને પૂછ્યું: 'આ છોકરો તારો ભાઈ છે?' કાનજીએ કહ્યું 'યસ!' એટલે એ બંનેયને અંદર લઈ જવામાં આવ્યા. દરવાજો બંધ થયો. સબમરીને પાણીમાં ડૂબકી મારી. ડેક પર હતા તે બધા પાણીમાં તણાયા, તરફડયા અને ડૂબી ગયા!

આ જાપાનીઝ સબમરીનમાં એન્જિન-રૂમ પાસે ૪×૬ ફૂટનો એક 'પેસેજ' હતો. તેમાં કાનજી અને દામજીને રાખવામાં આવ્યા. ત્યાં જ તેઓ ખાતા, પીતા ને રહેતા. તેમની પાસે મશીનગનો, વાસણો તેમજ પિત્તળનો સામાન સાફ કરાવવામાં આવતો. સવારે લાત મારીને ઉઠાડવામાં આવતા. રોજ અઢાર કલાક કામ અપાતું. માત્ર ચડ્ડીભેર, કપડાં પથારી કે બીજા કોઈ ઓઢવાના સામાન વિના, સબ-મરીનની આ ભયાનક કેદમાં તેમણે પાંત્રીસ દિવસ ગાળ્યા. એન્જિન-રૂમની દીવાલને રાતના શરીર અડકે તો દાઝી જવાતું, એટલે સંકો-ડાઈને જ સૂતું પડતું. બાજુની ઓરડીમાં માત્ર નહાવા જવાની છૂટ અપાતી. ખાવામાં પણ ભાત તથા ટીનનાં શાકભાજી વગેરે મળતાં.

શરૂમા રોજ તપાસ ચાલતી: 'તમે કોલંબો પાસે કેટલાં યુદ્ધજહાજ જોયાં? ત્યાં કેટલી સબમરીન હતી? ત્યાં લશ્કરનો પડાવ કયાં છે? રસ્તામા અમેરિકી યુદ્ધજહાજો મળ્યાં હતાં?' વગેરે પ્રશ્નો પુછાતા. આના જવાબમાં કાનજીએ કહ્યું કે 'કોલંબોમાં બે સબમરીન અમે જોઈ હતી. યુદ્ધજહાજો તો ઘણાં ય રસ્તામાં મળે છે, પણ તે અમેરિકી કે અંગ્રેજી તે ખબર નથી. લશ્કરના પડાવની અમને શી ખબર પડે?' વળી તેમને લૉકગેટની પણ થોડી માહિતી આપી હતી. કોલંબોમાં તે વખતે બે સબમરીન છે એવી જાણ સબમરીનને તેમનાં સાધનોથી થઈ હતી, તેથી આ છોકરાઓ પર જાપાનીઝ અમલદારનો ઇતબાર વધ્યો. એક

વખત હસીને કહ્યું પણ ખરું કે તમે 'યૂનિયન જૅક' નહિ ફરકાવ્યો હોત તો અમે તમને ગોળો ન મારત. કાનજીએ પૂછ્યું કે અમારા બીજા સાથીદારો ક્યાં છે? જવાબમાં મૌન! જાપાનીઝ રસોયાએ તેમને કહ્યું કે એ તો સબમરીને ડૂબકી મારી ત્યારે જ બધા ડૂબી ગયા! કાનજી-એ અમલદારને કહ્યું હતું કે 'અમારા કાકા-ભાઇ-સગાંને જો ડુબાવી દીધા હોય તો અમને પણ દરિયામાં ફેંકી દો. અમારે પણ નથી જીવવું.' પણ જવાબમાં મૌન.

એમના પુરાયાને પંદરમે દિવસે એમણે સબમરીનને ઉપર જતી અનુભવી. એક પાણીની શીશીને ટબમાં તરતી મૂકીને આ છોકરાઓ એટલું જાણી શકતા કે સબમરીન ઉપર જાય છે કે નીચે ઊતરે છે. તે દિવસે ૧૯૪૪ના જાન્યુઆરીની પહેલી તારીખ હતી. સબમરીનમાં દારૂ અને સારા ખોરાકથી આ દિવસ ઊજવાયો હતો. એવામાં દામજી અને કાનજીએ બે ધડાકા સાંભળ્યા. ને થોડા કલાક પછી સબમરીન પાછી મહાસાગરના પેટાળમાં ઊતરી પડી.

થોડી વારે જાપાનીઝ સાહેબને પીરસવા જતી વખતે એમણે માંડવીનો પોતાનો એક સગો મનુ જોયો! આંખો ન માને તેવી વાત હતી. પણ ત્યાં તો બાર વર્ષના મનુએ જ બૂમ પાડી 'કાનજી! દામજી!' અને આ બેય તેને મળવા દોડયા,–ભેટયા. પણ ત્યાં તો ત્રણેને દંડૂકા પડયા અને ફરી વિખૂટા પાડવામાં આવ્યા.

થોડા દિવસ પછી ફરી ભેટો થયો. મનુએ કહ્યું કે તેમનું વહાણ નળિયાં ભરીને માંડવીથી જંગબાર જઈ રહ્યું હતુ. વહાણમાં છ ખલાસીઓ હતા. વહાણના ટંડેલ તરીકે મનુનો બાપ જીવા કેરા હતો. એના તરફ સબમરીને ગોળા ફેંકયા હતા. એમણે સૂરજ-ચંદ્રનો વાવટો ફરકાવ્યો હતો, પણ તો ય વહાણને ઉડાવી દેવામાં આવ્યું હતુ. પછી બધાને સબમરીનના ડેક પર લીધા હતા. મનુ સિવાય બધાયને આંખે પાટા બાંધ્યા હતા. વળી દોરડાથી હાથપગ બાંધ્યા હતા અને મનુને અંદર લઇને દરવાજો બંધ કરવામાં આવ્યો હતો. હાડપિંજરનો કાળો વાવટો ફરકાવતી મધ્યયુગની ચાંચિયાગીરીની પ્રણાલિકા વીસમી સદી-માં આ સબમરીને જાળવી હતી.

દિવસો વીતતા હતા. કઇ દિશાએ જતા હતા કે કયા વિસ્તારમાં હતા તેની પણ ખબર ન હતી. હવે તેઓ અવારનવાર મળી શકતા. મનુને બીજી કોઈ ઓરડીમાં કેદ રાખ્યો હતો. અવારનવાર જાપાનીઝો આ ત્રણેને બોલાવતા. મનુને નાચવાનું અને દામજીને ગાવાનું કહેતા. દામજી કહે છે કે 'ત્યારે મનુ આમતેમ ઊછળીને નાચતો અને હું કચ્છી ભાષામાં જાપાનીઝોને ખૂબ ગાળો બોલતો ને રાગડા તાણતો. કાનજી ને મનુ હસતા અને જાપાનીઝો પણ હસતા તથા તાળીઓ વગાડતા.'

એક વખત કાનજીએ જાપાનીઝ અમલદારને પૂછેલું કે 'તમે મનુનું વહાણ તો સૂરજ-ચંદ્રનો વાવટો હોવા છતાં તોડી નાખ્યું હતું.' તો તેણે કહ્યું કે 'તમે ગાંધીનો વાવટો ફરકાવ્યો હોત તો અમે કંઈ ન કરત'.

છત્રીસમે દિવસે સવારે સબમરીન મલાયાના પીનાંગ બંદરે પહોંચી અને આ બે કિશોર તથા એક યુવક કેદી સહિત એ રસાલો ગાદી પર ઊતર્યો. થોડે દૂર, પાકી જેલની ત્રણ અલગ અલગ ઓરડીમાં આ ત્રણેને પૂરી દેવામાં આવ્યા.

આ જેલમા જાતજાતના કેદીઓ હતા: યુરોપી હતા, ચીની હતા, ભારતીયો હતા, બીજી પ્રજાના કેદીઓ પણ હતા. એક મલાયાની સામ્યવાદી જુવાન છોકરી પણ હતી. આ બધા કેદી થોડાથોડા દિવસે બદલી જતા. કદાચ તેઓને મોતની સજા થતી!

પૂર્યાં પછી ત્રણ દિવસ સુધી કોઈ કંઈ ખાવાનું આપવા જ ન આવ્યું. જેલની ઓરડીમા બારી નહોતી. માત્ર થોડું પાણી હતુ. સૂવા માટે કોઈ સગવડ ન હતી કે ન કોઈની સાથે કંઇ વાતચીત કરવા દેવા-માં આવતી. એક વખત ખોલીનો દરવાજો જરા ખુલ્લો રહી ગયો હતો. ખોલીની સફાઇ પછી પહેરા પરના સંત્રીએ તેને તાળું માર્યું નહોતું. દરમ્યાનમાં જાપાનીઝ અમલદાર જોવા આવ્યો. એણે સંત્રીને ઝોકું ખાતો જોયો. માથામાં જોરથી દંડૂકો માર્યો. સંત્રી ગયો. તેની જગ્યાએ આવેલા બીજા સંત્રીએ કહ્યું કે તેને મારી નાખવામાં આવ્યો છે!

આ જેલ દોઝખ જેવી હતી. રોજ એક વખત એક માંસનો કકડો અને ભાતનો લાડુ મળતાં. માંસનો કકડો સંત્રીઓ લઇ લેતા. એક દિવસ 'અમારે નથી ખાવું' એમ બોલવા બદલ પણ એમને ખૂબ માર પડયો હતો. મનુ, દામજી અને કાનજી ત્રણે હાડપિંજર જેવા થઈ ગયા. એમનું શરીર ગળતું ચાલ્યું. તેઓ હજી પણ ચડ્ડીભેર જ હતા. તેમને કંઇ કપડાં પણ આપવામાં આવ્યાં ન હતાં. દરમ્યાનમાં કાનજીએ જાપા-નીઝ સરકારને અરજી કરી પોતે સિવિલિયન છે તેવું જણાવ્યું હતું.

આ જેલમાં તેમણે ચોપન દિવસો કાઢયા. તેઓ કહે છે કે 'અમારી ચામડી હાડકાંને ચોંટી ગઇ હતી, દાઢી વધી ગઇ હતી અને કોઈ ન ઓળખે એવા થઈ ગયા હતા. અમે એકે વખત નહાયા નહોતા.'

પંચાવનમે દિવસે એક લશ્કરી પહેરા નીચે તેમને બહાર કાઢવામાં આવ્યા, કપડાં અપાયા, હજામત થઈ. લૉંચમાં બેસીને તેઓ સામે કાંઠે પહોંચ્યા. ત્યાંથી ટ્રેનમાં મુસાફરી થઇ. ગાડીમાં બે દિવસ અને બે રાત કાઢયાં. આમ છતા તેઓને લોઢાની બેડીઓ પહેરાવાઇ હતી. રસ્તામાં ટિનનો ખોરાક બિસ્કિટ વગેરે અપાતું. એથી આ લોકો ભૂખ ભૂખ કરતા અને સંત્રીઓ પાસે વારંવાર ખાવાનું માગતા. એક વખત એક સંત્રીએ એક ડઝન કેળાં આપ્યાં તો બીજા સંત્રીએ અર્ધાં ખાધેલાં કેળા ઝૂંટવીને ફેંકી દીધાં. આવું તો કેટલી યે વાર બનતું.

આખરે સિંગાપોર પહોંચ્યા. જોહરમાં પાંચસો હિંદી લશ્કરી સૈનિકોની છાવણી હતી તેમા એમને પણ રાખ્યા. આ બધા જ સિપા-હીઓ જાપાનીઓની કેદમા હતા કેમકે તેઓએ આઝાદ હિંદની ફોજમાં જોડાવાનો ઇન્કાર કર્યો હતો. તેઓ માનતા હતા કે કોઇ પણ રીતે જાપાનને મદદ ન કરવી. આમ છતાં પ્રમાણમાં તેમને સારી સ્વતંત્રતા હતી. કેદીઓ જાતે રાંધતા, ખાતાપીતા અને હળતામળતા એક ગામમી કેદારનાથને આ છાવણીના વડો બનાવવામાં આવ્યો હતો. જાપાની અમલદારો માત્ર સામાન્ય ધ્યાન રાખતા. અલબત્ત, કેદની બહાર સશસ્ત્ર જાપાનીઝોનો પહેરો હતો. આ છાવણીમાં મંદિર મસ્જિદ અને ગુરુદ્વારા પણ બનાવ્યાં હતા. રોજ સમૂહ પ્રાર્થનાઓ થતી. દિવાળીના તહેવા-રોમા સારું ખાવાનું પણ થતુ. કેદીઓને રોજ સવારે ખટારાઓ ભરીને કામે લઈ જવાતા. મનુ દામજી ને કાનજીને ઑફિસરોના રહેઠાણોમાં સાફસૂફી કરવાનું, શાકભાજી વાવવાનું વગેરે કામ સોંપાયું હતુ.

આ છાવણીમા આ ત્રણ સિવાય બીજા કોઇ ગુજરાતી નહોતા. તેમજ બીજા કોઈ સિવિલિયનો પણ નહોતા. ગુજરાતીઓના ને ખાસ કરીને કચ્છના લોકોના આજન્મ મિલનસાર સ્વભાવથી આ ત્રણેને છાવણીમા ઘણા જણા સાથે દોસ્તી થઇ. જાપાનીઝોનો રસોયો વલી-મહંમદ તો તેમના ખાસ મિત્ર બની ગયો. આ મૈત્રી તેમની સારી તંદુરસ્તી માટે કારણભૂત પણ બની. વલીમહંમદ સિયાલકોટનો હતો. લુધિયાણાનો એક રહીમતુલ્લા પણ તેમનો ઓળખીતો થયો હતો.

ક્યારેક ક્યારેક કુસ્તી-દંગલ થતાં. જાપાનીઝ સૈનિકો આવાહન કરતા. જો જાપાનીઝો કુસ્તી હારતા તો જીતનારને 'દંડૂકા' મારતા. જો કે એક વખત આવા દંગલમાં કાનજીએ એક મજબૂત જાપાની અફસર-ને હરાવી દીધો ત્યારે અફસરે ખુશ થઇને તેની પીઠ થાબડી હતી પછી એકબે વાર તેને ચા પીવા પણ બોલાવ્યો હતો. ત્યારે કાનજીએ

પૂછ્યું કે 'અમને શા માટે પકડયા છે? અમે તો કોઈ ગુનો નથી કર્યો.' જાપાની અફસરે કહ્યું કે, 'આ તો લડાઈના મામલા છે. મારો એક ભાઇ યુદ્ધમાં માર્યો ગયો છે, બીજાનો પત્તો નથી. એ તો એમ જ ચાલે.'

છાવણીમાં અવનવા બનાવો બનતા. પહેલા યુદ્ધનો અનુભવી એક વૃદ્ધ સૈનિક હતો. તેણે કુસ્તીમાં સરસ પરાક્રમ કરી બતાવ્યું. તેને ઇનામમાં કન્ડેન્સ્ડ મિલ્કના બે ડબ્બા મળ્યા. પછી પહેરા પરના સંત્રીએ તેની માગણી કરી, પણ સૈનિકે ન આપ્યા તેથી તેનો ખરાબ રીપોર્ટ કર્યો. પરિણામે ત્રીસ દિવસ સુધી ઊભા રહેવાની સજા થઈ. સજા પૂરી થયા પછી પંદર ફટકા મારવામાં આવ્યા. આ વૃદ્ધ સૈનિકે ઉપરીઓને ફરિયાદ કરી પણ કંઈ વળ્યું નહિ. આ અન્યાય અને અત્યાચારથી તે સાચે જ ગાંડો બની ગયો હતો.

રૅશનની તંગીના આ દિવસો હતા. આ છોકરાઓએ સાહેબને એક દિવસ કહ્યું કે 'ખાવાનું પૂરતું નથી.' એટલે સાહેબે ચોખાની મૂઠી ભરીને કહ્યું કે 'લો આ ચોખા, ને સામે ધરતી માતા છે તેને સોંપો. મહેનત કરો અને ખાઓ. અમારી પાસે કંઈ નથી.'

અને સાચે જ આ છોકરાઓને તથા બીજા થોડા કેદીઓને પણ ડાંગર ઉગાડવાની છૂટ મળી. અફસરોના બગીચામાંથી બી લાવીને શાકભાજી પણ ઉગાડતા. આમ ૧૯૪૪નું આખું વર્ષ પસાર થઈ ગયું અને ૧૯૪૫નો કપરો કાળ શરૂ થયો. રૅશનની મુશ્કેલીઓ વધતી ચાલી.

એક વખતે મનુ સાહેબની કૅબિન સાફ કરવા ગયો, ત્યાં તો કોઇકે એના પર કૂદકો મારીને એને નીચે ફેંકી દીધો! મનુએ જોયું તો એ અફસર જાતે હતો. એના હાથમાં છરો હતો અને બીજે હાથ ગળા પર દાબેલો હતો. મનુએ કહ્યું 'સાહેબ, ગુનો?'

અફસર કહે 'હમણાં ને હમણાં ક્યાંકથી સિગારેટ લાવ, નહિ તો જાનથી જઈશ.'

'પણ સાહેબ, હું ક્યાંથી સિગારેટ લાવું?'

'જહાન્નમમાંથી. ગમે ત્યાંથી ચોરી લાવ, પણ લાવ.'

આખરે સાહેબે જ રસ્તો બતાવ્યો. છાવણીની બહારની બરાકમાં મોટા જાપાનીઝ અફસરને ત્યાં કૅબિન સાફ કરતી વખતે સિગારેટો ચોરવાની. મોટા સાહેબને ખબર પડે તો જાન જાય. પણ આમે ય જાન જોખમમાં જ હતો.

અને ત્યારથી મનુ કાબેલિયતભરી ચોરી કરતાં શીખ્યો. સિગારેટો, કૅન્ડ ફ્રૂટ્સ, બિસ્કિટો, વ્હિસ્કી વગેરે જ્યાંત્યાંથી આવતું, અને શરૂશરૂમાં તો તે પોતે જ વહેંચી લેતા. રસોયો વલીમહમ્મદ એ બધાનો સરદાર હતો. પણ ધીરેધીરે રૅશનની મુશ્કેલીઓ વધવા લાગી. હવે તો સિંગાપોર પર બૉંબમારો પણ સખત થતો, અને ઘણી વાર તો પાંચપાંચ ડઝન બૉંબરો આખી રાત ચક્રાવો લઇને પેટ્રોલની ટાંકીઓ, ગોદીઓ, છાવણીઓ વગેરે પર બૉંબ ફેંકયા કરતા. છાવણીમા બીમાર ભાઇઓને ખાવાનું પણ ન મળતું. મનુ, વલીમહમ્મદ વગેરે સાહેબના તથા બરાકના સ્ટોરરૂમમાથી ખાંડ, ડબ્બાનું દૂધ વગેરે છાનુંમાનું ઉપાડી લાવીને પોતાના બીમાર ભાઇઓને પહોંચાડતા. એક વખત ખાંડની ગુણી લાવતાં મનુ પકડાયો પણ હતો, અને તે દિવસે સંત્રીએ હાથનું તાળું તેના કપાળ પર છુટ્ટું ફેંકતાં તે લોહીલોહાણ થઈ ગયો હતો. પછી ખૂબ માર પડયો. પણ વલીમહમ્મદે વચ્ચે પડીને બચાવી લીધો. આમ નાફરમાની માટે, ચોરી માટે કે દારૂડિયા અફસરોની ધૂનને લીધે ક્યારેક ક્યારેક સખત માર પણ ખાવો પડતો.

હવે તો જાપાની અફસરોને પણ ખાવા જેટલું માંસ મળતું નહિ. આથી વલીમહમ્મદ મૂંઝાતો. એને મદદ કરવા રાતના છાનામાના ગટરની ખાઈમાં થઇને કાનજી, મનુ તથા દામજી અર્ધો માઈલ દૂર દરિયાની ખાડી તરફ સરકી જતા અને કરચલા પકડી આવતા. રોજ ત્રણે જણ ત્રીસચાલીસ કરચલા પકડતા. હવે એમણે પણ વનસ્પત્યાહાર તજી દીધો હતો, એટલે આઠદસ પોતે રાખતા અને બાકીના વલીમહમ્મદને આપતા. આથી વલીમહમ્મદનું વર્ચસ અફસરો પર જળવાઇ રહેતું ને પરિણામે તે બીજા કેદીઓને થોડી સગવડ અપાવી શકતો.

વળી છાવણીના ચોખાના ગોદામમાં જવા માટે આ લોકોએ જમીન નીચેથી એક ભોયરું પણ ખોદ્યું હતું, એમાં તેઓ આડા થઇને સરકી જતા. ગોડાઉનમાં જ અંદર તાપણું સળગાવતા, એક મટકામાં ચોખા રાંધતા અને ખાઇને પાછા સરકી આવતા! જીવતા રહેવા માટે આવાં છૂટાછવાયાં અનેક સાહસો કરવાં પડતાં. કેટલીક વાર બૉંબમારો એટલો સખત થતો કે બધા જ કેદીઓ પોતપોતાનાં રહેઠાણો છોડીને ગંદા પાણીની ખાઈમાં કૂદી પડતા. તે વખતે સંત્રીઓની મશીનગનોનો ટકટકારો ચાલુ રહેતો, ઉપરથી બૉંબ વરસતા, નીચેથી વિમાન-વિરોધી તોપો ફૂટતી. દૂરદૂર ધડાકાઓ થતા, આગોના પ્રચંડ ભડકા દેખાતા અને ત્યારે પણ આપણા નાયકો જાણે માંડવીના રૂપેરી રેતીના કાંઠે ફરવા નીકળ્યા હોય એમ અંધારામાં કરચલા પકડવાની શરતો રમતા, અને વિમાનોની ડૂબકીઓ (ડાઈવિંગ) જોયા કરતા!

હવાઈ યુદ્ધ દરમ્યાન હાથેપગે ઘાયલ થએલા, પકડાએલા અમેરિકી કેદીઓ પણ જોવામાં આવતા. આ કેદીઓ થોડા દિવસમાં અદશ્ય થતા અને છાવણીમાં કહેવાતું કે તેમની હત્યા થઈ ચૂકી છે.

પોણા બે વરસની આ જેલમાં તેઓ ક્યારેક છાપાં પણ મેળવી શકતા. નવા કેદીઓના સામાનમાંથી કે સાહેબોના માલસામાનના પૅકિંગમાંથી અંગ્રેજી છાપાં નીકળતાં અને વલી તે વાંચી સંભળાવતો. ફિલિપ્પાઈન્સમાં ભૂખ્યા જાપાનીઓ કેદીઓને ખાઈ જાય છે એવી વાત વાંચીને તેઓ થરથરી ઊઠતા. યુદ્ધનું પલ્લું કઈ બાજુ વળે છે એનો પણ તેમને ખયાલ આવતો. હવે જર્મની શરણે જઈ ચૂક્યું હતું. આઠ દિવસનું રૅશન માત્ર એક જ દિવસમાં પૂરું થઈ જાય એટલું મળતું.

અધૂરામાં પૂરું છાવણી પર નોટીસ લગાડવામાં આવી કે 'એક મહિના પછી, એટલે કે બાવીસમી જુલાઈ ઓગણીસસો પિસ્તાલીસના રોજ બધા જ કેદીઓને સમૂહમાં મશીનગનથી ઠાર મારવામાં આવશે. આ સમાચારથી શરૂઆતમાં તો સનસનાટી ફેલાઈ, પરંતુ પછી 'યુદ્ધમાં તો મરવા જ આવ્યા છીએ' એવી લાગણીને લીધે તેઓ સંજોગને અનુકૂળ થઈ ગયા. છાવણીની નિત્યવત્ કામગીરી ચાલુ રહી. ભાઈચારો પ્રમાણમાં વધ્યો ને સમૂહ-ભજનોમા હવે સૌ અચૂક હાજરી આપવા લાગ્યા.

ત્યાં એક દિવસે ડુંગરાઓમાં ખોદકામ માટે ગએલા બસો જેટલા કેદીઓ પાછા ન ફર્યા. અહીં બધા તેમની ચિંતા કરવા લાગ્યા. જાતજાતની શંકાકુશંકા થઈ. રાત્રે બે વાગ્યે ખટારામાં બેસીને આવેલા એ કેદીઓના જયજયકારથી આખી છાવણી ગાજી ઊઠી. તેઓએ ખબર આપ્યા કે 'યુદ્ધ પૂરું થયું છે અને હવે આપણે છૂટીશું.' આઝાદીની બૂમાબૂમથી આખું વાતાવરણ ધમધમી ઊઠયું. કોઇ સૂતું નહિ કે ખોલીમાં ગયું નહિ. વહેલી સવારે જાપાની અમલદારે આવીને એક પ્રવચન કર્યું. એમા એ ઘણું બોલ્યો, પણ આ લોકો બધું કાંઈ સમજ્યા નહિ. માત્ર એટલી જ ખબર પડી કે 'હીરોશીમા પર અણુબૉંબ પડયા છે. અમે બધું બચાવી લેવા હવે શરણે જઇએ છીએ. તમે મુક્ત છો. હમણાં તમારી દેખભાળ તમારા જ લોકો કરશે અને બ્રિટિશ સૈન્ય સિંગાપોરનો કબજો લેવા આવશે ત્યારે તે તમને સંભાળી લેશે.'

અને થોડી જ મિનિટોમાં છાવણી પર બ્રિટિશ વાવટો ફરકવા લાગ્યો. બરાકમાં મોટરો ભરીને કાગળો અને ફાઇલો આવ્યા કરી. તેને

પેટ્રોલથી સળગાવવામાં આવતી. આમ બે દિવસ ચાલ્યું. પછી તો અગત્યનો સામાન, માલમિલકત ફર્નિચર બધાંની હોળી કરવામાં આવી. તે વખતે બધા જ કેદીઓ પણ સ્ટોરરૂમોમાંથી અનેક વસ્તુઓ ચોરવા લાગ્યા. ચામડાની બૅગો, રેડિયો, ઘડિયાળો, કપડાં, સિગારેટ-લાઇટરો, ફાઉન્ટનપેનો વગેરે કેટલીક ચીજો બધા હિંદીઓએ વહેંચી લીધી. મનુને લગભગ સાડા ત્રણસો રૂપિયાનું સરસ ઘડિયાળ મળ્યું.

જાપાનીઝો ચાલી નીકળ્યા પછી બે દિવસો તો અરાજકતાના રહ્યા. સિંગાપોર શહેરમાં તો એવી સ્થિતિ હતી કે જાણે કોઇનું જ રાજ નહોતું. પરંતુ અહીં છાવણીમાં પરિસ્થિતિ તદ્દન સામાન્ય હતી.

એવામાં બ્રિટિશ સૈન્ય આવી પહોંચ્યું અને બધાને સિંગાપોરની ન્યુસન છાવણીમાં લઈ જવામાં આવ્યા. ત્યાં પાંચ હજાર હિંદી કેદી સૈનિકો એકઠા થયા હતા. ભાવનગરના એક સૈનિક ઘનશ્યામસિંહનો ત્યાં ભેટો થયો. એ ઘણું કરીને આઝાદ હિંદ ફોજમાં કર્નલનો હોદ્દો ધરાવતા હતા. ત્યાં બીજા પણ ગુજરાતી સૈનિકો હોવાનું આ ભાઇઓ જણાવે છે. કર્નલ ચૌધરીએ સૌનો વિધિપૂર્વક કબજો લીધો. વધુ રૅશનને કપડાં વહેંચ્યાં, તેમને મુક્ત જાહેર કર્યાં અને એક પછી એક જથાઓને વતન રવાના કર્યા. કાનજીએ માંડવી તાર પણ કર્યો હતો, પણ એ તાર કમનસીબે ક્યાંક અટવાઈ ગયો હતો. મદ્રાસ આવતાંવેંત જ કાનજી બહુ જ માંદો પડ્યો. તેને ઑસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને બાકીના આ બે જણને સરકારે છેક માંડવી પહોંચાડ્યા. સરકારે વાટખરચી પણ આપી હતી.

માંડવીમાં થોડા મહિના પછી શાહી નૌકાદળનું એક જહાજ બારામાં નાંગર્યું અને તેમાં તપાસ-અદાલત ભરવામાં આવી. દરરોજ સવારે સૈનિકો નાની હોડીમાં આવતા, એક કતાર ચાલતા અને કાનજી દામજી તથા મનુને લઈ જતા. આખો દિવસ કેફિયત નોંધાવી સાંજે તેઓ તેમને પાછા મૂકી જતા. ગામના લોકો ભયમિશ્રિત કુતૂહલથી જોયા કરતા. બીજા ખલાસીઓને પણ થયું કે આ ત્રણ જણને હેરાન કરશે. તપાસમાં ઝીણવટભરી વિગતો પૂછવામાં આવતી. આ પાનાંઓ પર તમે જે વાંચ્યું તેની ઝીણવટભરી પૂછપરછ એ હતી. જાપાનીઝ અમલદારો કોણ હતા, તેમનાં નામો, સબમરીનનો નંબર, કોણેકોણે ત્રાસ ગુજાર્યો હતો, નામ ખબર ન હોય તો તેનું વર્ણન વગેરે અનેકવિધ માહિતી એકઠી થઇ. આ ત્રણે જણ મનમાં ડરતા હતા. એમને થતું કે કદાચ ફરી પાછા યુદ્ધ-ગુનેગારોને ઓળખવા કે પકડવા મલાયા લઇ જશે, એટલે ઘણી વાર તો તેઓ અજ્ઞાન પ્રદર્શિત કરતા. આ લોકો પાસે એક જાપાની અફસરનો ફોટો પણ હતો, યુદ્ધની છાવણીના બૅરેકમાંથી લુટાએલો થોડો માલ પણ હતો; પરંતુ આ બધાંની વિગતો શાહી નૌકાદળને તેમણે આપી નહિ, અથવા આપી શક્યા નહિ.

આમ તો આ વાતને આજે બરાબર સત્તર વર્ષ વીત્યાં છે. સત્તર વર્ષ પહેલાં એક શિયાળાની રાતે તેઓ દુશ્મન સબમરીનનો ભોગ બન્યા હતા. કિશોર હતા છતાં દોઝખમાંથી જીવતા પાછા આવ્યા હતા. આજે તો બંને કિશોરો કૌવતના પ્રતીક જેવા જુવાનજોધ બની ગયા છે. કાનજી અને મનુ હજી ય દર વર્ષે ઈરાની અખાત, રાતા સમુદ્ર અને હિંદી મહાસાગરની ખેપ કરે છે. દામજી પોતાની ટ્રકો ફેરવે છે. ગુજરાતમાં સેંકડો પત્રકારો અને હજારો લેખકો છે, પણ એ બધામાંથી કોઈની નજરે તેઓ નથી ચડ્યા. અને તેનો તેમને અફસોસ પણ નથી. આવા અદ્ભુત રોમાંચક જીવનનો અનુભવ તેમને મન એક અણગમતી, છતાં સાદી ઘટના માત્ર છે.

મહાયુદ્ધના સમયમાં દરિયાલાલની સફરે ગએલા કચ્છમાંડવીના સવાસોથી વધુ ખલાસીઓમાંથી આ ત્રણ જ નસીબવંતાઓ વતનનાં ખોરડાં જોઈ શક્યા છે. બીજાઓનું શું થયું તે કોઈ જાણતું નથી, કોઈ જાણી શકશે પણ નહિ. કેટલા યે ટૉર્પિડોનો ભોગ બન્યા હશે, કેટલા યે અતાગ સાગરમાં જળસમાધિ પામ્યા હશે. કોઇ યુદ્ધછાવણીમાં ગોળીથી કે રોગથી અનામી શહીદ બન્યા હશે, કે કોઈ ભાગી છૂટેલાઓ અજાણ્યા ટાપુઓનાં વિકરાળ જંગલોમાં કે કોતરોમાં રઝળીરવડીને ભૂખમરાથી કાળને શરણ થયા હશે. કોણ આપણને તેમની વીતક કથાઓ કહેશે? એ બધા જ યુવાન નવલોહિયાઓ હતા. એમનાં હૈયાંમાં અનેક કોડ હશે. અંતિમ પળે તેઓએ આપણાં ગામોને, આપણી ધરતીને અને આપણી આસપાસ વસતાં ભાંડુઓને સંભાર્યાં હશે. એમની ભીની આંખોમાં માદરેવતન ગુજરાતનો સાગરકિનારો અને તેની ય પાર બેઠેલી મા, બેન, બાળકો અને પત્નીનાં પ્રતિબિંબો ઊઠ્યાં હશે, ગુજરાતી ભાષામાં વેદનાથી ભરેલી પ્રાર્થનાઓ તેમની જબાને ચડી હશે. એઓ તો ગયા, પણ આપણી સાગરવાટના હીરની યાદ જાળવવા આપણે શું કર્યું? એક માત્ર માંડવીએ જ યુદ્ધનું ખપ્પર આટલું ભર્યું તો ગુજરાતનાં પચાસ જેટલાં બીજાં બંદરોએ કેટલાં જાનમાલનો ભોગ આપ્યો હશે?

ગુજરાતની ધરતી પર વસતી પ્રજા તો ફરી પોતાને કામધંધે લાગી ગઈ છે. તેને ખબર પણ નથી કે સાગર પર પ્રભુત્વ ધરાવતી મહાવીર પ્રજાઓમાં ગુજરાતનું પણ થોડું આગવું અને મહત્ત્વનું સ્થાન છે, અને એ સ્થાનની કદરદાની માત્ર અરબ, અંગ્રેજ, ડચ કે જાપાની જેવી સાગરી પ્રજાઓ જ કરે છે. ગુજરાતના અગ્રણીઓનું ધ્યાન ભલે આ ગૌરવ તરફ ન ગયું હોય, તેને પ્રોત્સાહન આપવા માટેની કોઈ ગંભીર યોજના ભલે ન ઘડાઈ હોય, પરંતુ સમુદ્રનાં મોજાંઓ ઉપર તો ગુજરાતી ભાષા અમર છે. દરિયાનાં છોરૂઓ તો પોતાના લોહીનો વારસો પોતાની નવી પેઢી દર પેઢીને આપ્યા કરે છે: 'હોબ્બેસ...ધામણ આરિયા...'ના પડઘા તો સમુદ્ર છે ત્યાં સુધી સંભળાયા જ કરશે.

નાનાલાલ વસા

પરિશિષ્ટ

જાણીતા નવલિકાકાર ડૉ. જયંત ખત્રીએ માંડવીથી મુંબાઈ સ્વ. શ્રી. બકુલેશ પર તા. ૧૪-૧૦-'૪૫ને રોજ લખેલા એક પત્રમાંથી:

'I am writing this to you in the middle of the night... A sad fact has been hanging like an unwanted mist over the people for the last two and half years...Over a hundred souls including a few females and children were lost at sea during the war...most of them were sailors and dock-workers. They were supposed to be prisoners of war in Japanese hands. Innumerable mothers, wives, brothers and sisters as well as parents were waiting for news...news bad or good...

...A friend was resting on my deck-chair, reading papers, and while I washed my face, I heard a wail approaching. The tempo increased; and three crowds of women passed by my house weeping, wailing and beating their heads, snatching off heir ? and tearing their clothes...

...they had recived the news'...

સુધારો

ગયા અંકમાં એન.એમ ત્રિપાઠી કં.લિ.ની જાહેરખબરમાં Art map of indiaની કિં. રૂ. ૫-૦૦ છપાઈ છે તે સરતચૂક છે. ચાલુ કિં. રૂ. ૬ ૨૫ છે.

આ માસ(જાન્યુઆરી)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ-દિનવિશેષ-પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: સર ફ્રાન્સિસ બેકન

પ્રબોધક વિશ્વસાહિત્યમાં ઈસપની લોકકથાઓ જેટલો લોકાદર પામનાર, 'ડહાપણનો



ભંડાર' ગણાતા નિબંધોના લેખક, ને આજના જ્ઞાન-વિજ્ઞાનની ઘણીખરી શાખાઓની બુદ્ધિ પૂતનાની પ્રથમ કલ્પના કરનાર સર ફ્રાન્સિસ બેકનનો જન્મ આજથી ૪૦૦ વર્ષ પહેલાં, ઈ. ૧૫૬૧ની ૨૨મી જાન્યુઆરીએ લંડન ખાતે થયો હતો. 'લૉર્ડ કીપર આવ ધ ગ્રેઇટ સીલ' પણ સર નિકૉલસ બેકનનો તે સૌથી નાનો પુત્ર. ૧૫૭૩માં કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થઈ એણે ત્યાં ૧૫૭૫ સુધી અભ્યાસ કર્યો. પછીને વર્ષે તે ફ્રાન્સ ખાતેના અંગ્રેજ એલચીની સાથે પૅરિસ ગયો. ત્યાંથી ૧૫૭૯માં લંડન આવી 'ગ્રેઈઝ ઈન'માંથી ૧૫૮૨માં બૅરિસ્ટર થયો.

તેના વ્યક્તિજીવનનો મોટો ભાગ જ્યૂરિસ્ટ તરીકે રાજકારણમાં વીતેલો. તેની ૧૮ વર્ષની વયે વારસામાં નજીવી મૂડી મૂકીને તેના પિતા નિકૉલસ અવસાન પામ્યા, એટલે ફ્રાન્સિસે પોતાનું લક્ષ કાર્યરત જાહેર જીવન તરફ વાળ્યું. જોકે રાણી એલિઝાબેથના અમલ દરમ્યાન તો એ રાજકારણની પાર્શ્વભૂમિકામાં જ રહેલો. પ્રથમ તો પાર્લમેન્ટમાં પ્રવેશ કરીને તે રાણી એલિઝાબેથના અંતરંગ સાહાયક અર્લ ઑવ એસેક્સનો વિશ્વાસુ સલાહકાર બન્યો. પરંતુ એ પછી તેની વિશિષ્ટ રાજકીય પ્રતિભા પારખીને રાજા જેમ્સ પહેલાએ તેને 'સર'નો ઇલકાબ આપ્યો, અને એ પછી તો રાજકીય વાતાવરણમાં બેકને આતુરતાપૂર્વક ઝંપલાવ્યું. રાણી એલિઝાબેથને તેના પર વિશ્વાસ નહોતો, તેના તરફ કંઈક અણગમો પણ હતો. આથી તેને પોતાનો જાહેર વિકાસ કરવાની પૂરી તક તો એલિઝાબેથ પછીના જેમ્સ પહેલાના અમલ દરમ્યાન જ મળી. ૧૬૦૭માં તે સૉલિસિટર-જનરલ, ૧૬૧૩માં એટર્ની-જનરલ, ૧૬૧૭માં 'લૉર્ડ કીપર ઑવ ધ ગ્રેઇટ સીલ', અને ૧૬૧૮માં લૉર્ડ ચાન્સેલર બન્યો. એ જ વર્ષે તેને 'બૅરન વેરાલુમ' અને ૧૬૨૦માં 'વાઈકાઉન્ટ સેન્ટ આલ્બન્સ'ની પદવી એનાયત કરાઇ. લોકો પાસેથી ભારે લાંચ લેવાના આરોપસર ઈ. ૧૬૨૧માં ૪૦,૦૦૦ પાઉન્ડના દંડની સજા કરીને તેને જેલમાં પૂરવામાં આવ્યો હતો. પણ પાછળથી જેમ્સ પહેલાએ દંડની રકમ ભરપાઈ કરતાં તેને છોડી મૂકવામાં આવેલો. હવે ફરીથી જાહેર જીવનમાં તેણે સક્રિયપણે ઝંપલાવ્યું. એ જીવન હવે બહુધા રાજદ્વારી નહિ પરંતુ વિદ્યાવ્યાસંગી હતું. રેફ્રિજરેશનમાં ખોરાકને તાજો રાખવા સારુ કુદરતી ને કૃત્રિમ બરફના પ્રયોગો કરતાં લાગેલી શરદીમાં ૧૬૨૬ની ૯મી એપ્રિલે તેનું અવસાન થયું.

બેકન સંશોધનની આધુનિક વિદ્યાના મૂલસ્થાપક તરીકે ઓળખાય છે. જિજ્ઞાસા અને યથાર્થ જ્ઞાનની સમજૂતીની સંહિતા સમા તેના પુસ્તક 'નૉવમ્ ઑર્ગેનમ્' ('ધ ન્યૂ લર્નિંગ')માં તે પ્રકૃતિ અને તર્કવિદ્યાની ખામોશીભરી તાત્ત્વિક સમજણ આપે છે. 'નૉવમ્ ઑર્ગેનમ્' પહેલાં લખાએલા 'ન્યૂ ઍટલાન્ટિસ'માં તેણે પોતાના જીવનનું વિગતવાર ચિત્ર દોર્યું છે.

શેક્સપીઅરનાં નાટકો બેકને લખ્યાં છે એવો પણ એકસો વર્ષજૂનો એક મત છે, પરંતુ તે આધારભૂત ગણાતો નથી. ખરું જોતાં બેકન ને શેક્સપીઅરનાં લખાણોમાં વિચાર ને રજૂઆતનું એટલું તો સરખાપણું છે કે બેકનનું લખાણ શેક્સપીઅરે પોતે કર્યું હોવાની યે કોઈ કલ્પના કરે તો એ અજુગતી ન લાગે.

બેકનના સમયમાં તેના કરતાં વધુ બુદ્ધિશાળી પુરુષ બીજો કોઈ જ ન હતો. વિજ્ઞાનનો અભ્યાસ કરવાની આજની નવી પદ્ધતિનો તે અગ્રયાયી છે. લોકોને તેણે પહેલાં અવલોકન કરવાનું અને પછી કારણ અને અસરની પરીક્ષા કરવાનું શીખવ્યું. આમ તર્કશાસ્ત્ર-'લૉજિક'ની 'ઇન્ડક્ટિવ' શાખાને બેકને સર્વપ્રથમ લોકપ્રિય બનાવી. જ્ઞાનવિજ્ઞાનની નવનવીન અજમાયશીઓ અને આવિષ્કારો તરફ એ હમેશા સજાગ રહેતો. નૈતિક તત્ત્વજ્ઞાનથી સભર, બેકનના નિબંધો એ અંગ્રેજી સાહિત્યનો અમૂલો 'ડહાપણ-ભંડાર' ગણાય છે. તેનું 'ઍડવાન્સમેન્ટ ઑવ લર્નિંગ' ત્યારનો વિશ્વસંદર્ભકોશ કહી શકાય. માનવજાતિના સૌથી વધુ ડાહ્યા અને તેજસ્વી પુરુષ તરીકે બેકનની વિભૂતિનું આજે યે સંમાન થાય છે.

દિનવિશેષ

તા. ૨ વૅતિયા જાપાનીઓએ રશિયનોને હરાવી પૉર્ટ આર્થર પર વિજયધ્વજ ફરકાવ્યો, ૧૯૦૫.
તા. ૩ આલ્બુકર્કે કાલિકટ પર હલ્લો કરીને રાજા ઝામોરિનનો મહેલ સળગાવ્યો, ૧૫૧૦.
તા. ૫ વૈદક વિજ્ઞાન ને ઉદ્યોગોમાં ઘણી ઉપયોગી 'ક્ષ'કિરણોની શોધ પ્રો. રૉન્જને કરી, ૧૮૯૬.
તા. ૬ પોતે સ્થાપેલા સ્વરાજ્યને સમૃદ્ધ કરવા માટે શિવાજીએ સૂરત શહેર લૂંટ્યું, ૧૬૬૪.
તા. ૭ બળવાના આરોપસર છેલ્લા મુઘલ શાહાનશાહ બહાદુરશાહની દેશનિકાલી, ૧૮૫૮.
તા. ૮ ઇટાલીના મહાન પદાર્થ-વૈજ્ઞાનિક અને ખગોળશાસ્ત્રી ગૅલિલિયોનું અવસાન, ૧૬૪૨.
તા. ૧૦ વિશ્વયુદ્ધને અંતે, વિશ્વશાંતિ અર્થે જિનિવાના 'લીગ ઑવ નેશન્સ' ખુલ્લી મુકાઈ, ૧૯૨૦.
તા. ૧૫ બ્રિટિશ મ્યૂઝિયમ ખુલ્લું મુકાયું, ને જ્યૉર્જ બીજાએ શાહીપુસ્તકાલય ભેટ આપ્યું, ૧૭૫૯.
તા. ૧૭ પ્રસિદ્ધ અમેરિકન રાજદ્વારી પુરુષ ને તત્ત્વજ્ઞ બેન્જામિન ફ્રાન્કલિનનો જન્મ, ૧૭૦૬.
તા. ૨૧ રશિયાના જ્યોતિર્ધર વ્લાદિમિર ઇલિચ ઉલિયાનૉફ લેનિનનું અવસાન, ૧૯૨૪.
તા. ૨૮ જર્મનાનો સરમુખત્યાર શાસક ઍડૉલ્ફ હિટલર તેનો 'રીશ ચાન્સેલર' નિમાયો, ૧૯૩૩.
તા. ૩૧ બીજા વિશ્વયુદ્ધને અંતે રશિયામાં સ્ટૅલિનગ્રાડ ખાતે જર્મનોની શરણાગતિ, ૧૯૪૩.

પ્રસંગવિશેષ: યુરોપમાં ઇસ્લામી રાજ્યનો અંત · ૨જી જાન્યુઆરી ૧૪૯૨

યુરોપમાં એક વાર સ્પેનથી માંડી પૉર્ટુગાલ અને ફ્રાન્સ સુધી વિસ્તરેલું અરબોનું ઇસ્લામી રાજ્ય પછી સ્પેનની દક્ષિણે ગ્રૅનૅડાના વિશિષ્ટ રાજ્ય પૂરતું જ મર્યાદિત રહ્યું, ને આસપાસનાં ખ્રિસ્તી રાજ્યોમાં પ્રવર્તતા કલહ અને કુસંપને કારણે ૨૦૦ વર્ષ જેટલા લાંબા ગાળા સુધી ટકી રહી શક્યું. પરંતુ ૧૪૬૯ની સાલમાં બે જુદાંજુદાં ખ્રિસ્તી રાજ્યોનાં રાજ્યકર્તા ફર્ડિનાન્ડ અને ઇસાબેલાનું લગ્ન થતાં બીજાં ક્રિસ્ટાઈલ, ઍરેગાન ને લિયૉનના એ ખ્રિસ્તી રાજ્યોયે સંગઠિત બની ગયાં, અને તેમણે મળીને ગ્રૅનૅડાના અરબ રાજ્ય પર ઘેરો ઘાલ્યો. ગ્રૅનૅડાના આ યુદ્ધમાં અરબો ઘણી બહાદુરીથી લડ્યા, પરંતુ ચોપાસથી સબળપણે ઘેરાએલા હોઇને તેઓ દુશ્મનો સામે વધુ વખત ટકી શક્યા નહિ અને ૧૪૯૨ની ૨જી જાન્યુઆરીએ તેમને તાબે થવું પડ્યું; અને આમ યુરોપ ખાતેના છેલ્લામાં છેલ્લા એ ઇસ્લામી રાજ્યનો અંત આવ્યો. હવે કેટલાક અરબો આફ્રિકા ચાલ્યા ગયા, અને સ્પેનમાં જે બીજા સંખ્યાબંધ અરબો રહેલા તેમને ખ્રિસ્તી રાજકર્તાઓ તરફથી રક્ષણનું વચન અપાયું હોવા છતાં તેમની કતલ કરવામાં આવી!

> નર કી અરુ નલ-નીર કી, એક હી ગતિ દિખાઈ;
> જેતા નીચો થા ચલે, તેતા ઊંચો હોય.
>
> —વૃન્દ

એક મિત્રના વનપ્રવેશની પાર્ટીમાં જઈને સાહિત્યકાર હ્યૂગો ગયો ત્યારે પેલો મિત્ર ઉદાસ ચિત્ત બેઠો હતો. ઢીલે સાદે તે બોલ્યો : 'મને ચાળીસ પૂરાં થયાં ત્યારે જ ધ્રાસ્કો તો પડ્યો હતો; પણ હવે આ તો ખમાતું જ નથી.'

'કેવી વાત કરે છે, મારા ભાઈ!' બુઢ્ઢો હ્યૂગો આંખો ચમકાવતો બોલ્યો: 'ચાળીસ એ જુવાનીનું ઘડપણ ગણાય; પણ આ પચાસ તો ઘડપણની જુવાની કહેવાય!'

ગણિતગમ્મત

૭ નો વર્ગ		૪૯
૬૭	,,	૪૪૮૯
૬૬૭	,,	૪૪૪૮૮૯
૬૬૬૭	,,	૪૪૪૪૮૮૮૯

અને એ પ્રમાણે આગળ

અનેકાર્થી શબ્દ : ખોડ=શારીરિક ખામી; ઓછાપણું, ખોટ કે ખામી; કસૂર; એબ કે ખરાબ આદત; કલંક; કમનસીબ ક્ષણ; અભિમાન; ચંદનનો મોટો કટકો; પ્રદેશ, વિભાગ; દુઃખ, પીડા; દૈવી કોપ; રોગ; વાંકાપણું; ખોખું; ઘાણી માંહેનું જમીનમાં રહેતું લાકડું -લઠ; જાડું લાકડું; ઠૂંઠું; સોનું; ખોડું, લંગડું; ઘાંચીની ઘાણી જેવું; જડ જેવું; ઠૂંઠા જેવું; જાડું; પહોળું; ઘણું જ બહેરું; મોંમાથા વગરનું.

એક ડોલ પાણીમાંથી સો ચોરસ માઈલના વિસ્તારની ને પચાસ ફૂટ ઊંડી ધુમ્મસ નિપજે.

કહેવતોના અર્થ: 'વાડ, થઈને ચીભડાં ગળે'–ચીભડાંનો વેલો વાડના આધારે જ ચડે છે એ હકીકતને રૂપક તરીકે યોજીને બોલાતી આ સચોટ કહેવતનો ભાવાર્થ સ્પષ્ટ છે. જેને આધારે કે ટેકે, યા વિશ્વાસે કે ભરોસે માણસ રહ્યો હોય તે જ એ ભરોસાનો ભંગ કરીને નુકસાન પહોંચાડે, અગર પ્રામાણિક ગણેલો વેપારી કાળાં બજાર કરે, યા શ્રીમંત જ ગરીબોને ગળે છરી ફેરવે, રક્ષક જ જ્યારે ભક્ષક બને ત્યારે વપરાતી આ કહેવત જ્ઞાની કવિ અખાએ પોતાના એક છપ્પામાં આવાં જ બીજાં ચાર રૂપકો સાથે યોજી છે. તે છપ્પો આ પાના પર સામે આપ્યો છે.

પ્રાણીઓના ઊઠવામાં પણ ફરક હોય છે. ગાય ઊઠતી વખતે પાછલા પગ પહેલાં ઉપાડે છે, જ્યારે ઘોડો આગલા પગ પહેલાં ઉપાડે છે.


સોનાની તંતુશક્તિ એટલી બધી છે કે એક રતલમાંથી ૯૦૦ માઇલ જેટલો તાર નીકળે.

ચોમાસું વીત્યા પછી આપણે છત્રીઓને ગોળ વીંટાળી લઇ સખત રીતે પૅક કરી મૂકીએ છીએ, પણ એ ભૂલ છે. એમ સખત રીતે વીંટાળી મૂકવાથી કપડું ખરાબ થઈ જાય છે અને તેની ઘડ આગળથી ચીરા પડી ફાટે છે.

બારી-કબાટના કાચ હવે સાફ કરો ત્યારે કપડા પર થોડો સરકો છાંટી સાફ કરી જોજો; અને પછી ચમક જોજો.

> વાડ થઇને ચીભડાં ગળે,
> સાંધી વસ્તુ ક્યાંથી મળે?
> ખળું ખાતું હોયે જો અન્ન
> તો જીવે નહિ એકે જન
> કલ્પવૃક્ષ જો ફેરી ખાય
> તેનો ચોર ન પેદા થાય.
> નવાણુ પીતું હોયે નીર
> જીવજંતુ કેમ ધરે શરીર?

વીંટી વગેરે દાગીના ઉપરના નંગ સાફ કરવા માટે ચોખ્ખુ કોલનવૉટર બસ છે. પછીથી શામ્વા લેધર વડે સાફ કરી લેજો.



કલાકણિકા : પેટી-ઈસ્કોતરાનાં મિજાગરાં, સાંકળ અને આંકડાઓમાં પણ માણસ કલા કરે છે! મધ્યયુગીય લંકાના કારીગરોની એવી થોડી વાનગી આ ઉપર આપી છે.



૪૬.૫ સેકંડમાં ૪૪૦ વાર દોડવાનો વિક્રમ કરનાર ગયા વર્ષનો અગ્રણી ભારતીય મર્દાની ખેલાડી મલ્કાસિંગ